
સાધુવેશમાં એક પથિક

# પથિક પ્રશ્નોત્તરી

શ્રી ગોર



પરમ પૂજ્ય બ્રહ્મલીન સ્વામી પથિકજી મહારાજ

સાધુવેશમાં એક પથિક

# પથિક પ્રશ્નોત્તરી

(સાધુવેશમાં એક પથિકની અનુપમ કૃતિ)

અનુવાદ : શ્રી ગોર


શ્રી ગોર આશ્રમ

મુ.પો. ખરેડા, તા. જી. મોરબી, (ગુજરાત) પીન : ૩૬૩ ૬૪૧

e: shreegorji@yahoo.com

# પથિક પ્રશ્નોત્તરી

પ્રથમ આવૃત્તિ : ૧૦૦૦
વર્ષ-૧૯૯૬

દ્વિતીય આવૃત્તિ : ૧૦૦૦
વર્ષ-૨૦૧૪

મૂલ્ય : **સદ્‌ભાવના**



પ્રાપ્તિ સ્થાન :

**શ્રી ગોર આશ્રમ**

મુ.પો. ખરેડા, તા. જી. મોરબી, (ગુજરાત)
પીન : ૩૬૩ ૬૪૧
e: shreegorji@yahoo.com

## મારા થોડાક પ્રશ્નો છે. તમે ઉત્તર દેશો ?

એક બાળક જે કાંઈ પણ જુએ છે. એના વિષયમાં પ્રશ્ન કરે છે. કોઈપણ લોભી પોતાના લાભ ખાતર પ્રશ્ન કરે છે. એક પોલીસ ઇન્સ્પેક્ટર પણ ચોરને પ્રશ્ન કરે છે. એક જજ ન્યાય કરવા પ્રશ્ન કરે છે. એક શિક્ષક વિદ્યાર્થીની જાણકારી માટે પ્રશ્ન કરે છે. એક વિદ્ધાન પોતાની યોગ્યતાનાં પ્રદર્શન માટે પ્રશ્ન કરે છે. એક શિષ્ય પોતાના અજ્ઞાનની નિવૃત્તિ માટે પ્રશ્ન કરે છે.

તમો પ્રશ્ન કરવાની સાથે જ નિર્ણય કરી લો કે તમો શું બનીને કોને પ્રશ્ન કરી રહ્યા છો? જો પ્રશ્ન કરતા પહેલા જ તમે જાણી લીધું હોય કે ઉત્તર દાતા વિદ્ધાન હોવાની સાથે અનુભવી પણ છે. અર્થાત શાસ્ત્રવેત્તા તો છે જ આત્મવેતા પણ છે, તો તમારા હૃદયમાં પૂર્ણ શ્રદ્ધા સાથે પ્રશ્ન હશે અને શ્રદ્ધાવાન જ યથાર્થ જ્ઞાનનો અધિકારી હોય છે.

તમો પ્રશ્ન કરતા પહેલા જ એ નિર્ણય કરી લો કે કાંઈક વાંચીને પ્રશ્ન ઉઠી રહ્યા છે કે અહીં-તહીંથી કાંઈક સાંભળવાથી ઉઠી રહ્યા છે. કે કાંઇક જોઈને પ્રશ્ન ઉઠી રહ્યા છે. જે પણ પ્રશ્ન છે. એનો સંબંધ જીવનથી છે યા સાધનાથી છે, પરમાર્થથી છે કે દેહાદિક વસ્તુઓથી છે, તમો અજ્ઞાનથી દુઃખી થઈને પ્રશ્ન કરી રહ્યા છો કે પંડિતાઈના અભિમાનમાં પ્રશ્ન કરી રહ્યા છો. શ્રદ્ધાપૂર્વક પ્રશ્નો ઉઠી રહ્યા છે કે અશ્રદ્ધા તથા કુતર્કથી પ્રેરિત થઈને પ્રશ્ન બની રહ્યા છે. વાસ્તવમાં

સાત્વિક સુદ્રઢ શ્રદ્ધા દ્વારા થતા પ્રશ્નોથી સમ્યક્ જ્ઞાનમાં યથાર્થના દર્શન થાય છે. શ્રદ્ધારહિત વ્યક્તિમાં તત્પરતા નથી હોતી, ઇન્દ્રિયોનો સંયમ નથી હોતો, અહંકારમાં અભિમાનની પ્રબળતા રહ્યા કરે છે.

**મારી અંદર પ્રશ્ન કેમ ઉઠે છે ?**

ઈન્દ્રિયો દ્વારા જે કાંઈ પ્રતિત થાય છે. એ જ્ઞાનથી જ્યારે સંતોષ નથી થતો ત્યારે યથાર્થ જ્ઞાનમાં સત્યદર્શન થાય એ માટે, અજ્ઞાન નિવૃતિ માટે પ્રશ્ન ઉઠે છે.

**સત્ય ધર્મનું જ્ઞાન કેવી રીતે થાય ?**

સત્ય અથવા ધર્મને જાણતાં પહેલા જે સત્ય ધર્મ નથી એ જાણી લો, કારણકે એ જ તમે પકડેલ છે. સત્ય ધર્મના વિષયમાં શાસ્ત્રો અને વિદ્ધાનો પાસેથી તમે વિસ્તૃત રૂપે જાણી શકો છો, પરંતુ સત્ય ધર્મની સ્વતંત્ર અનુભૂતિ માટે સ્વયંમાં શાંત સ્થિર થવું જરૂરી છે.

**ધ્યાન યોગી, જ્ઞાનયોગી થવા માટે શું ઉપાય છે ?**

જ્યારે ધ્યાન તથા જ્ઞાનનો ભોગ નથી થતો ત્યારે તે જ યોગનાં સાધન બની જાય છે.

જ્યારે જ્ઞાન તથા ધ્યાનનો ઉપયોગ સાંસારિક સુખ અથવા સુખદ વસ્તુઓની પ્રાપ્તિ માટે અર્થાત્ ધન, માન, સંયોગ માટે કરવામાં આવે છે, ત્યારે તે ભોગનું સાધન બને છે.

અને જ્યારે ધ્યાન તથા જ્ઞાનનો ઉપયોગ સ્વયંને જાણવા માટે તથા સ્વયંમાં જ સત્યની અનુભૂતિ માટે થાય છે. ત્યારે તે યોગ સિદ્ધિનું સાધન બની જાય છે.

## ધર્મ પૂર્ણતાની સહજ સાધના કઈ ?

ભિન્ન વસ્તુઓનો આશ્રય છોડીને સ્વયંમાં શાંત થવું એ ધર્મની સાધના છે. સંકલ્પરહિત, શાંત અને અભિમાન શૂન્ય થઈને ચૈતન્યજ્ઞાનમાં જાગૃત રહેવું એ ધર્મની સાધના છે. જે પશુ પ્રકૃતિથી પ્રભુ સુધી લઈ જાય તે ધર્મની સાધના છે.

## અમને ધર્મનું જ્ઞાન હોવા છતાં શાંતિ કેમ નથી ?

જો ધર્મ માત્ર વિચારમાં જ હોય તો વ્યર્થ છે. જો ધર્મ શાસ્ત્રોનાં શબ્દોમાં કંઠસ્થ હોય તો નિષ્પ્રાણ છે. જો ધર્મ ઉપદેશાત્મક શબ્દોમાં જ હોય તો નિષ્ક્રિય છે. ધર્મ અંતર હૃદયમાં હોઈ આચરણમાં હોય ત્યારે શાંતિપ્રદ છે. ધર્મનું જ્ઞાન અહંકારને થાય છે અને અહંકારનું જ્ઞાન ધર્મમાં થાય છે. જ્ઞાનમાં ધર્મને જુઓ ત્યારે શાંતિ મળશે.

## ભગવદ્ ભજનની ઈચ્છા હોવા છતાં પણ કેમ નથી કરી શકતા?

ભજનની ઈચ્છાથી સુખ ઉપભોગની ઈચ્છા વધુ પ્રબળ હોવાથી ભજન નથી કરી શકતા. ભગવદ્ પ્રાપ્તિની

અભિલાષા પ્રબળ થયે સુખ ઉપભોગની ઈચ્છા આપમેળે શાંત થઈ જાય છે. ભગવદ્ પ્રાપ્તિની અભિલાષા ત્યારે જ પ્રબળ થાય છે જ્યારે બુદ્ધિયોગ દ્વારા સુખ–ઉપભોગનું પરિણામ દુઃખ ભોગવ્યા પહેલા જ દેખાવા લાગે છે. અને આથી ભોગમાં નષ્ટ થનારા સમય અને શક્તિનો સદુપયોગ બીજાની સેવામાં થાય છે.

કોઈપણ પ્રકારનું બળ હોય, બળનો ભોગ કરવાવાળો અભિમાની બની જાય છે. અભિમાની વ્યક્તિ ભગવદ્–ભજન નથી કરી શકતો. બીજાની સેવામાં બળનો સદુપયોગ કરવા વાળાનું અંતઃકરણ શુદ્ધ થાય છે, જેથી તે સમસ્ત બળોના સ્વામીને જાણે છે, અને આથી યોગની અભિલાષા ઉત્પન્ન થાય છે.

**યથાર્થ ભજન ક્યુ ?**

જે સેવાથી અથવા જે કિર્તન, સ્મરણ, ભજન, ધ્યાનથી વૃતિ ભગવદ્કાર થઈ જાય તે જ યથાર્થ ભજન છે.

**મનમાં જે ઘર–પરિવાર ભરાઈ ગયેલ છે. તેને કઈ રીતે કાઢવા ?**

તમો જેને પ્રીતિપૂર્વક પોતાનું માની લો છો, અથવા જેનાથી દ્વેષ કરો છો તે અંદર ભરાઈ જવાનું, તેથી પોતાનું કાંઈ પણ ન માનો. જે કાંઈ છે, તે બધુ પરમ પ્રભુ દ્વારા મળેલું છે. એમ

જાણી શક્તિ, સંપત્તિ અને યોગ્યતા દ્વારા સંબંધીની સેવા કરતા રહો. માત્ર પરમાત્માના પ્રેમથી જ ભરેલા રહો.

**કાંઈ પણ સદાય નથી રહેવાનું એ જાણવા છતાં પણ મોહ લોભ કેમ નથી છૂટતો ?**

જાણવાનું બુદ્ધિ દ્વારા થાય છે. જ્યારે પોતાના માનીને લોભ–મોહ કરવો એ મન દ્વારા થાય છે. જે વ્યક્તિ પોતાની માની લીધેલી વસ્તુઓ, વ્યક્તિઓ તથા સંપત્તિ દ્વારા પોતાની ઈચ્છાપૂર્તિ કરતા કરતા સુખાસકત રહે છે. તે લોભ –મોહથી નહીં છૂટે. ભોગી રહેતા રહેતા લોભ–મોહ ન છૂટે.

**આધિ, વ્યાધિ, ઉપાધિનો શું અર્થ છે. ?**

મોહ, લોભ, તૃષ્ણા, ઈર્ષ્યા, દ્વેષ, કામ વગેરે માનસિક વિકારોને આધિ કહે છે. આધિ ને પરિણામે થનારા શારીરિક રોગોને વ્યાધિ કહે છે.

અજ્ઞાનને લીધે પોતાને કાંઈ ને કાંઈ માનતા રહેવાની, કાંઈક બનતા રહેવાની વૃતિને ઉપાધિ કહે છે.

**આધિ, વ્યાધિ, ઉપાધિથી છુટકારો કઈ રીતે મળે ?**

વિનાશી સાથેના સંબંધ અભિમાનથી આધિ ઉત્પન્ન થાય છે. જે કોઈ તન, મન, બુદ્ધિ દ્વારા સંસારમાંથી કાંઈ મેળવવાની ઈચ્છા રાખ્યા વિના વગેરે તેના સંબંધનો દ્રષ્ટા બની જાય છે. તે આધિથી મુક્ત થાય છે. જે વ્યક્તિ મળેલી

વસ્તુઓ, વ્યક્તિઓ તથા વ્યવસ્થાઓનો ઉપભોગ ન કરતા નિષ્કામ રહીને આ બધા દ્વારા બીજાનું હિત સંયમપૂર્વક સાધ્યા કરે છે. તે વ્યાધિથી છૂટી જાય છે. જે વ્યક્તિ પોતાનાથી ભિન્ન છે. તેને પોતાનું ન માનીને અસંગ રહે છે. અને સ્વરૂપમાં સ્થિર બુદ્ધિ દ્વારા નિરંતર શાંતિનો અનુભવ કરે છે. તે ઉપાધિથી મુક્ત રહે છે.

## શું કર્મોના ફળથી બચી શકાય છે ?

અમુક કર્મ ભોગ તપથી કપાઈ જાય છે. અમુક કર્મના ફળ સુપાત્રને વિધિવત્ દાન કરવાથી પણ શાંત થઇ જાય છે. અમુક કર્મના ફળ ધ્યાન ભજનથી પણ ઘટી જાય છે.

અમુક કર્મના ફળ ભોગવ્યે જ છૂટકો.

જે કાંઈ વારંવાર બન્યા કરે છે. એનો અભ્યાસ દ્રઢ થઇ જાય છે. હું દેહ છું, મન મારું છે, આનો અભ્યાસ પણ દ્રઢ થઇ ગયો છે. આ રીતે જડ દેહ એ હું નથી, આ મારું નથી, જે કાંઈ સંસાર થકી મળ્યું છે તે બધા સાધન છે. કાંઈ પણ પોતાનું નથી, પોતાના માટે નથી એવો અભ્યાસ દ્રઢ થવાથી કર્તાપણું મટે છે. જે કર્તા નથી બનતો તેને ભોગવવું નથી પડતું.

## સાધના કરવાની શક્તિ ન હોય ત્યારે શું કરવું ?

સાધના કરવાની શક્તિ બધા સાધકોમાં હોય જ છે. પણ સિદ્ધિની પ્યાસ પ્રબળ નથી એટલે જે શક્તિથી સાધનામાં

સિદ્ધિ મળી શકે એ જ શક્તિ ધન અથવા ભોગ અથવા માનની ઝંખનામાં વેડફાઈ રહી છે.

**અમે ભોગોથી વિરક્ત થવા ઈચ્છીએ છીએ, છતાં કેમ નથી થઈ શકતા ?**

તમો પ્રતિકૂળતાનું દુઃખ આવ્યે ઉપર છલ્લા મનથી વિરક્ત બનવા ઈચ્છો છો પરંતુ અંદર ને અંદર તો ભોગથી મળનારા સુખોની આસક્તિ અકબંધ રહે છે. આસક્તિ જ વિરક્ત થવા નથી દેતી.

**વિરક્ત થવા માટે ઘર – પરિવાર, સંપત્તિનો ત્યાગ કરવો જોઈએ કે નહિ ?**

બાહ્ય ત્યાગથી વિરક્તિ નથી થતી, ધર્મના આચરણથી થાય છે. જ્યારે મનમાં કોઈ પણ પ્રકારના સાંસારિક સુખો પ્રત્યે આકર્ષણ નહિ રહે ત્યારે વિરક્તિ થશે. જે અહંકાર આસક્ત રહે છે, તે અહંકાર જ વિરક્ત બને છે. અને આસક્તિની જેમ જ વિરક્તિનો પણ ભોગી બને છે.

**મૂર્ખના લક્ષણો કયા છે ?**

જે સ્વયંને ખોઈને ઈન્દ્રિયોનું સુખ, શરીરનું માન અને ધન મેળવવાની ધૂનમાં છે તે મૂર્ખ છે. જે પરિણામ જોયા વિના જ ખાતાં–પીતાં, હસતાં–બોલતાં અહંકારને સંતુષ્ટ કરે છે, તે મૂર્ખ છે.

જે બુદ્ધિની સંમતિ ગણકાર્યા વિના મનમાં જે આવે એ કરે છે, તે મૂર્ખ છે.

જે સમજાવવા છતાં પણ નથી સમજતો ઉલટું સમજાવવા વાળા વિદ્વાનને સમજાવવા માંગે છે તે મૂર્ખ છે.

## મૂઢ કોણ છે ?

જે શરીરમાં, ધનમાં, માનમાં અને ભોગ સુખોમાં અટકી જાય છે અથવા વિદ્યામાં, પદ અધિકારમાં, વિનાશી વૈભવ ઐશ્વર્યમાં અટકી જાય છે. તે મૂઢ છે.

જે ધર્મને, સત્યને, સદાચારને જાણે છે છતાં આચરણમાં નથી મુકતો તે મૂઢ છે.

જે અનેક વિપદાઓ ભોગવવા છતાં પણ સ્વરૂપની સંપદા નથી ખોળતો તે મૂઢ છે.

## સાચા સંત સદગુરૂને કઈ રીતે ખોળવા ?

સાચા સંતને ખોળવામાં પરાધીનતા છે પરંતુ સાચા સંત થવામાં સ્વતંત્રતા છે. તમે જેવા તપસ્વી, ત્યાગી સંત મહાત્મા ઈચ્છો છો એવા તમે ખૂદ પોતે કાં નથી બની જતા ? કોઈ પણ અસાધુ, અસંત, લેભાગુ મહાત્માના સહારે તમે સાચા સાધુ સંત મહાત્મા બની શકો છો. કોઈ સાધુ સંત મહાત્મામાં જે કમી જે દોષ તમને દેખાય તે તમારામાં ન રહેવા દયો. બીજાના દોષ તમે દૂર નથી કરી શકવાના, ઉલટું

બીજાના દોષો જોતા જોતા તમે દોષી બની જશો. જ્યારે તમો તમારા પોતાના દોષ છોડવા સ્વતંત્ર છો, માટે ખુદ નિર્દોષ સંત થઇ જાઓ.

## કોઈના દોષ અને પાપ કર્મ બીજા લોકોની સમક્ષ પ્રગટ કરવા જોઈએ કે નહીં ?

જો તમે ખુદ તમારા પોતાના દોષ અથવા છૂપાઈને કરેલા પાપ બીજા લોકોની સમક્ષ પ્રગટ ન કરતા હો, તો બીજા કોઈના પાપ પણ પ્રગટ ન કરો.

## કોઈના દોષ અથવા પાપ પ્રગટ કરવાથી શું દોષ તથા પાપ પ્રવૃત્તિ ઓછી ન થાય ?

કોઈની બીકથી જે પાપ યા દોષ ઓછા થઇ જાય છે તે થોડો સમય જતા પાછા વકરે છે. ભયથી ચોરી, વ્યભિચાર, પાપ પ્રવૃત્તિ વગેરે દબાઈ જાય છે, મટતી નથી.

## શું બીજાના દોષ કે પાપને પ્રગટ જ ન કરવા ?

જે વિધિથી પોતાના શરીરનાં તાવ, ગુમડા, ઘાવ વગેરે પ્રગટ કરો છો એ જ વિધિથી બીજાના પાપ દોષ પ્રગટ કરો, તો તો વાંધો નથી, તમો શરીરના દોષ મટાડવા માંગો છો પણ શરીરને તો પોતાનું જ માનો છો અને પ્યાર કરો છો, એ જ રીતે બીજાના દોષ–પાપનો ઉપચાર કરો પણ દોષી–પાપીની ઘૃણા ન કરો, એની નિંદા ન કર્યા કરો.

## શું સાધુ મહાત્મા બીજાના દોષોને પ્રગટ નથી કરતા ?

પ્રાયઃ સંત સાધુ દોષોને પ્રગટ કરતા હોય છે પરંતુ દોષી વ્યક્તિને પ્રગટ નથી કરતા, અર્થાત્ પાછળથી નિંદા નથી કરતા. દોષીની સમક્ષ જ દોષોને પ્રગટ કરવા એ એના હિત માટે જરૂરી છે. કોઈની પાછળથી નિંદા એ જ કરે છે જે અભિમાની, લોભી, મોહી, કામી, દ્વેષી હોય છે. યથાર્થ પ્રેમમાં સંતુષ્ટ નિષ્કામ પુરુષ અહિંસક હોય છે, તે નિંદક નથી હોતો. આસુરી વૃતિઓને સ્થાન દીધા વિના આવો પુરુષ શાંત, સમસ્થિત અને સ્વસ્થ રહેતો હોય છે.

## પરિવાર તથા સમાજમાં સુધારા માટે સરળ ઉપાય શું છે ?

તમે પોતાને જ એટલા સુધારી લો કે પરિવાર તથા સમાજનાં સભ્યો પોતે જ તમારા સુધરેલા જીવનને જોઈને એ જ રીતે પોતાના જીવનને સુધારવા ખુદ પોતે જ દ્રઢ સંકલ્પ બને.

અનેક સજજનો પરિવાર તથા સમાજમાં એટલા માટે સુધારો ઈચ્છે છે કારણ કે એમને અનુકૂળતાના ભોગમાં અડચણ પડે છે. અનુકૂળતાનાં ભોગી સુધારક નથી હોતા. સુધારક એ જ થઈ શકે જે શક્તિ, સંપત્તિ તથા યોગ્યતા અધિકારથી સંપન્ન હોય તથા શક્તિ, સંપત્તિ અને યોગ્યતાનો ભોગમાં દુરુપયોગ ન કરતો હોય. માત્ર એ ભોગી નથી હોતા, જે આત્મામાં જ તૃપ્ત હોય. લોભ, મોહ, અભિમાન, કામનાઓ, આસક્તિઓ ઈત્યાદી હજી અંદર હોય એવી વ્યક્તિ સુધારક સેવક થઈ જ ન શકે.

**લોભ–મોહ વગેરે દોષો હોય તો શું બીજાના સુધારા માટે અમે કાંઈ ન કરી શકીએ ?**

હજારો મનુષ્ય – લોભ, મોહ, અભિમાન અંદર હોય અને જે કોટિના સેવક સુધારક છે, એ કોટિના તમે પણ થઈ શકો. આવા પ્રકારનાં સુધારકો સેવકોથી સમાજમાં અશાંતિ જ વધે છે, સંઘર્ષ જ ઊભો થાય છે.

**પરમાત્માને કયા નામથી સ્મરીએ ?**

અજ્ઞાનમાં વિસ્મૃતિ થઈ છે, માત્ર જ્ઞાનમાં સ્મૃતિ થઈ શકે છે, નામ સ્મરણમાં અભ્યાસની પ્રધાનતા છે. પરંતુ પરમાત્માનું સ્મરણ જ્ઞાનમાં જ સંભવ છે. નામ સ્મરણમાં મન ડૂબે છે. જ્યારે પરમાત્માની સ્મૃતિમાં સ્મરણ કરવાવાળો સ્વયં જાગૃત હોય છે.

**સત્સંગને દુર્લભ બતાવેલ છે, તે સુલભ કઈ રીતે થાય ?**

જેને અસત્ સંગ સુલભ દેખાય છે. એને જ સત્સંગ દુર્લભ પ્રતિત થાય છે. કામીને અસત્ સંગ સુલભ છે, સત્સંગ દુર્લભ છે, જે કામથી વિમુખ થઈને રામની સન્મુખ થાય છે એને માટે રામકૃપાથી સત્સંગ અતિ સુલભ છે. દેહ આદિ વિનાશી વસ્તુઓનો સંગ જ અસત્ સંગ છે. વિશુદ્ધ ચેતન સ્વરૂપ આત્માનો સંગ એ જ સત્સંગ છે. અસત્થી વિમુખ થતા જ સત્સંગ નિરંતર સુલભ છે.

## જોયા વિના પરમાત્માને પ્રેમ કઈ રીતે કરવો ?

સ્વતંત્ર થઇ જાઓ, સ્વતંત્ર થવા માટે બીજાનાં દ્રષ્ટા બની સ્વયંને જુઓ. સ્વયંમાં જ પોતાના પ્રેમાસ્પદ પ્રભુથી પ્રીતિ કરો. સ્વયંમાં જ પરમ પ્રભુ પ્રતિષ્ઠિત છે એ અનુભવો. પોતાની અંદર જે સત્તા છે, જે ચેતના છે, જે પણ સદ્‌ગુણ છે, જે જ્ઞાન છે, જે કાંઈ રૂપે પણ પ્રેમ છે. તે પરમ પ્રિયતમ પ્રભુનાં જ સમજીને પરમાત્માને અતિ નજદીક બધી વિશેષતાઓના રૂપમાં હાજરાહજૂર જોતા રહો. ધ્યાનમાં અહંકારને જોતા રહો. જ્યારે અહંકાર જ્ઞાન દ્વારા અભિમાન શૂન્ય થાય છે ત્યારે પ્રેમથી પૂર્ણ થાય છે. જ્યારે અહંકાર પોતાને નાનકડા ચેતનબિંદુ રૂપે અનુભવે છે ત્યારે તે અગાધ સિંધુમાં વિશ્રામ પામે છે.

પ્રેમ વિરાટ બ્રહ્મ સ્વરૂપ છે. અહં એમાં જીવાણું રૂપે છે. જે અહંકાર પોતાના માટે જ જીવે – મરે છે, તે જ અહંકાર પ્રેમમય થયે બધા માટે જીવતા જીવતા મૃત્યુનાં ભયથી મુક્ત થઇ જાય છે. અજ્ઞાનમાં જે કાંઈ જોઈ રહ્યા છો. એના મોહી, લોભી, કામી બની ગયા છો. જ્ઞાનમાં એને જુઓ, જેના દ્વારા બધુ જુઓ છો, જાણો છો તથા માનો છો  તેને જોતા જ તેના પ્રેમમાં તન્મય બની જાઓ.

## અમે પાપથી બચવા માંગીએ છીએ, છતાં પણ કોઈ પાપ કરાવી દે છે... ?

તમો ધર્મ જ્ઞાનયુક્ત બુદ્ધિ દ્વારા પાપથી બચવા ઈચ્છો છો

પરંતુ સુખ આસક્ત કામી મનનાં સંગથી પાપ કર્મ કરતા રહો છો. પાપ કોઈ બીજા નથી કરાવતા. આ અહંકાર જ પ્રભુથી વિમુખ થઈને કામના પૂર્તિથી તૃપ્ત થવા માટે મનનાં સંગ વડે પાપમાં પ્રવૃત થાય છે.

## ગુરુમંત્ર કોને કહે છે ?

જેને ધારણ કરવાથી લઘુતા દૂર થઇ જાય અને ગુરુતા આવી જાય તે ગુરુમંત્ર છે.

## ગુરુ એક હોવા જોઈએ કે અનેક ?

ગુરુ એક જ હોય છે. એમનું સ્વરૂપ જ્ઞાનમૂર્તિ છે. દેહમૂર્તિ નહીં. જ્ઞાનમૂર્તિ ગુરુનાં જ્ઞાન– પ્રકાશમાં મળવાવાળા મંત્ર અનેક હોઈ શકે છે, પરંતુ ગુરુ એક જ હોય છે.

## એક મંત્ર જપવો જોઈએ કે અનેક ?

એક પરમાત્માની યોગાનુભૂતિ માટે એક જ મંત્ર પૂર્ણ છે. સંસારમાં અનેક પ્રકારના દોષો તથા બંધનોથી છુટકારો મેળવવા અનેક મંત્ર છે.

## પરમાત્માનું રૂપ કેવું છે ?

પરમાત્માનું કોઈ રૂપ નથી કારણકે તે સર્વરૂપમય છે. જેટલા રૂપ છે તે બધા માયાનાં છે, પ્રકૃતિનાં છે. બધા રૂપોની પાછળ જે સત્તા છે, જીવન છે, ચેતના છે તે પરમાત્મા છે.

## અમે વૃક્ષોમાં, પથ્થરમાં, પશુમાં, મનુષ્યમાં પરમાત્માનો અનુભવ કઈ રીતે કરીએ ?

માટી, પથ્થર, ખનીજ દ્રવ્યોમાં તે સત્તારૂપે છે. વનસ્પતિમાં, વૃક્ષોમાં તે જીવનગતિ રૂપે, રસરૂપે છે. પશુવર્ગમાં તે ચેતના રૂપે છે. અને મનુષ્ય વર્ગમાં તે અહં અર્થાત્ જ્ઞાન રૂપે છે. ઈશ્વરમાં અર્થાત્ ભગવાનમાં તે અનંત ઐશ્વર્ય, અનુપમ સૌંદર્ય, અગાધ માધુર્યનાં રૂપે છે.

## અમે સત્યનો અર્થાત્ પરમાત્માનો કેવી રીતે અનુભવ કરીએ ?

જે અસત્ય છે, અનિત્ય છે, જે સદા નથી ટકવાનું એને જાણી લો ત્યારે જે સદાયથી છે અને સદાય રહેવાનું છે એનો અનુભવ થશે. સત્ય અને પરમાત્માને ત્યારે જાણી શકશો જ્યારે જે કાંઈ જાણો છો એનાથી શૂન્ય થઈ જશો એને ત્યારે જ શોધી શકશો, જ્યારે બધી શોધ છોડી દેશો. પરમાત્માની અનુભૂતિ એવા ચિત્તમાં જ થાય છે કે બધી આકાંક્ષા, અપેક્ષા, આશા તથા સંબંધોથી મુક્ત અને ખાલી થઇ ગયું હોય. જ્યાં ધનની, માનની, ભોગસુખોની અથવા ત્યાગની, જ્ઞાનની માંગ છે. ત્યાં સત્ય પરમાત્માની અનુભૂતિ નથી હોતી.

## જો ત્યાગ અને જ્ઞાન ચાહીએ નહીં તો રાગ અજ્ઞાન કેવી રીતે મટશે ?

ચાહવા થકી જે ત્યાગ થાય છે, જ્ઞાન થાય છે એનાથી

અહંકાર સંતુષ્ટ થાય છે કારણ કે તે પોતાને ત્યાગી અથવા જ્ઞાની માનતો રહે છે.

સરોવરને કિનારે રહેવાવાળાને તીવ્ર તરસ લાગે ત્યારે પાણી પીવા માટે ત્યાગની ઈચ્છા નથી થતી. પરંતુ તરસને લીધે આપોઆપ બધું છૂટી જાય છે. એને પાણીનાં જ્ઞાનની ઈચ્છા નથી થતી. તરસ્યો માણસ પાણીને જોતા જ પીવા લાગે છે, એ જ રીતે નિત્ય પ્રાપ્ત પરમાત્માની પ્યાસ પ્રબળ થયે એના જ્ઞાનને માટે તથા ત્યાગને માટે તૈયારી નથી કરવી પડતી. જે ત્યાગ જ્ઞાન ઈચ્છે છે તે ખરેખર પ્યાસા નથી.

**અંદરની દ્રષ્ટિ ખોલવાની સાધના શું છે ?**

બહારનાં નેત્રોથી કામ ન લેવું, મનથી પણ કામ ન લેવું, બુદ્ધિથી પણ કામ ન લેવું, બધાને વિશ્રામ દઈને સ્વયંમાં શાંત થવું, શૂન્ય થવું, પાછું સુઈ ન જવું, ઉલટાનું ચેતન સ્વરૂપમાં જાગૃત રહેવું એ અંદરની દ્રષ્ટિ ખોલવાની સાધના છે.

**નિત્ય પ્રાપ્ત પરમાત્માનો બોધ કેમ નથી થતો ?**

સાધક જ્યાં સુધી કાંઇક કરવામાં વ્યસ્ત છે. ત્યાં સુધી ચિત્ત શાંત નથી, શૂન્ય નથી, નિર્વિકાર નથી, ત્યાં સુધી નિત્ય પ્રાપ્તનો બોધ નહીં થાય.

**કાંઈપણ કર્યા વિના કઈ રીતે રહી શકાય ?**

જ્યારે કાંઈપણ નહીં ચાહો, ત્યારે કાંઈપણ નહીં કરો. જ્યારે

આત્મામાં જ પ્રીતિ હશે, ત્યારે તૃપ્તિ રહેશે, કોઈ અભાવ પ્રતિત નહી થાય ત્યારે ઈચ્છાનો અંત આવશે.

## ચંચળ મનને કેવી રીતે રોકવું ?

ચંચળ મનને રોકો નહી, એના પરથી ઉતરીને દૂરથી એની ચંચળતાને જોતા રહો, મનને પોતાનું માનીને એની પાસેથી કામ લેવું એ જ એના પર સવાર રહેવું છે.

## ચિત્ત વિકાર રહિત કેવી રીતે થાય ?

મળ્યું છે એને પોતાનું માનીને જ્યાં સુધી એના દ્ધારા ભોગી બન્યા રહેશો ત્યાં સુધી બધું જ વિકારયુક્ત રહેવાનું. જે મળ્યું છે એને પોતાનું ન ગણીને જેના થકી મળ્યું છે એનું જાણશો ત્યારથી પોતાનો અધિકાર હટાવી લેતા મન, ચિત્ત, બુદ્ધિ વગેરે બધું જ નિર્વિકાર થઇ જશે. અન્ન તથા જળનો દુષિત ભાગ જ્યાં સુધી શરીરમાં ભરેલો રહે છે ત્યાં સુધી દોષ જ વધે છે. શરીર દ્ધારા જ્યારે એનો ત્યાગ થાય છે ત્યારે શરીર આપમેળે શુદ્ધ થઈ જાય છે. આ જ રીતે વિકારી ચિત્ત વગેરેનો ત્યાગ કરી દેવાથી પ્રભુના વિધાનથી તે આપમેળે નિર્વિકાર થઈ જાય છે.

## આ દેહમાં પરમાત્મા ક્યાં છે ?

પ્રથમ તો એ જાણી લો કે દેહમાં સ્વયં તમે ક્યાં છો ? જ્યાં તમે છો ત્યાં પરમાત્મા છે. શું તમે આંખોથી જોઈને હાથથી અડીને બતાવી શકશો કે તમો ક્યાં છો ? દૂધમાં માખણ છે

પણ મંથન કરવાથી પ્રાપ્ત થાય છે. આવી રીતે તમારામાં પરમાત્મા છે , તમે પરમાત્મામાં છો, દેહમાં જ ઈન્દ્રિયો છે, ઈન્દ્રિયોની પાછળ જ મન છુપાયેલું છે. મનની પાછળ બુદ્ધિ છુપાયેલી છે. બુદ્ધિની સાથે જ અહંકાર સ્ફુરિત થઈ રહ્યો છે. આ બધા સાથે જ પરમાત્મા નિરંતર સત્તા રૂપે, જીવન રૂપે, જ્ઞાન રૂપે, આનંદ રૂપે, વિદ્યમાન છે. પહેલા પોતાને જુઓ ત્યારે પરમાત્માનો બોધ થશે.

**પોતાને જોવા માટે શાંત થતા જ મન કેમ ચંચળ થાય છે ?**

મન એટલા માટે ચંચળ છે કારણકે મનને પોતાને યોગ્ય એવું કોઈ આશ્રય સ્થાન સંસારમાં મળતું જ નથી. મન પૂર્ણતાનું ભૂખ્યું છે પણ વિનાશી નામ રૂપવાળી વસ્તુઓથી મનની ભૂખ ભાંગતી નથી એટલે તે ચંચળ છે. અને ચંચળ રહેવાનું. શાંત થતા જ જે કાંઈ તમારા અને પ્રભુની વચમાં છે તે દેખાશે.

**મન એકાગ્ર થયા વિના પરમાત્માનો અનુભવ કઈ રીતે થશે ?**

મન એકાગ્ર થયે પરમાત્માનો યોગ થશે એવી આશા ન બાંધો. પરમાત્માનું મિલન થયે મન એની મેળે એકાગ્ર શાંત થઈ જશે. પરમાત્મામાં જ મન વિશ્રામ પામશે. સંસાર તરફ ભાગતા રહેશો તો મન ચંચળ જ રહેશે.

**આપણે પરમાત્મામાં જ છીએ તો પરમાત્મા દેખાતો કેમ નથી?**

દેખવાની દ્રષ્ટિ જ નથી ખુલી, પરમાત્મા એને જ હાજરાહજુર

મળે છે જે પરમાત્મા માટે હાજર હોય છે. જે પ્રકારે લોભી ધન માટે, મોહી પ્રિયનાં સંજોગ માટે, કામી સુખના ભોગવટા માટે, અભિમાની પદ અધિકાર માટે પ્રતીક્ષા કરતા હાજર રહે છે એ જ રીતે પ્રભુનાં પ્રેમી સ્વયંમાં જ પરમાત્માની પ્રતિક્ષા કરતા સજગ રહે છે. ત્યારે પરમાત્માને નિરંતર ઉપસ્થિત ભાળે છે.

## પાપ કોને કહે છે ?

જેનાથી પતન થાય તે પાપ છે. સંગથી દોષ ઉત્પન્ન થાય છે, દોષથી પાપ થાય છે. અહંકાર પ્રથમ પાપ છે. જ્ઞાન સ્વરૂપમાં વિનાશી નામ રૂપ ભરાઈ જવાથી અહંનો આકાર બની જાય છે, આ અહંકાર જ જે કાંઈ છે તે બધાના રચયિતા અને સર્વસ્વના દાતાથી વિમુખ થઈને સ્વયં કર્તાપણાના અભિમાન રૂપી પાપથી યુક્ત થઈને પોતાના સુખ માટે બીજાને દુઃખ દેતા દેતા હિંસક બને છે.

અજ્ઞાનવશ અહંકાર ધન સંચયનો પક્ષપાતી થઈને લોભી બને છે. અજ્ઞાનમાં જ તે કોઈ સંયોગમાં સુખ માની ને મોહી બને છે. અજ્ઞાનમાં જ આ અહંકાર સુખ ઉપભોગનો કામી બને છે. અજ્ઞાનમાં જ આ અહંકાર કોઈ વસ્તુ કે વ્યક્તિને સુખદાતા માનીને રાગી બની જાય છે અને કોઈને દુઃખ દાતા માનીને દ્વેષી, ઈર્ષાળુ તથા ક્રોધવશ થઈને ઘોર કર્મ કરવા લાગે છે.

## નિરંતર સાક્ષી દ્દષ્ટા થઈને જોવું કઈ રીતે સંભવ બને ?

થોડા સમયની સાધનાથી સંતોષ ન માનો, ઘર સંબંધી કાર્યોની પૂર્તિથી સુખ ન માનો, પ્રિય સ્વજનો મિત્રોની વચ્ચે આનંદ  પ્રમોદમાં તૃપ્તિ ન માનો, નિંદ્રામાં સમય ખોતા ખોતા વિશ્રામની કલ્પના ન કરો. અહંકારને સંતુષ્ટ કરવા માટે, પદ અધિકાર માટે સમય  શક્તિ સંપત્તિની ભેટ દેવાનું સાહસ ન કરો. દુર્વાસના દુર્વ્યસનથી બચતા રહો. કુસંગથી સાવધાન રહો. પોતાની પ્રસન્નતા માટે કોઈ વસ્તુ કે વ્યક્તિનો આશ્રય ન લો. દેહની અંદર આત્માનો અનુભવ કરો ત્યારે સાક્ષી દ્દષ્ટા થઈને દ્રશ્યનાં સંબંધથી મુક્ત થઇ શકો છો.

## સૌથી સરળ પુણ્ય કર્મ કયું ?

મોટાને નમ્રતાપૂર્વક નમન કરો, અભિવાદનશીલ બનો અને વૃદ્ધો સેવા કરો એ પુણ્યકર્મ છે. એનાથી આયુષ્યની બળની, સુખની તથા સુંદર વર્ણની વૃદ્ધિ થાય છે.

## અમે પાપને કઈ રીતે ઓળખીએ ?

જ્યારે દેહમાં પાપનો અધિકાર હોય છે ત્યારે દેહ દ્વારા હિંસા, ચોરી, વ્યાભિચાર, અભક્ષ્ય ભક્ષણ વગેરે રૂપે પાપ કર્મ બને છે. જ્યારે વાણી પાપસિદ્ધ હોય છે. ત્યારે ખોટું બોલવું, કઠોર વાક્યોનો પ્રયોગ કરવો, બીજાની નિંદા કરવી, અસંગત બોલવું વગેરે પાપકર્મ બને છે. જ્યારે મન પાપથી ઘેરાઈ જાય છે ત્યારે બીજાનું ધન પડાવી લેવાનાં

સંકલ્પ, બીજાનું અનિષ્ટ ચિંતન, ન કરવા યોગ્ય દુષ્કર્મનું મનન તથા પર સ્ત્રી ચિંતન રૂપી પાપમાં મન ડૂબેલું રહે છે.

## પાપોથી બચવાના ઉપાય કયા કયા ?

પુણ્યવાનોનો પ્રેમપૂર્વક સંગ કરતા કરતા જેટલા પણ થઇ શકે ધીરે ધીરે પુણ્યકર્મને જ પૂર્ણ કરો. શરીરથી, વાણીથી અને મનથી તે જ કરો જેનાથી બીજાનું હિત થાય, બીજાને સંતોષ થાય તથા બીજાને સુખ થાય. જ્યાં સુધી થઇ શકે શરીરથી જીવોની રક્ષા કરો, સુખ આપો, હાથથી દાન કરો, સદાચારને પૂર્ણ કરો, સેવામાં શ્રમી બનો. વાણીથી પ્રિય, મધુર, સત્ય વચન બોલો, સદ્ચર્ચા કરો, બીજાનાં સદગુણોને પ્રગટ કરો. મિતભાષી બનો. મનથી પરમાત્માની મહાનતા, વિશાળતા, વ્યાપકતા, કરુણા વગેરે દિવ્ય ગુણોનું મનન કરો. બીજાના હિતનાં ઉપાયો વિચારો, કર્તવ્યનો નિર્ણય કરો, શુભ સંકલ્પ કરો, પુણ્યકર્મ ત્યારે કરી શકશો જ્યારે પાપના કોપને અથવા વેગને વશમાં કરી શકશો અને પુણ્યનાં દ્રઢ સંકલ્પ દ્વારા જ પાપના વેગને વશ કરી શકશો સફળતા માટે અભિમાન છોડી રાંક થઈને સમર્થ પ્રભુની ચેતનામાં શાંત બની શરણ લો અને કર્તાપણાનું અભિમાન ન કરો.

## સર્વહિત ઇચ્છવા છતાં અમે કેમ નથી કરી શકતા ?

જે સુખ આસક્ત છે, કામ–ક્રોધને જીતી નથી શક્યો,

જેનું ચિત્ત ભ્રાન્ત છે, જેની બુદ્ધિ સંશયગ્રસ્ત છે. તથા જે આળસુ છે તે પોતાનું જ હિત નથી સાધી શકતો, પછી બીજાનું હિતતો કઈ રીતે સાધે ? અગર સર્વ હિતૈષી થવા ઈચ્છતા હો તો આળસ છોડીને પરિશ્રમી બનો.

ક્રોધને વશ કરી ક્ષમાશીલ બનો. ગુરુ જ્ઞાનથી સંશયને નષ્ટ કરી દો. કામમાં વેડફાતી શક્તિને ઉર્ધ્વમુખી બનાવીને પ્રેમમાં બદલી નાખો. ભ્રાન્ત ચિત્તને સમ્યક્ વિવેક વડે શાંત કરી લો. ત્યારે તમારું હિત પૂર્ણ થશે. એ પછી જ સર્વહિતકારી પ્રવૃત્તિ સ્વભાવ બની જશે. કામ, ક્રોધ, આળસ, સંશય અને ભ્રાન્તિ આ પાંચ આવરણોમાંથી અગર એકાદ આવરણ પણ શેષ રહેશે તો તે પરહિતમાં બાધક બનશે.

## સદ્ગૃહસ્થનાં કયા કયા સુલક્ષણો છે ?

સદ્ગૃહસ્થ એ છે જે અસત્ વસ્તુનો મોહી નથી. ક્ષણિક સુખોનો કામી નથી. વિનાશી ધનનો લોભી નથી. અનધિકાર સુખ ઉપભોગનો વ્યાભિચારી નથી. સદ્ગૃહસ્થ એ છે જે મનનો ગુલામ નથી. જેને સત્કર્મમાં, ધર્મના આચરણમાં, તપ ત્યાગ  દાનમાં ડર નથી લાગતો. જે દ્વેષ, ક્રોધ, લોભને વશ નથી થતો. જે પાપથી ડરે છે. જે પુણ્યકર્મી છે.

એ સદ્ગૃહસ્થ છે જે માતા પિતાનું કામ આદર પૂર્વક કરે છે, પરિવાર સમેત માતા–પિતાનું ભરણ પોષણ કરે છે, માતા

પિતાની સંપત્તિનો સદુપયોગ કરે છે, કુળ રિવાજ મુજબ શુભ કર્મ, દેવ પૂજા કરે છે. પૂર્વજો માટે શ્રદ્ધાપૂર્વક દાન પુણ્ય કરે છે. આચાર્ય, ગુરુને જોતા વેંત ઊભો થઈને નમસ્કાર કરે છે. ગુરુની દુઃખદ પરિસ્થિતિમાં સહાય દે છે, શ્રદ્ધાપૂર્વક સદ્–ઉપદેશ સાંભળે છે. ગુરુ આજ્ઞા અનુસાર વિવેકપૂર્વક પરમાર્થ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. એ જ સદ્‌ગૃહસ્થ છે જે પત્નીનું અપમાન ન કરતા પત્નીને માન દે છે. પત્ની પ્રત્યેની પ્રીતિનો ભાગ અન્ય કોઈ નારીને નથી દેતો એ સદ્‌ગૃહસ્થ છે. પરસ્પર મળીને સેવા ત્યાગ તથા પ્રેમને પૂર્ણ કરે છે. પરિવારની જરૂરિયાતો પૂરી પાડે છે.

એ સદ્‌ગૃહસ્થ છે જે ભાઈ ભાંડુની પણ જરૂર પડ્યે સેવા કરે છે, દેવા યોગ્ય વસ્તુ વગર માગ્યે જ દે છે. જે મધુર વચનોથી સૌને પ્યાર માન દે છે, જે પરસ્પર કોઈથી છળ કપટ નથી કરતો, સૌ પ્રતિ અધિકાર અનુસાર સમાન ભાવથી ન્યાય કરે છે. એ સદ્‌ગૃહસ્થ છે, જે સેવકો પાસેથી એમની શક્તિ જોઈને કામ લે છે, સેવક બીમાર થાય તો એને માટે ઔષધી ઉપચારનો પ્રબંધ કરે છે, વિશેષ અવસર પર સેવકોને ભોજન કરાવે છે, યાત્રામાં સેવકોની સુવિધાનું ધ્યાન રાખે છે. અને વિશેષ કાર્યોમાં ઉચિત પુરસ્કાર આપે છે.

એ સદ્‌ગૃહસ્થ છે જે આચાર્ય, સાધુ  સંતોનો શરીરથી આદર કરે છે. વાણીથી માન દે છે. મનથી શ્રદ્ધા રાખે છે, ભિક્ષા

દઈને એને સંતુષ્ટ કરે છે. સાધુ  સંતોના નિર્વાહ માટે પાત્ર વસ્ત્ર વગેરેનો પ્રબંધ કરે છે.

તમો સદ્‌ગૃહસ્થ હો તો પોતાના દોષોનું નિરિક્ષણ કરતા રહો અને એને છોડતા જાઓ. દાનમાં કયારેય પ્રમાદ ન કરો. ન્યાયપૂર્વક ધન ઉપાર્જનમાં શ્રમી રહો, વ્યવહારમાં સંયમી રહીને વિવેકપૂર્વક કર્તવ્યનું પાલન કરો. જે મનુષ્ય સદ્‌ગૃહસ્થોનું આચરણ નથી કરતો તે જંગલી પશુ પંખીઓની જેમ ગૃહસ્થ હોઈ શકે છે, પણ સદ્‌ગૃહસ્થ માનવ નહીં હોય.

## મૃત્યુનાં ભયથી કેવી રીતે છૂટી શકાય છે ?

જીવનને જાણી લેવાથી મૃત્યુનો ભય નથી રહેતો. વાસ્તવમાં મૃત્યુનો ભય નથી હોતો, કાંઈક છુટવાનો ભય રહે છે.

જીવન એ છે જેને મૃત્યુ સ્પર્શી ન શકે. મૃતક એ છે જે કદી જીવનને પામતો નથી. જીવનના સંગથી જે મૃત છે તે જીવિત જેવું પ્રતિત થાય છે. માટીનો દેહ સદાય મૃતક જ છે, જીવન સદાય જીવિત જ રહે છે.

દેહનો જન્મ જીવનનો પ્રારંભ નથી. મૃતનો સંબધ  વિચ્છેદ જીવનનો અંત નથી. નિત્ય જીવનનો બોધ જ મૃત્યુના ભયથી મુક્ત કરી દે છે.

જીવનને ન જાણીએ ત્યાં સુધી જ ભય રહે છે. ભયથી જ સંઘર્ષ, સંગ્રહ, પરિગ્રહ, આગ્રહ, દુરાગ્રહ, હિંસા અને

તૃષ્ણાની પ્રવૃત્તિ ચાલ્યા કરે છે.

જીવનના અજ્ઞાનમાં જ મૃતથી રાગ થાય છે, રાગથી કામ, કામથી જ ભોગેચ્છા, ઈચ્છાથી જ લોભ, તૃષ્ણા ઉત્પન્ન થાય છે. વિનાશીથી સંબંધ છે ત્યાં સુધી ભય છે. અવિનાશીની યોગાનુભૂતિમાં ભયનો અંત છે.

## જીવનમાં પૂર્ણતા કઈ રીતે પ્રાપ્ત થાય છે?

વિનાશી વસ્તુઓથી આશા તથા સંબંધ ન રાખીએ ત્યારે જ, જે નિરંતર પૂર્ણ છે. એનાથી નિત્ય સબંધની અનુભૂતિ થાય છે. અપૂર્ણના ભોગમાં અપૂર્ણતા છે, પૂર્ણનાં યોગમાં જ પૂર્ણતા છે. જે જીવનના કેન્દ્રમાં શાંત છે અને પરિધ પર થતા કર્મોને દ્રષ્ટા બનીને જુએ છે. એને પૂર્ણતા પ્રાપ્ત થાય છે.

જીવનની બહાર ગતિ દુર્ગતિનો ભોગ છે, જીવનનાં અંતરાલમાં વિશ્રામ છે, શાંતિ છે, ત્યાં પૂર્ણતા છે. અહંકારમાં વિનાશીનાં સંયોગનું સુખ છે, વિયોગનું દુઃખ છે, અહંકાર જતા જ પૂર્ણતાનાં યોગમાં અખંડ આનંદ છે.

## અહંકારનો અંત કઈ રીતે સંભવ છે ?

અનંત ચૈતન્ય સાગરમાં અહંકાર રૂપી બિંદુને જોવા માત્રથી તે એમાં જ લીન દેખાય છે. અજ્ઞાનમાં જ અહંકારની સીમા છે. જ્ઞાનમાં જ સીમા અસીમમાં વિલીન થઇ જાય છે.

અહંકાર જ્યારે શબ્દ, સ્પર્શ વગેરે વિષયોને ગ્રહણ કરે છે,

ત્યારે ઈન્દ્રિયોમાં હોય છે. અહંકાર જ્યારે દુઃખ સુખનો ભોગી બને છે, ત્યારે મનમાં હોય છે. અહંકાર જ્યારે ભોગના પરિણામ જુએ છે, ત્યારે બુદ્ધિમાં હોય છે. અહંકાર જ્યારે કાંઈ નથી કરતો, કાંઈ નથી જોતો, કાંઈ પણ નથી ઈચ્છતો ત્યારે આત્મામાં હોય છે.

**પોતાના શ્રદ્ધેય ગુરુ ઉપરાંત અન્ય સંતો પ્રત્યે એટલો પ્રેમ કેમ નથી થતો ?**

ગુરુનાં તત્ત્વત : જ્ઞાન સ્વરૂપને ન જાણવાને કારણે, મનથી નામ રૂપ ધારી ગુરુને પોતાના માનવાથી અન્ય નામ રૂપ ધારી ગુરુ પ્રત્યે પ્રેમ નથી થતો. પ્રેમ વાસ્તવમાં એક જ થી થાય છે. એક થી નાતો રાખવા વાળાથી અનેકની સેવા તો થઇ શકે છે. સ્નેહ કરી શકાય છે. પરંતુ એ બધું કોઈ એકને સંતુષ્ટ રાખવા માટે થતું હોય છે. પ્રેમી એકને જ અનેકમાં જુએ છે. જ્યારે જ્ઞાની એકથી જ અનેક નામ રૂપોને પ્રકાશિત જુએ છે.

**એક જ સંતમાં બધાની શ્રદ્ધા કેમ નથી થતી ?**

મનની અનુકૂળતા ભિન્ન ભિન્ન હોય છે. લોભી વ્યક્તિ એ મહાત્મા પર શ્રદ્ધા કરશે જેના આશીર્વાદથી ધન પ્રાપ્ત થવાની આશા હોય. મોહી તથા કામી એના પર શ્રદ્ધા કરશે જે બાહ્ય આકૃતિમાં દર્શનીય હોય. વ્યસની એના પર શ્રદ્ધા કરશે જેની સાથે રહેવામાં એના દુર્વ્યસનની પૂર્તિ હોય.

વિચારવાન એના પર શ્રદ્ધા કરશે જે શાસ્ત્રોનો વિદ્વાન હોય, ઐશ્વર્ય વૈભવ સંપન્ન વ્યક્તિ એના પર શ્રદ્ધા કરશે, જે કોઈ ચમત્કાર દેખાડીને પોતાની સિદ્ધિનો પરચો દેખાડે. પ્રભુનો પ્રેમી એના પર શ્રદ્ધા કરશે જે ભગવદ્ પ્રેમમાં ડૂબેલ સંત હોય. વિચારક જિજ્ઞાસુ એના પર શ્રદ્ધા કરશે જેનાથી સમ્યક્ સમાધાન થતું હોય.

**અંધ વિશ્વાસ યુક્ત શ્રદ્ધાથી શું કાંઈ ઉન્નતિ નથી થતી ?**

જ્યાં સુધી કોઈમાં, એને શ્રેષ્ઠ માનીને શ્રદ્ધા છે, ત્યાં સુધી નમ્રતા, ઉદારતા, સેવાની રુચિ વગેરે અનેક સદ્‌ગુણો વધશે. શ્રદ્ધા અગર અશ્રદ્ધામાં ન પલટાઈ જાય તો તો ઉન્નતિ જ થશે.

**કદાચિત્ દોષી સાધુ મહાત્મા મળી ગયા તો પાછળથી અશ્રદ્ધા કેમ ન થાય ?**

અગર પૂજ્ય ભાવ હોય, પોતાના છે એવો ભાવ હોય, સાથે પ્રગાઢ પ્રીતિ હોય તો દોષ દેખાય ત્યારે દોષ નિવૃત્તિની ચેષ્ટા તો હોય પણ અશ્રદ્ધા ન હોય. જેની અંદર જે દોષ કે ગુણ હોય તે જ સંગથી પ્રગટ થાય છે. નિષ્કામ પ્રેમમાં ઘૃણા વગેરે વિકાર નથી હોતા.

**આસક્તિ કેવી રીતે છૂટે છે ?**

સેવા ધર્મની પૂર્ણતાથી આસક્તિ વિરક્તિમાં બદલાઈ જાય છે. સ્વેચ્છાપૂર્વક ભોગથી આસક્તિ વધે છે, પ્રીતિપૂર્વક

નિષ્કામ સેવાથી વિરક્તિ આવી જાય છે. ભોગમાં જ દુરુપયોગ છે. જે કાંઈ પ્રાપ્ત છે, તે દ્વારા નિષ્કામ પ્રેમપૂર્વક સેવા કરવી એ સદુપયોગ છે. કુસંગનાં પ્રભાવથી ભોગનાં સંકલ્પ બધા મનુષ્યોમાં થાય છે. સુસંગના પ્રભાવથી સદુપયોગનો દ્રઢ સંકલ્પ કોઈ પુરુષાર્થી સાધકમાં જ થાય છે.

## પ્રારબ્ધ કેવી રીતે બને છે ?

વર્તમાનમાં કરેલા કર્મનું ફળ, જે ક્યારેક ભોગવવું જ પડશે એ પ્રારબ્ધ છે. જે પ્રારબ્ધ કર્મ આવતી કાલે તમારો ધણી હશે, એના આજે અત્યારે તમે ધણી છો. જે પ્રારબ્ધ કર્મ આજ તમારો સ્વામી છે, એના સ્વામી તમે ગઈકાલે હતા. વર્તમાનમાં જ ભવિષ્યનું પ્રારબ્ધ બને છે.

## સેવા કરતા કરતા ક્યારેક ક્યારેક નિરસતા, ખિન્નતા કેમ આવે છે ?

સેવકમાં જ્યાં સુધી કામના અથવા લોભ યા માનની ઈચ્છા હોય છે. ત્યાં સુધીમાં અડચણ આવ્યે પ્રતિકૂળતા અથવા હાનિ યા અનાદરની વેદના ને લઈને નિરસતા, ખિન્નતા આવે છે. કોઈ કોઈ સાધક નિરસતા ને લીધે ખિન્ન થઇ જાય છે. એમની અંદર કાંઈક મેળવવાની કાંઈક નવીન જોવાની, ક્યાંક જાગવાની યા કોઈને મળવાની ઈચ્છા નિરસતા ઉત્પન્ન કરે છે. લોભી મોહી વ્યક્તિ જ શોકગ્રસ્ત હોય છે. જે નિરંતર સંતોષી રહીને પ્રેમમાં જ પ્રસન્ન રહે છે એ જ નિરસતાનાં આક્રમણથી બચી શકે છે.

## પોતાને મનથી કઈ રીતે અસંગ કરી શકાય ?

પોતાનામાં કાંઈક રાખીને પોતાનો સ્વીકાર કરી લેવો એ જ સંગ છે. પોતાનું કાંઈ ન માનીને શૂન્ય થઈ એ જ અસંગ થવું છે. કોઈ વસ્તુ વ્યક્તિને પોતાની માનવાનો અભ્યાસ થઈ ગયો છે, આ અભ્યાસને અગણિત વાર બેવડાવ્યો છે, આજ પ્રકારે દરેક સંબંધિત વસ્તુ વ્યક્તિને પોતાની ન માનવાનો અભ્યાસ વારંવાર કર્યે રાખવાથી સંગ અભ્યાસ મટી જઈ અસંગતા આવી જાય છે.

## સાધના અભ્યાસમાં દ્રઢતા કેવી રીતે આવે ?

દ્રઢતા માટે દ્રઢ સંકલ્પ જરૂરી છે. દ્રઢ સંકલ્પ માટે શક્તિ જરૂરી છે. શક્તિ માટે સંયમ જરૂરી છે. સંયમ માટે અનર્થ તથા વ્યર્થનો ત્યાગ જરૂરી છે. ત્યાગ માટે સાર્થક અને સત્ય પ્રત્યે પ્રેમ જરૂરી છે. પ્રેમ માટે સાર્થક અને સત્યનો વિવેક જરૂરી છે. વિવેક માટે સંત સંગ જરૂરી છે. સંતના સંગ માટે શ્રદ્ધા જરૂરી છે. શ્રદ્ધા માટે નિર્દોષ બુદ્ધિ જરૂરી છે.

નિર્દોષ બુદ્ધિ માટે મન પ્રેમપૂર્ણ હોવું જરૂરી છે. પ્રેમપૂર્ણ થવા માટે સંત પ્રત્યે પૂર્ણતયા પોતાના હોવાનો ભાવ જરૂરી છે. સંત ગુરુ પ્રત્યે પૂર્ણ તથા પોતાના હોવાનો ભાવ થાય એ માટે કામના અથવા સ્વરૂચિનો ત્યાગ જરૂરી છે.

## આત્મ કલ્યાણનાં સુલભ સાધન કયા છે ?

જીવને જે કાંઈ દેહ, ઈન્દ્રિય, મન, બુદ્ધિ તથા શક્તિ,

સંપત્તિ, યોગ્યતા વગેરે પ્રાપ્ત છે, જેના ઉપયોગમાં સ્વાધીનતા છે, એ જ સુલભ સાધન છે.

**કિર્તન, જપ, પૂજાપાઠ વગેરે શું કલ્યાણનાં સાધન નથી ?**

જપ, કિર્તન, સ્મરણ, ચિંતન વગેરે સુલભ સાધનની શુદ્ધિનાં સાધન છે.

**સાધનોની અશુદ્ધિ કઈ કઈ છે ?**

દેહ દ્વારા હિંસા, ચોરી, વ્યભિચાર કરવો એ દેહરૂપી સાધનની અશુદ્ધિ છે. જુઠાણું, પરનિંદા, વ્યર્થ ચર્ચા તથા કઠોર વચન એ વાણીરૂપી સાધનની અશુદ્ધિ છે. અર્થાત્ ઈન્દ્રિયોનાં વિષયમાં સુખ માનીને વિષયાસક્તિ વધાર્યે જવી એ ઈન્દ્રિયરૂપી સાધનની અશુદ્ધિ છે. આ જ પ્રકારે મન વડે સંબંધિત વસ્તુ વ્યક્તિઓને પ્રેમપૂર્વક પોતાના માનીને મોહ, લોભ વગેરે વિકાર વધારવા એ મનરૂપી સાધનની અશુદ્ધિ છે. શક્તિ સંપત્તિનો ક્ષણિક સુખ ઉપભોગમાં દુરૂપયોગ કરવો એ શક્તિ સંપત્તિરૂપી સાધનની અશુદ્ધિ છે. યોગ્યતા વડે પોતાની સ્વાર્થ સિદ્ધિ માટે છળ, કપટ, દંભ, પાખંડ, વગેરે કરવા એ યોગ્યતારૂપી સાધનની અશુદ્ધિ છે. બુદ્ધિ વડે સત્ય તત્વને જ જાણીને અસત્ વસ્તુઓનું જ ઉપાર્જન કરતા રહેવું એ બુદ્ધિરૂપી સાધનની અશુદ્ધિ છે.

**સાધનોની અશુદ્ધિ કેવી રીતે દૂર થાય ?**

વિવેકપૂર્વક સાધનોનાં સદ્પયોગથી અશુદ્ધિ દૂર થઈ શકે છે.

## સાધનોનો સદુપયોગ કઈ રીતે કરીએ ?

શરીર વડે સેવા કાર્યોમાં શ્રમ કરવો, દુઃખી જીવોની યથાશક્તિ રક્ષા કરવી, હાથો વડે દાન દેવું વગેરે શુભ કર્મ કરતા રહેવું એ શરીર રૂપી સાધનનો સદુપયોગ છે.

ઈન્દ્રિયોનાં બળ વડે બીજાને કામ આવવું અર્થાત્ સેવા કરવી તથા સમ્યક્ જોવું, સમ્યક્ સાંભળવું એ ઈન્દ્રિયોરૂપી સાધનનો સદુપયોગ છે.

મન વડે પરમાત્માને જ પ્રેમપૂર્વક પોતાના સર્વસ્વ માનવા, એમનું જ સ્મરણ કરવું એ મનરૂપી સાધનનો સદુપયોગ છે.

બુદ્ધિ વડે સૃષ્ટિ તથા સૃષ્ટા વિષયક યથાર્થ જાણકારી મેળવવી એ બુદ્ધિ રૂપી સાધનનો સદુપયોગ છે.

શક્તિ સંપત્તિ યોગ્યતા વડે સેવા, સદાચાર તથા દોષોનો ત્યાગ અને પ્રેમની પૂર્ણતા એ જ આ સાધનોનો સદુપયોગ છે. સાધનોનો સેવામાં સદુપયોગ અને સદ્વિચારમાં સદુપયોગ કરવાથી અશુદ્ધિ નિવૃત થઈને શુદ્ધિ થાય છે.

## દાનનું ફળ લોક પરલોકમાં કેવી રીતે મળે છે ?

શ્રેષ્ઠ પુરુષોને કરેલા સાત્ત્વિક ધર્મ દાનનું ફળ પરલોકમાં મળે છે. અવિવેકી, લોભી, મોહી તથા કામીએ કરેલા દાનનું ફળ આ લોકમાં મળે છે. જે દઈને પશ્ચાતાપ કરે છે, અપાત્ર કુપાત્રને દાન દે છે, અશ્રદ્ધાપૂર્વક દાન દે છે એને ક્યાંય પણ દાનનું ફળ મળતું નથી. જે કાંઈ દે છે એના સંગ્રહની

ચિંતામાંથી મુક્ત થઈ જાય છે, એટલો જ લાભ થાય છે. તમો ગુણી દાનનું ફળ કામ ઉપભોગની સુવિધા છે. રજોગુણી દાનનું ફળ ધન અને માનની પ્રાપ્તિ છે. સત્વગુણી દાનનું ફળ ભોગોથી વિરક્તિ અને દૈવી સંપત્તિની પ્રાપ્તિ છે.

**સંતોના પ્રવચન સાંભળવા છતાં વિવેક કેમ નથી પ્રગટતો ?**

અનેક શ્રોતાઓ શ્રદ્ધાળુ તો બહુ હોય છે પણ બુદ્ધિ મંદ હોવાને કારણે વિચારક નથી હોતા. તેઓ માત્ર સત્ચર્ચા સત્કથા સાંભળીને સંતુષ્ઠ રહે છે, વિવેકી નથી બની શકતા. જે શ્રોતાનું કોઈ લક્ષ્ય નથી એવા ઉદેશ્યહીનને વિવેક નથી થતો. જે ઐશ્વર્યથી, ધનથી, અધિકારનાં મદથી ઉન્મત છે, જે કામનાથી પિડીત છે, અભાવોથી દુઃખી છે, જે અહંકારથી, મોહથી વિમૂઢ છે એને પણ વિવેક નથી થતો.

**અહંકાર કયા પ્રકારે નષ્ટ થાય છે ?**

કોઈપણ પ્રકારે જેટલો અધિક સંગ્રહ થાય છે એટલો જ અહંકાર વધે છે. સંગ્રહ છોડવાથી, એના દાનથી અહંકાર સુક્ષ્મ થતો જાય છે. અહંકારને નષ્ટ નથી કરવાનો, ઉલટાનો એને જોવાનો છે. જોવાથી એ ક્યાંય પણ મળશે જ નહીં.

**સત્યનાં વિષયમાં વિચાર કરવો શું અનુચિત છે ?**

વિચારોની જ્યાં સમાપ્તિ થાય છે ત્યાં જ સત્યની અનુભૂતિનો આરંભ થાય છે.

## દુઃખની પૂર્ણ નિવૃત્તિ અને પૂર્ણ સુખની પ્રાપ્તિ કેવી રીતે થાય ?

સંસારમાં કોઈપણ પ્રકારનાં સુખથી દુઃખની નિવૃત્તિ નથી થઇ શકતી, અને વિનાશી વસ્તુઓ દ્વારા કયારેય પૂર્ણ સુખની પ્રાપ્તિ નથી થઈ શકતી. પૂર્ણ પરમાત્માનાં યોગથી જ સુખ પૂર્ણ થશે અને સંસારિક સુખોની ઈચ્છાનાં ત્યાગથી જ દુઃખોની પૂર્ણ નિવૃત્તિ થશે.

## ઈશ્વરમાં વિશ્વાસ કેવી રીતે દ્રઢ થાય ?

જ્યાં સુધી ઈશ્વરનું જ્ઞાન નથી ત્યાં સુધી ઈશ્વરનાં વિષયમાં સાંભળીને વિશ્વાસ કરવામાં આવે છે. આ વિશ્વાસ ઈશ્વરને માનીએ છીએ એટલે થાય છે. સ્વયંને જ્ઞાનમાં જાણી લીધા પછી જે ઈશ્વરની અખંડ સત્તાનો બોધ થાય છે તે જ દ્રઢ હોય છે. માનીને કરેલા વિશ્વાસ અને જાણીને થયેલા વિશ્વાસમાં અંતર છે. પ્રકાશ બારામાં સાંભળીને વિશ્વાસ કરવો અને પ્રકાશમાં આંખ ખોલીને જોવું એ બે માં જે અંતર છે. એ જ અંતર વિશ્વાસ અને જ્ઞાનમાં છે.

અજ્ઞાનમાં વિશ્વાસ હોય છે, જ્ઞાનમાં દર્શન હોય છે. દર્શન સાથે દ્રઢ આસ્થા હોય છે. લોભી, મોહી, અભિમાની અને નિર્લોભી, નિર્મોહી, નિરાભિમાનીનાં વિશ્વાસનું ફળ અલગ અલગ હોય છે. એક સંસારમાં આસક્ત રહે છે, બીજો વિરક્ત રહીને પ્રભુનો પ્રેમ પામે છે.

મનોમય પુરુષ સાંભળીને વિશ્વાસ કરે છે. વિજ્ઞાનમય પુરુષ –દર્શન કરે છે. જે અજ્ઞાની હોવા છતાં વિશ્વાસ કરે છે એમની ભૂલને સમર્થ સંભાળી લે છે. જ્ઞાનમાં જોતા રહેતા હોય એવા વિશ્વાસ રાખવાવાળામાં ભૂલ ભ્રમની નિવૃત્તિ થઈ જાય છે.

**સંસારમાં, સમાજમાં, સર્વત્ર સંઘર્ષ શા માટે છે ?**

"હું" ની સાથે "મારું" દેખાવું એ જ સંઘર્ષનું કારણ છે. જ્યાં સુધી લાલચ છે ત્યાં સુધી ભય છે અને ભયની સીમામાં જ સંઘર્ષ છે. એવી કોઈ વસ્તુ કે વ્યક્તિ જે તમને પોતાની દેખાય છે, તે બીજાને પણ પોતાની દેખાય છે. તમે જેને જોઈને મારો કે મારી માનો છો, એને જ અનેક બીજા મારો કે મારી માને છે, એટલે, અધિકારનાં અભિમાન તથા લોભમાં પરસ્પર મારામારી ચાલે છે. સંઘર્ષથી એ મુક્ત થાય છે જે પરમાત્મા સિવાય બીજા કોઈને "મારું"ન માને, જેના મનમાં કોઈપણ પ્રકારનો લોભ ન હોય.

**ભગવાને આ અહંતા, મમતા શું કામ ઉત્પન્ન કરી છે ?**

ભગવાને નહીં, ભગવાનની વિમુખતાએ અને જગતની વસ્તુઓનાં સંબંધે અહંતા મમતા ઉત્પન્ન કરી છે. કામનાને લઈને સંબંધ જોડાઈ ગયો છે. નિષ્કામ થયા વિના સંબંધ નહીં તૂટે અને યોગયુક્ત થયા વિના નિષ્કામતા નહીં આવે.

## મનુષ્ય જ પશુમય અને વળી એ જ પ્રભુમય એમ કેમ કહેવાય છે ?

અહંકાર જ્યારે મન વડે વિષયવૃતિઓથી બંધાઈને રહે છે ત્યારે પશુમય હોય છે. જ્યારે બુદ્ધિ વડે વિચારક વિવેકી બને છે ત્યારે માનવતા આવે છે.

જ્યારે વિવેકની સાથે દ્રષ્ટા સાક્ષી બનીને દ્રશ્યને જોતો રહે છે ભોક્તા નથી રહેતો ત્યારે એ જ અહંકાર પ્રભુમય બની જાય છે.

બધી ઈન્દ્રિયોની વિષયવૃત્તિઓ પાશવિક છે, વિચારક બુદ્ધિ માનવીય છે. વિવેકની જાગૃતિ દિવ્યતા છે.

## વિકારોથી છૂટકારો કેવી રીતે થાય ?

વિકારોનાં મૂળ તો અચેતન મનમાં છે પણ વિકારોની નિવૃત્તિ ચેતન મનમાં જોવા માંગો છો આ જ ભૂલ છે. કોઈ વિકારની સાથે બહાર ન આવીને, એની પૂર્તિ ન કરતા અચેતન મનની અંદર પાછા જઈને જ એના મૂળિયાને કાપી શકાય છે. આ માટે અંતરમાં સાક્ષી દ્રષ્ટા બનીને જોવાનું હોય છે.

## અશાંતિને કઈ રીતે મટાડવી ?

બીજાનાં અનિષ્ટ ચિંતનથી, પરાયા ધનની ઈચ્છાથી, દેહોમાં આસક્તિ રહેવાથી તથા સુખ ઉપભોગની તૃષ્ણાથી અશાંતિ રહે છે, માટે આ દોષોનાં ત્યાગથી અશાંતિ મટી જાય છે.

## આકસ્મિક અણધાર્યા સંકટને નિવારવાનો શું ઉપાય છે ?

પ્રથમ તો ધૈર્ય ધારણ કરવું જોઈએ. ધીરજથી બુદ્ધિ વિચાર સહાયક બને છે. ભયાતુર થવાથી, નિરાશ થવાથી ધીરજ છૂટી જાય છે. ધૈર્ય છૂટવા લાગે ત્યારે સર્વસમર્થ પ્રભુને સંપૂર્ણ હૃદયથી પ્રાર્થના કરવી અને માત્ર પાણી પીને ઉપવાસ કરવો. આનાથી અસહ્ય કષ્ટમાં, અનિવાર્ય સંકટમાં અદ્રશ્ય સહાયતા પ્રાપ્ત થાય છે.

## તૃષ્ણા કેવી રીતે છૂટે ?

તૃષ્ણા ત્યારે જ છુટશે જ્યારે લોભ નહીં રહે. લોભ ત્યારે જ મટશે જ્યારે સુખ ઉપભોગની ઈચ્છા નહીં રહે. ભોગની ઈચ્છા ત્યારે નહીં રહે જ્યારે કામનો અંત આવશે, અને કામની સમાપ્તિ ત્યારે જ થશે જ્યારે પ્રભુમાં જ અનુરાગ હશે. અનુરાગ ત્યારે જ હશે જ્યારે પ્રભુ પૂર્ણતયા પોતાના લાગશે. પ્રભુ પૂર્ણતયા પોતાના ત્યારે જ લાગશે, જ્યારે ગુરુ જ્ઞાનમાં પ્રભુની સત્તા તથા મહત્તાનો અનુભવ થશે. આવો અનુભવ ત્યારે જ થશે જ્યારે નિજ સ્વરૂપમાં બુદ્ધિ સ્થિર હશે. બુદ્ધિ સ્થિર ત્યારે જ હશે જ્યારે ચિત્ત શાંત હશે. ચિત્ત શાંત ત્યારે જ હશે જ્યારે ઈચ્છારહિત થઈને ચિત્તને ચૈતન્યમાં જોવામાં આવે. ચિત્તને ચૈતન્ય જોવું ત્યારે જ સહજ થશે, જ્યારે સંયમની સાથે દ્રઢ સંકલ્પ હશે.

## સાધારણ મનુષ્ય મહાન કેવી રીતે બની શકે છે ?

કોઈપણ મનુષ્ય જેટલી સાવધાનીથી વિવેકપૂર્વક બીજાના

હિત માટે તત્પર રહે છે એટલી જ માત્રામાં મહાન થતો જાય છે. પરંતુ જે ક્ષુદ્રમાં, ક્ષણજીવીમાં, વિનાશીમાં અટકી જાય છે, જે જડ વસ્તુમાં પ્રીતિ કરતા કરતા સંતુષ્ટ થવા ઈચ્છે છે તે મહત્તાથી વંચિત રહે છે.

## પરસ્પર કલહને કેવી રીતે દુર કરવો ?

જ્યારે વસ્તુ અધિક પ્રિય હોય, સંબંધી એટલો પ્રિય ન હોય ત્યારે કલહ, વિવાદ, શોક, મત્સર, નિંદા, કલંક વગેરેનો ભોગ ચાલ્યા કરે છે. અગર વસ્તુઓની સરખામણીએ સંબંધી પ્રિય હોય, સંબંધીની અપેક્ષાએ ધર્મ પ્રિય હોય, ધર્મની સાથે વિવેક હોય અને વિવેકની સાથે પ્રેમ પૂર્ણ હોય ત્યારે કૌટુંબીક જીવન સ્વર્ગ બની જાય છે. અને કલહ ક્રોધનું આક્રમણ નથી થતું.

## પરમાત્માને અગર કોઈ પામ્યું છે. તો કેવી રીતે પામેલ છે ?

જે ખોવાઈ ગયો છે તે જ ખોળી શક્યો છે. જે મટી શક્યો છે તે જ પામી શક્યો છે. પરમાત્મા કેવળ પ્રેમ છે, પ્રેમમાં જ પ્રાપ્ત દેખાય છે.

## આપણા સાચા હિતેચ્છુ કોણ છે ?

જે આપણને પ્રેમ કરે છે અને ઉંમરમાં, શક્તિમાં, બુદ્ધિમાં, વિદ્યામાં અને જ્ઞાનમાં આપણાથી મોટા છે. તે બધા હિતેચ્છુ છે.

સંત સદ્‌ગુરુ પરમ હિતેચ્છુ છે. સૌથી નજીકનો હિતેચ્છુ આપણું સંયમિત શાંત ચિત્ત છે અને વિવેકી બુદ્ધિ છે.

અસયંમિત ચિત્ત અને અવિવેકી બુદ્ધિવાળા મનુષ્ય જ રાગ દ્વેષ વગેરે દ્વન્દ્વોમાં ફસાયેલા રહે છે.

જે તમારા દોષો, પાપો અને અપરાધોને જાણતો હોવા છતાં તમારો ત્યાગ નથી કરતો તે પૂર્ણ હિતેચ્છુ છે.

જે તમને જરૂરી વસ્તુ વગર માંગ્યે જ દેતો રહે છે. અને બિન જરૂરી વસ્તુ તમે ઈચ્છતા હોવા છતાં પણ લઈ લે છે, સાથે જ તમારા શોક, વિલાપ, ક્રોધ વખતે શાંત રહીને કૃપા જ કરતો રહે છે. તે સાચો હિતેચ્છુ છે.

## મારી અંદર જે પણ શુભ પવિત્ર સંકલ્પ ઉઠે છે, તે કોની પ્રેરણા છે ?

અનેક સંકલ્પ વાસના પ્રેરિત હોય છે, અનેક સંકલ્પ સંગી સંબંધી દ્વારા પ્રેરિત હોય છે. કોઈ શુભ સંકલ્પ અચાનક આઘાતથી પ્રેરિત થવાથી તીવ્ર બની જાય છે, કોઈ સંકલ્પ પ્રારબ્ધની પ્રેરણાથી ઉઠે છે, તો અમુક એવા પણ સંકલ્પ છે જે શાસ્ત્રપ્રેરિત અથવા ગુરુપ્રેરિત હોય છે. ભગવદ્પ્રેરિત સંકલ્પ એને જ સમજવા જેની પછવાડે આપણને કોઈ શ્રમ પ્રતિત ન હોય અને કોઈ પ્રકારની ધનની, માનની, પદ અધિકારની અપેક્ષા ન હોય.

## અમને સત્સંગ કેવી રીતે સુલભ થાય ?

જે, સંગ કર્યા વિના જ, નિરંતર સાથે રહે છે તે સત્સંગ છે. જે સંગ કરવો પડે છે તે અનિત્યનો અસત્‌નો સંગ છે. સત્‌ના વિષયમાં સાંભળવા માટે ગુરુની જરૂર છે.

સત્સંગની અનુભૂતિ માટે માત્ર પોતાને અસંગ કરવાની જરૂર છે, બીજા કશાની કે બીજા કોઈની અપેક્ષા નથી. કામના સત્સંગમાં બાધક છે એટલે નિષ્કામ થવું એ સત્સંગમાં સાધક છે.

જે અત્યારે અને સદાય હાજર છે. એમાં પોતાને જુઓ, જે અત્યારે અહિંયાં તમારામાં નથી, જે તમારાથી ભિન્ન છે એની પાછળ દોડવાનું બંધ કરી દો, ત્યારે સત્સંગનો અનુભવ થશે.

**અમને વિનાશી ક્ષણજીવીની પાછળ કોણ દોડાવે છે ?**

સુખની આસક્તિ તથા સુખ ઉપભોગની કામના દોડાવે છે.

**અમે નિષ્કામ કેવી રીતે થઈ શકીએ ?**

જ્યાં મમતા હોય ત્યાં કામના હોય છે. મમતાનાં ત્યાગથી કામનાનું દ્વાર બંધ થઈ જાય છે.

**સત્સંગને તો બહુ દુર્લભ કહ્યો છે, તે કેવી રીતે સુલભ થાય ?**

સત્સંગ દુર્લભ નથી, તે તો નિત્ય નિરંતર સુલભ છે પણ સત્સંગી ચોક્કસ દુર્લભ છે. સત્યની પ્યાસ ચોક્કસ દુર્લભ છે. સત્ એ છે જે અત્યારે છે, નિરંતર છે, જેનો ક્યાંય અભાવ નથી અને જેમાં અસત્‌ની અનિત્યની પ્રતિતિ થાય છે–એવા સત્‌નાં સંગને ચાહવાવાળો કોઈક જ વિરલો સાધક નીકળે.

**જ્ઞાન અને વિવેકમાં શું અંતર છે ?**

જ્ઞાન પ્રકાશ છે જેમાં બધું જોઈ શકાય છે. વિવેક એવું દ્રષ્ટિ કૌશલ્ય છે જેના દ્વારા સત્–અસત્‌નો, નિત્ય–અનિત્યનો, કર્તવ્ય–અકર્તવ્યનો, શુભ–અશુભનો તથા પાપ–પુણ્યનો અને મળેલા જડ–ચેતનનો નિર્ણય કરવામાં આવે છે.

**ભગવાન અગર સાવ નજદીક જ છે તો દેખાતા કેમ નથી ?**

ભગવાન સાવ સમીપ જ છે એવી વાતો સાંભળી છે પણ જોવાની દૃષ્ટિ નથી ખુલી. જ્ઞાનમાં જ્ઞાન સ્વરૂપ ભગવાનનાં દર્શન થાય છે, અને પ્રેમમાં પ્રેમ સ્વરૂપ ભગવાનનાં નિત્ય મિલનનો અનુભવ થાય છે. જ્ઞાનમાં બીજું કાંઈપણ ન રહે ત્યારે જ્ઞાન માત્રમાં દર્શનની દૃષ્ટિ ખુલે છે. આજ રીતે પ્રેમમાં બીજું કાંઈપણ ન રહે ત્યારે કેવળ પ્રેમમાં નિત્ય મિલનની અનુભૂતિ થાય છે.

**અમને ભગવાનનું મિલન જીવનમાં અસંભવ જેવું કેમ લાગે છે ?**

ભગવાન અને તમારા વચ્ચે જે સંસાર–પ્રપંચ ભરાઈ ગયો છે તેનું હટવું અગર અસંભવ છે, તો દર્શન પણ અસંભવ છે. ભગવાન સર્વત્ર સુલભ હોઈ શકે છે પણ ભગવદ્પ્રેમી ભક્ત બહુ દુર્લભ છે.

**સંતની સંગતમાં જેટલું મન શુદ્ધ રહે છે. તે પાછળથી કેમ નથી રહેતું ?**

સંતની સંગતમાં સત ચર્ચા સાંભળતી વેળા તમે તમારામાં રહેલા સુલભ સત્યની સન્મુખ હો છો એટલે શાંતિ અને સાત્વિક સુખ અનુભવો છો. સંત અને સત્–ચર્ચાથી વિમુખ થતા જ અનિત્ય અને બીજાની સન્મુખ થવાથી રાગ, દ્વેષ, તૃષ્ણા તથા બીજા પર આધારિત સુખ ભોગની સીમામાં આવી જવાથી મન અશુદ્ધ થઈ જાય છે.

**સદાય સંતની સંગતમાં રહેવું કઈ રીતે સંભવ છે ?**

જ્યાંથી સંતનો સંગ થાય છે ત્યાંથી બીજા કોઈનો સંગ ન રહે તો આપોઆપ સદા સંતનો જ સંગ રહેશે. કારણકે સંતનો સંગ શરીરથી નથી થતો પરંતુ હાર્દિક પ્રેમ તથા શ્રદ્ધા વડે થાય છે. હૃદયમાં જે ભરાઈ જાય છે તે બહારનાં પ્રભાવને અંદર નથી જવા દેતું. જેના હૃદયમાં માન, ભોગ, ધન વગેરેની તૃષ્ણા ભરેલી છે, તે બહારથી સંતનો સંગ કરે, સત્ ચર્ચા સાંભળે તો પણ સત્યની સન્મુખ નથી થઈ શકતો. માત્ર સત્સંગી હોવાનું અભિમાન જ વધશે.

સત્સંગી હોવાનું અભિમાન બહુ જ સરળ છે પણ સત્સંગ દ્વારા અભિમાનનું જ્ઞાન થવું બહુ કઠીન છે. અવિવેકી મૂઢમાં સત્સંગનું અભિમાન હોય છે. વિવેકી દ્રષ્ટામાં અભિમાનનું જ્ઞાન હોય છે.

## જડ રૂપમાં પ્રીતિ થાય છે, ચેતન સ્વરૂપમાં કેમ નથી થતી ?

જ્યાં સુધી સ્વરૂપનું અજ્ઞાન છે, ત્યાં સુધી જડ રૂપ પ્રતિ પ્રીતિ રહે છે. પ્રીતિ ત્યાં થાય છે. જ્યાં સુખની પ્રતિતિ થતી હોય.

સુખ પ્રતિતિ ત્યાં થાય છે જ્યાં વાસ્તવિક સુખ નહીં, સુખનો પડછાયો હોય. સુખનું પ્રતિબિંબ ત્યાં પડે છે જ્યાં દર્પણ હોય. દર્પણ પોતાનાથી ભિન્ન હોય છે. એમાં પડતું પ્રતિબિંબ પણ પોતાનાથી ભિન્ન હોય છે. જેનું પ્રતિબિંબ પડે છે તે આપણાથી અભિન્ન હોય છે.

આપણાથી અભિન્ન છે એનું જ્ઞાન નથી એટલે પોતાનાથી ભિન્ન દરેક સંબંધ રૂપી દર્પણમાં ઈન્દ્રિય દ્રષ્ટિથી પડતા પોતાના જ પ્રતિબિંબમાં સુખ–આસક્ત પ્રાણી મુગ્ધ થઈ રહેલ છે.

## પ્રેમયોગીનાં શું લક્ષણ છે ?

પ્રેમપંથે જે સદાય પ્રીતિ પાત્રને જ પ્રેમ રસથી તૃપ્ત કરતો રહે છે તે પ્રેમયોગી છે. પ્રેમના પંથે જે સદાય લેતો જ રહે છે તે પ્રેમનો ભોગી છે. પ્રેમના પંથે સદાય લેતો રહેવાવાળો અગર પોતાને જે આપે છે, તેને જોતો નથી તો એ રોગી છે.

## અશુદ્ધ અંતઃકરણને શુદ્ધ કઈ રીતે કરવું ?

અશુદ્ધનાં સંગથી જ અશુદ્ધિ આવે છે એટલે શુદ્ધનાં

સંગથી જ શુદ્ધિ થઇ શકે. પૂર્ણ શુદ્ધ એ છે જે કયારેય અશુદ્ધ જ ન હોય. એવા નિત્ય નિરંતર શુદ્ધને જ પરમાત્મા કહે છે. અંતઃકરણને એમાં જ લગાવી દેવું એ શુદ્ધિનું સુલભ સાધન છે.

**જે નિત્ય શુદ્ધ પરમાત્માને અમે દેખાતા નથી, એનાથી અંતઃ કરણને લગાડવું કઈ રીતે ?**

જે અનાત્મામાં અંતઃકરણ લાગેલું છે. એમાંથી હટાવી લો તો એમાં શાંત થતું દેખાશે કે જે દેખાઈ નથી દેતું. અનાત્મામાંથી અંતઃકરણને હટાવવા માટે એના દ્રષ્ટા બનો. ભોક્તા ન બનો. વાસ્તવમાં અશુદ્ધને અસત્યને અથવા જેણે પણ તમને પકડી રાખ્યા છે એને છોડવાનું જ છે, મેળવવાનું કાંઈપણ નથી, કારણકે છોડી દીધા પછી જે શેષ રહે છે એ મેળવવાનું નથી, એમાં જ પોતાની જાતને વિશ્રામ પામતી જોઈ શકાય છે. સંગનાં અભિમાનથી, આસક્તિથી, રાગ દ્વેષથી અંતઃકરણ અશુદ્ધ થાય છે. અસંગ થયે, અકિંચન થયે અંતઃકરણ શુદ્ધ થાય છે માયા વડે ઈશ્વર બહુરૂપી બન્યો છે અને કાયા વડે જીવ બહુરૂપી બન્યો છે.

**મમતા કેવી રીતે છૂટે ?**

વિવેકપૂર્વક "હું" ને તથા મારો અધિકાર કોના પર છે એને જાણી લઈને અધિકાર વિનાની વસ્તુ તથા વ્યક્તિ પ્રત્યેની મમતાનો ત્યાગ પોતાના જ વડે કરવાનો છે.

## બુદ્ધિને કઈ રીતે સ્થિર કરી શકાય ?

હર્ષ, શોક, રાગ, ભય, ક્રોધ વગેરે વિકારો હોય ત્યાં સુધી બુદ્ધિ સ્થિર નથી થઈ શકતી.

સ્વતઃ કોઈ વિચાર ન કરતા, એની મેળે જે કાંઈ શરીરની અંદર, મનની અંદર થઇ રહ્યું છે એને તટસ્થ રહીને જોતા રહેવાથી બુદ્ધિમાં સ્થિરતા આવે છે. આત્માના બોધની કેવળ પ્રતિક્ષા રહે, કોઈ વિચાર યા પ્રયત્ન ન રહે ત્યારે બુદ્ધિ સ્થિર થાય છે.

## અંતઃકરણને સ્થિર કરવાનો શું ઉપાય છે ?

ચંચળના સંયોગથી અંતઃકરણમાં ચંચળતા વધે છે. સ્થિર પરમાત્માનાં યોગથી સ્થિરતા આવે છે. પોતાનાથી જે કાંઈ ભિન્ન છે એને ચાહવાથી ચંચળતા વધે છે. ચાહ રહિત થવું એ જ યોગયુક્ત થવાનો ઉપાય છે. ચાહ રહિત થતા જ વિનાશીથી અસંગતા અને અવિનાશીથી એકતા આપમેળે થઈ જાય છે.

## ઉત્તમ સાધકનું આચરણ કેવું હોય ?

જે વિચારહીન મૂર્ખાઓનાં સંગથી દૂર જ રહે છે, જે વિદ્વાનોની સંગતમાં બેસે છે, જેને પવિત્ર સ્થાન, શુદ્ધ વસ્ત્ર, નિર્મળ પાત્ર તથા સાદી રહેણી  કરણી પ્રિય છે, જેને ગુરુજનોને આદર માન દેવું, એમની પૂજા કરવી ગમે છે, જે અધ્યયનમાં સમય સાર્થક કરે છે, જેને કલા, જ્ઞાન, વિજ્ઞાન

પ્રિય છે, જેને સદ્-વ્યવહારનો, મધુર વચન, શુદ્ધ વાક્ય બોલવાનો તથા સંક્ષેપમાં બોલવાનો અભ્યાસ છે, જે માતા પિતા, ગુરુની સેવામાં આળસ નથી કરતો, જે પરિવારની રક્ષામાં, એમની સંભાળમાં પ્રમાદ નથી સેવતો, જે બધાને યથાશક્તિ સંતુષ્ટ પ્રસન્ન રાખવા માટે સાવધાન રહે છે, જે પોતાનાં નિર્વાહની સામગ્રીથી સંતુષ્ટ છે, જે ક્રોધના વેગને રોકીને શાંત રહે છે, જે બીજાને ક્ષમા આપી પ્રસન્ન રહે છે, જે સાધુ સંતોમાં શ્રદ્ધા રાખે છે, એમની સેવા કરે છે, જે ધર્મતત્ત્વ સત્યતત્ત્વનાં વિષયમાં યથાર્થ જાણકારી મેળવે છે, જે કાંઈ પણ કર્યા પહેલા પરિણામનો વિચાર કરે છે, જે પાપથી ડરે છે અને પુણ્યનો પક્ષ લઈ પુણ્ય વધાર્યે જાય છે તે બધા ઉત્તમ સાધકનાં આચરણ છે.

## પ્રતિકૂળ પ્રારબ્ધ ભોગનો ભય કઈ રીતે છૂટે ?

જે કાંઈ પણ એની મેળે થઈ રહ્યું છે તે પ્રભુનાં વિધાનથી થઈ રહ્યું છે. એમ જુઓ અને એને મંગલમય સમજો તો ભય નહીં રહે.

## લોભ, મોહ, મમતા કેવી રીતે છૂટે ?

જે કાંઈ મળ્યું છે એના પર પોતાનો સ્વતંત્ર અધિકાર નથી, કોઈ પણ વખતે મળેલું છીનવાઈ જાય, છૂટી જાય છે અથવા પોતે છોડી દે છે. આવું સમજવાથી લોભ મોહ છૂટી શકે છે.

**અમે નિશ્ચિંત, ચિંતા વિનાના કયા પ્રકારે થઈ શકીએ ?**

જે કાંઈ છે તે બધું પ્રભુનું છે, જે કાંઈ છે તે બધુ પરિવર્તનશીલ છે. એવો નિર્ણય કરીને જે આવે એનો સદુપયોગ કરતા રહેવાથી અને જે જાય એને પોતાના ભાગનું નહીં માનવાથી નિશ્ચિંત રહી શકાય છે. સૃષ્ટિનાં રચયિતાને ભૂલીને જ્યારે તમે પોતે જ મળેલ દેહ વગેરે વસ્તુઓનાં માલિક બની જાવ છો ત્યારે જ ચિંતાનું આક્રમણ થાય છે.

**ક્રોધ કેવી રીતે છૂટે ?**

તમે ક્રોધ છોડવાની ચિંતા ન કરતા એ અહંકાર જુવો જે ક્રોધમાં હોય છે. કદાચિત ક્યારેક ક્રોધને રોકી લેશો તો પણ અહંકાર ગર્વ કરશે કે ‘‘મેં ક્રોધને જીતી લીધો.’’ ક્ષમા કરવાથી પણ અહંકાર પુષ્ટ થશે. કામને વશ કરવાથી પણ અવસર આવ્યે અહંકાર બળવાન થશે. ક્રોધ, ઈર્ષ્યા, દ્વેષ, લોભ વગેરે બધા અહંકારનાં જ સંતાન છે. માટે અહંકારને જાણો, અહંકારને જુઓ.

**જે મૂર્તિમાં અગાઉ કોઈને ભગવાનનાં દર્શન થયા હોય એ જ મૂર્તિમાં હવે કેમ નથી થતા ?**

કોઈને ક્યારેય ભગવાન કોઈ મૂર્તિમાં નથી મળ્યા, એ તો પ્રેમમાં મળ્યા છે. મૂર્તિ તો જડ છે પણ પ્રેમ નિત્ય ચેતન છે, એ પ્રેમ જ મૂર્તિમાન થઈ જાય છે. પ્રેમ વિના મંદિર એ

ભગવાનનું મંદિર નથી, માણસે ઉભા કરેલા ભીંતડા છે. પરમાત્મા વ્યાપક સર્વત્ર સમાયેલો છે. માત્ર પ્રેમથી તે પ્રગટ થાય છે.

**કયા પ્રકારે પ્રેમ કરવાથી વ્યાપક હરિ પ્રગટ થાય છે ?**

પ્રેમ કરવાથી નહિ, કેવળ પ્રેમમાં હોવા માત્રથી, બાકી બધું જ ભૂલી જવાથી પ્રભુ પ્રગટ થાય છે.

**પ્રેમમાં હોવા માટે શું ઉપાય છે ?**

મોહમાં હો ત્યારે તમે સંયોગ ઈચ્છો છો. લોભમાં હો છો ત્યારે વસ્તુ અથવા સંપત્તિ ચાહો છો. કામમાં હો છો ત્યારે સુખ ઉપભોગ ચાહો છો. જ્યારે કાંઈ નથી ચાહતા ત્યારે પ્રેમમાં હો છો, ત્યારે પરમ પ્રેમાસ્પદ પ્રભુને ચાહશો. પરમાત્મા સિવાય કાંઈપણ ન ચાહવું એટલે જ પ્રેમમાં હોવું.

પ્રેમ અને પ્રભુની વચ્ચે જ્યારે કાંઈ આવી જાય છે. ત્યારે પ્રેમ જ લોભ, મોહ, ભય બની જાય છે.

**પાપથી છુટકારો કેવી રીતે થાય ?**

સમાજમાં દીન દુઃખી, નિર્ધન, નિર્બળ, દુર્બળ, આર્તજન તમારા પાપોનાં ઉદ્ધાર માટે જ સુલભ છે. અગર લોભવશ પાપ અપરાધ થઈ ગયેલ હોય તો ધનથી બીજાની સેવા સહાય કરવાથી પાપ કપાશે. અગર અહંકાર અભિમાન વશ કોઈ પાપ બન્યું હોય તો બીજાને માન દેવાથી, અધિકાર

દેવાથી કપાશે. અગર કર્મ ઉપભોગની આતુરતાવશ પાપ બન્યું હોય તો બીજાની કામના પૂર્તિ કરવાથી પાપ કપાય છે.

અગર ક્યારેય બીજાનું ધન કપટથી, ચોરીથી અથવા બળાત્કારપૂર્વક લીધું હોય તો નમ્રતા અને પ્રસન્નતાપૂર્વક સમાજને પાછું આપી દેવાથી પાપનો અંત આવશે. પુણ્યકર્મો દ્વારા પાપોનો નાશ થાય છે. આત્મજ્ઞાનમાં નિત્ય શાંત સંતોષી રહીને નિષ્કામ થઈને ફરજ બજાવતા રહેવાથી પાપોમાંથી મુક્તિ મળે છે.

**જ્ઞાની કોને કહે છે ?**

જે અહંકારથી અજ્ઞાની કહેવામાં આવે છે તે જ જ્યારે વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણી લે છે ત્યારે જ એને જ જ્ઞાની કહે છે.

**શું જ્ઞાનીમાં અહંકાર હોય છે ?**

જે કોઈને અજ્ઞાની અને પોતાને જ્ઞાની સમજે છે તે અહંકાર જ છે. અહંકારને જ જાણકારી હોય છે.

**અહંકારને કઈ રીતે જોયા કરી શકીએ ?**

જે જ્ઞાનમાં ભૂતકાળની ઘટનાઓનું મનન કરો છો અને ભવિષ્યનું ચિંતન કરો છો એ જ જ્ઞાન વડે વર્તમાનમાં ઉઠતા, બેસતા, ચાલતા, સુતા દેહની મનની ક્રિયાઓને જુઓ, ત્યારે કર્તા, ભોક્તા અહંકારને જોઈ શકે.

**અહં અને અહંકારમાં શું ભેદ છે ?**

"હું છું" એ અહં છે. "હું...છું"ની વચ્ચે જે કાંઈ પણ લાગી જાય એ અહં નો આકાર અર્થાત્ અહંકાર થઈ જાય છે. દેહ, ઈન્દ્રિયો, મન, બુદ્ધિની સાથે મળીને તથા પ્રત્યેક સંબંધીની સાથે મળીને અને દુઃખદ સુખદની સાથે મળીને પોતાને કાળો, ગોરો, જાડો, પાતળો, બાળક, યુવાન, વૃદ્ધ વગેરે માનવું અથવા પોતાને પુત્ર-પુત્રી, પિતા-માતા, ભાઈ-બહેન, નાનો-મોટો, ઊંચ-નીંચ, જ્ઞાની-અજ્ઞાની, દુઃખી -સુખી વગેરે માનવું એ જ અહંકાર છે.

**અહં અને અહંકાર કઈ રીતે બન્યા છે ?**

સંગને લીધે અહં અને સંબંધને લીધે અહંકાર બનેલ છે. સંગના જ્ઞાનથી અહં સ્ફુરિત થાય છે. અને સંબંધને લઈને અહંકાર બને છે. સંબંધ વિના મનુષ્ય કાંઈ છે જ નહીં. સંબંધથી જ મનુષ્ય જે કાંઈ છે તે બન્યો છે અને સંબંધ વડે મનુષ્યની અંદર જે કાંઈ છુપાયેલું છે તે પ્રગટ થઈ જાય છે. સંબંધ જ દર્પણની જેમ સુંદરતાને અથવા કુરૂપતાને સ્પષ્ટકરી દે છે.

**અહંકારથી છૂટવાની યુક્તિ શું છે ?**

જ્યાં સુધી કાંઈ પણ પોતાની વસ્તુ દેખાય છે ત્યાં સુધી અહંકાર પુષ્ટ થયા કરે છે. જ્યારે જ્ઞાનમાં પોતાનું કાંઈ પણ નહીં દેખાય ત્યારે અહંકાર નહીં રહે. કોઈ વસ્તુ સાથે તદ્રુપ

થઇ જવાથી "હું" પુષ્ટ થાય છે. કોઈને પોતાનું ગણી લેવાથી "મારાપણા"નો અહંકાર પુષ્ટ થાય છે.

**પરિવારમાં રહીને કર્મ કરતા કરતા બંધનથી કઈ રીતે બચી શકાય ?**

બંધનનું કારણ પરિવાર નથી. કર્મ નથી. એમનાથી 'પોતાના હોવાનો' સંબંધ છે. અને સંબંધ કામના ને કારણે જ જોડાય છે. કામના પણ એના પ્રતિ જાગે છે જેનાથી આશા હોય. બધેયથી નિરાશા થયે સંબંધનો અંત આવે છે. બંધનથી છૂટવું હોય તો પરિવારનાં સભ્યોને જે કાંઈ દેવાનું હોય એ ધન, માન, સુખ પોતાની ફરજ સમજીને દેતા રહો અને જે કાંઈ લેવાનું હોય એને અને લેવાનાં હક્કને જતો કરો. પોતાના ગણીને લોભ–મોહ ન કરો. પ્રભુના ગણીને દરેક વસ્તુ દ્વારા સંબંધીની સેવા કરતા રહો. મોટે ભાગે મોહી લોકો જેના બંધનથી છૂટવા માંગે છે એને જ મમતા કરતા રહે છે.

**સર્વ રૂપોમાં પરમાત્મા જ છે. એ અનુભવ કેવી રીતે થાય ?**

ચેતનાની પૂર્ણ જાગૃતિમાં જડતાથી અસંગ થયે નામ રૂપનાં પ્રકાશક પ્રભુનો અનુભવ થાય છે. જે કૃપણ છે, કઠોર હૃદયવાળો છે, ભેદભાવ રાખે છે, દ્વેષી ક્રોધી છે, તથા સંશયને લીધે જેની બુદ્ધિ સ્થિર નથી, એવાને પરમાત્માની અભિન્નતાનો અનુભવ નથી થતો. હવે તમે જ જુઓ કે તમારામાં કયો દોષ કેટલા પ્રમાણમાં હજી શેષ છે.

સર્વમાં અથવા સ્વયંમાં પ્રભુની અનુભૂતિ માટે સાવધાન થઈને સચ્ચિદાનંદ સાગરમાં આ "હું" એક ઘડાની સમાન છે એવી કલ્પના કરો, જેની અંદર પણ એ જ ભર્યું છે. જે બહાર છે.

**યોગ માટે શું મનને શાંત કરવું જરૂરી નથી ?**

તમે મનને શાંત ન કરો, ખુદ શાંત બનીને મન ઉપરથી ઉતરીને એને જોતા રહો, એનાથી કાંઈ કામ ન લો.

પરમાત્માની યોગાનુભૂતિ માટે તમારે સર્વ સંગથી અસંગ થવું પડશે.

**અમે સ્વતંત્ર કેવી રીતે થઈ શકીએ ?**

જે કાંઈ પણ સ્વયંથી ભિન્ન નામ રૂપ ધારી વસ્તુ છે તે "પર" છે. "પર"નો આશ્રય ત્યાં સુધી લેવો પડે છે. જ્યાં સુધી પોતાનાથી ભિન્ન દ્વારા મળનારા સુખમાં મન ચોંટેલું રહે છે. દેહ, ઈન્દ્રિયો તથા મન દ્વારા જ્યાં સુધી સુખ ઈચ્છશો ત્યાં સુધી પરતંત્ર જ રહેવાના. સુખની કામના છોડીને સ્વયંમાં શાંત થતા જ સ્વતંત્રતા સુલભ બને છે.

**એકાંત થયા વિના ભીડમાં કુટુંબના કોલાહલમાં જ્ઞાન ધ્યાન કઈ રીતે સાધી શકાય ?**

એકાંતની ખોજમાં બહારનાં કોલાહલથી ભાગવા વાળા હજારો સાધકો જોવામાં આવે છે. પરંતુ મનની અંદર વસ્તુઓ

વ્યક્તિઓનાં સંબંધને લીધે જે હલચલ થયા કરે છે એ કોલાહલને, એ ભીડને હટાવતા હટાવતા પોતાને એકાંતમાં લાવવા વાળા કોઈ વિરલા જ જોવામાં આવે છે.

તમે ભીડથી ભાગીને વસ્તીથી તો દૂર જઈ શકો છો પણ મન એકાંત નહીં થાય. તમારે એકાંત થવું હોય તો અનેક્તાનો, ભેદભાવનો અને ભિન્નતાનો અંત લાવો. બહાર ભાગીને નહીં, ઉલટું અંદર પોતાના એકલા હોવાપણામાં પાછા વળીને સ્વયં શાંત એકાંત સુલભ થશે.

## સંસારમાં કોઈ એવો મનુષ્ય હશે ખરો, જેનામાં ઈચ્છા ન હોય ?

ઈચ્છા છે એટલે જ મનુષ્ય સંસારમાં છે. જ્યાં ઈચ્છાનો અંત છે કોઈ ઈચ્છા શેષ નથી, ત્યાં મનુષ્ય પરમાત્મામાં છે.

## શું અસમય મૃત્યુ આવે છે ?

જે અતિ અભિમાનથી ભરેલો રહે છે, જે ખૂબ બોલ્યા કરે છે, જે કુટેવ દુર્વ્યસનનો ત્યાગ નથી કરી શકતો, જે ક્રોધના વેગને રોકી નથી શકતો, જે ખૂબ ખાતો રહે છે અને જે મિત્ર અને પરિવારથી દ્રોહ કરે છે એનું આયુષ્ય સમય પહેલાં જ સમાપ્ત થઇ જાય છે, માટે આયુષ્ય નાશક દોષોથી સાવધ રહેવું જોઈએ.

## આયુષ્ય વર્ધક ઉપાય કયા છે ?

બ્રહ્મચર્ય વ્રતથી, પ્રાણાયામથી, પ્રણવ મંત્ર અથવા ઈષ્ટ

મંત્રના જપથી, સિદ્ધ પુરુષની કૃપાથી, રાસાયણિક ઔષધીનાં સેવનથી અને મિતાહારથી આયુષ્ય વધે છે.

**જ્ઞાન એટલે શું ?**

સત્ અને અસત્‌ને જાણવું એ જ જ્ઞાન છે.

**સત્ય અને અસત્ય શું છે ?**

જેનો ક્યારેય અભાવ કે નાશ નથી થતો એ સત્ય છે. આનાથી ઉલટું જે કાંઈ નાશવંત છે. તે અસત્ય છે.

**સત્યનું દર્શન કેવી રીતે થાય ?**

જે કાંઈ પરિવર્તનશીલ છે, અસત્ય છે, એનાથી દ્રષ્ટિ હટાવી લેતા સત્યનું દર્શન થાય છે.

**સત્યદર્શીની દ્રષ્ટિ શું છે ?**

જે બુદ્ધિથી અસતનું જ્ઞાન થાય છે એનાથી જ સત્યનું જ્ઞાન થાય છે. નિર્મળ બુદ્ધિ જ સત્યદર્શીની દૃષ્ટિ છે.

**જ્ઞાન અને યોગમાં શું ફેર છે ?**

જાણવાને જ્ઞાન કહે છે, મળવાને યોગ કહે છે. જાણવાનું બુદ્ધિથી થાય છે. મળવાનું અહં (આત્મા)થી થાય છે.

**"હું" અને "મારું" આ અભિમાન કેવી રીતે છૂટે ?**

જે નામ રૂપની સાથે મળીને "હું" કહો છો એને પોતાનાથી અલગ કરી લો, જે વસ્તુ તથા વ્યક્તિને પોતાનાથી મેળવીને

"મારું" કહો છો એનાથી પોતાને અલગ કરી લો આ અભિમાન શૂન્ય થવાનો સર્વોચ્ચ ઉપાય છે. જે આપણે ઉત્પન્ન નથી કર્યું અને જેનાથી આપણે ઉત્પન્ન નથી થયા એને "હું" અને "મારું" ગણવા એ ભૂલ જ છે.

**સુખ કેવી રીતે મળે છે ?**

ઈચ્છાઓની પૂર્તિ થવાથી.

**ઈચ્છાઓની પૂર્તિ કેવી રીતે થાય છે ?**

પુણ્ય બળ તથા વિધિવત્ પ્રયત્ન થી.

**પુણ્યબળ કઈ રીતે વધે ?**

પ્રાપ્ત શક્તિ સંપત્તિ વડે વૃદ્ધો, ગુરુજનો તથા દીન દુખિયાની સહાય કરવાથી.

**દુઃખ કેમ થાય છે ?**

ઈચ્છાઓની પૂર્તિ ન થવાથી અને પાપકર્મોના ફળ ભોગવવા પડે છે એથી.

**હંમેશા ઈચ્છાઓની પૂર્તિ કેમ નથી થતી ?**

વિધિવત પ્રયત્ન અને પુણ્યની કમીને કારણે ઈચ્છાઓની પૂર્તિ નથી થતી.

**પાપ કેવી રીતે બને છે ?**

પોતાના સુખ માટે બીજાને દુઃખ દેવાથી અથવા સત્યથી

વિમુખ થવાથી અજ્ઞાનવશ પાપ થાય છે.

**પાપથી બચવાનો ઉપાય શું ?**

દૂરદર્શી દૃષ્ટિ વડે દુઃખોને જોવા અને એનાથી ડરવું એ પાપથી છૂટવાનો ઉપાય છે.

**પુણ્ય કર્મ કરવા છતાં પણ દુઃખ કેમ આવે છે ?**

મનમાં કોઈને કોઈ દોષ છુપાયેલો રહી ગયો હોવાને કારણે.

**દોષનો ત્યાગ કેવી રીતે થાય ?**

દુઃખી થઈને ત્યાગનો દ્રઢ સંકલ્પ કરવાથી.

**ત્યાગનો વાસ્તવિક અર્થ શું છે ?**

કોઈ પણ વસ્તુ અથવા વ્યક્તિને પોતાની ન ગણવી એ ત્યાગ છે. અશુભ, બિનજરૂરી સંગ્રહને છોડવો એ ત્યાગ છે.

**અશુભ અને બિન જરૂરી સંગ્રહ શું છે ?**

જેનાથી જીવને દુઃખ ભોગવવું પડે છે એવા બધા પ્રકારનાં દોષ એ અશુભ સંગ્રહ છે.

**એવા દોષ કયા કયા છે જેનો ત્યાગ કરવાનો છે ?**

પરાશ્રિત સુખ આસક્તિ, કામના, લોભ, મોહ, અભિમાન, ક્રોધ, ઈર્ષ્યા, દ્વેષ, નિંદા અને બીજાને દુઃખ આપવું અર્થાત્ હિંસા, આટલા દોષ ત્યાગવાનાં છે.

**દુઃખ ભોગવવા છતાં દોષોનો ત્યાગ કેમ નથી થતો ?**

સુખો પ્રત્યેની આસક્તિ પ્રબળ હોઈ દોષોનો ત્યાગ નથી થતો.

**ઘર, કુટુંબ, ધન વગેરે છોડવાવાળા શું ત્યાગી નથી ?**

કોઈપણ વસ્તુ અથવા વ્યક્તિ પ્રત્યે મનમાં રાગ હોય અને ઉપર છલ્લો ત્યાગ કરીએ એ ત્યાગ પૂર્ણ નથી હોતો. રાગનો ત્યાગ જ સાચો ત્યાગ છે.

**રાગ શું છે ?**

કોઈ પણ પદાર્થને, દેહને પોતાનો ગણીને મોહિત રહેવું એ રાગ છે. સુખદ વસ્તુ પ્રત્યે પ્રાણોનું જે આકર્ષણ છે એ જ રાગ છે.

**રાગથી શું શું હાનિ છે ?**

બધા દોષ, દુઃખ તથા બંધન રાગથી પરિપુષ્ટ થાય છે.

**રાગ થાય છે જ કેમ ?**

સત્ય પરમાત્મા અથવા સ્વરૂપથી વિમુખ થવાથી, માની લીધેલા સુખદ પદાર્થો પ્રત્યે રાગ થાય છે.

**રાગનો ત્યાગ કેવી રીતે થાય છે ?**

સુખનાં અંતે દુઃખનો અનુભવ થયે જ્યારે બધાથી નિરાશા સાંપડે છે ત્યારે વિવેક શક્તિ વડે રાગનો ત્યાગ થાય છે.

**ત્યાગ અને દાનમાં શુ ફેર છે. ?**

ફેંકી દઈએ, છોડી દઈએ, એને ત્યાગ કહે છે વિધિપૂર્વક સ્થાપના કરીએ, વાવીએ એને દાન કહે છે. ફેંકી દેવું અને વાવવું એ બે વચ્ચે જે ફરક છે તે જ ફરક ત્યાગ અને દાનમાં છે.

ત્યાગથી સંબધ તૂટી જાય છે. પરંતુ દાનથી સુક્ષ્મતર, સુક્ષ્મતમ સંબંધ દ્રઢ થતો જાય છે. અશુભ અસુંદરનો ત્યાગ કરવામાં આવે છે. જ્યારે શુભ તથા સુંદરનું દાન કરવામાં આવે છે.

**ત્યાગનો સુઅવસર ક્યારે હોય છે ?**

જ્યારે દુઃખનો અનુભવ થાય ત્યારે જ એ રાગ અથવા દોષનો ત્યાગ કરવો જોઈએ, જેના કારણે દુઃખ થાય છે.

**દાન ક્યારે કરવું ?**

જ્યારે દેવો યોગ્ય પાત્ર મળી જાય ત્યારે દાન કરવું જોઈએ. સુખી દશામાં દાન અને દુઃખી દશામાં દોષોનો ત્યાગ કરવામાં આવે છે.

**ઉત્તમ કોટીનું દાન કયું ?**

જેની પાછળ અભિમાન ન હોય, બદલામાં કાંઈ મેળવવાની ઈચ્છ ન હોય, દીધા પછી પશ્ચાતાપ ન હોય અને બીજા કોઈને દુઃખ ન થતું હોય એ ઉત્તમ કોટીનું દાન છે.

**તપ કોને કહે છે. ?**

કર્તવ્ય પાલન દરમ્યાન આવતા કષ્ટોથી વિચલિત ન થવું એ તપ છે. સાધન ભજનની પૂર્ણતા માટે ઇન્દ્રિયોને સંયમમાં રાખવી એ તપ છે.

એની પોતાની રીતે આવવાવાળા દુઃખોને ધીરજથી સહેતા રહીને શાંત રહેવું એ તપ છે.

**તપનું ફળ શું છે ?**

દુર્બળતાની નિવૃતિ અને શક્તિની પ્રાપ્તિએ તપનું ફળ છે.

**તપની જરૂરત ક્યારે ઉભી થાય છે ?**

ત્યાગનો સંકલ્પ જ્યારે પ્રલોભનથી ડગવા લાગે ત્યારે તપની જરૂર ઉભી થાય છે.

મનથી ત્યાગ કરવો મનુષ્ય માટે અતિ સુગમ છે. પણ ત્યાગનો સંકલ્પ જ્યારે રાગથી શિથિલ થવા લાગે છે. ત્યારે તપ કરવું પડે છે. તપથી એ શક્તિ પેદા થાય છે જેનાથી ત્યાગનો સંકલ્પ દ્રઢ થાય છે. માની લો કે કોઈએ મીઠાઈ ખાવાનો ત્યાગ ર્ક્યો અને થોડા દિવસ પછી કોઈએ મીઠાઈ ખાવાનો આગ્રહ કર્યો ત્યારે એના પ્રત્યેનાં રાગને વશ થઈને તેણે મીઠાઈ ખાઇ લીધી. આવી દશામાં એ મીઠાઈનાં ત્યાગીએ જીભને વશમાં રાખવા તપ કરવું પડશે જેનાથી સ્વાદની આસક્તિથી છૂટકારો મળે. જે ક્ષેત્રમાં નબળાઈ હોય એ ક્ષેત્રને સંયમ તપ વડે શક્તિશાળી બનાવી લેવાનું

હોય છે. જેનાથી શરીરની આળસ અને અસહિષ્ણુતા દોષની નિવૃત્તિ થાય, ઈન્દ્રિયોની વિષય–પ્રવૃતિની નિવૃતિ થાય અને મનમાંથી વિષય જનિત સુખ–આસક્તિની નિવૃતિ થાય એનું નામ તપ છે.

**ઉત્તમ તપ કયું ?**

જેનાથી માણસ સર્વોત્તમ પદ અર્થાત્ સવોત્તમ લાભ મેળવે તે.

જે તપથી અહંકાર અભિમાન પ્રબળ થાય છે, જે તપની શક્તિ ભોગની પ્રાપ્તિમાં વેડફાઈ જાય છે, જે તપની શક્તિ ક્રોધ રૂપી અગ્નિમાં આહુતિનું કામ આપે છે એ તપથી માણસનું પ્રાયઃ પતન જ થાય છે. પરંતુ જે તપથી માણસની બધી દુર્બળતા દૂર થાય છે, જે તપની શક્તિથી જિતેન્દ્રિયતા પ્રાપ્ત થાય છે, મન પોતાને વશ થાય છે અને માણસ બીજાની નિષ્કામ સેવા કરી શકે છે તેમજ જે તપની શક્તિથી સદ્ગુણોનો વિકાસ, દોષોનો નાશ તથા સદ્જ્ઞાનનો પ્રકાશ થાય છે. એ જ સર્વોત્તમ તપ છે.

**ભેદભાવ શા માટે છે ?**

બુદ્ધિમાં ભેદભાવ રહેવાને કારણે ભાવ તથા ક્રિયામાં ભેદ રહે છે.

**ભેદભાવ કઈ રીતે મટે છે ?**

યથાર્થ સત્ય લક્ષ્યનું જ્ઞાન થયે, બુદ્ધિથી ઉપર ઉઠી જવાને કારણે ભેદભાવ દૂર થાય છે.

જેટલું વધુ સત્યનું જ્ઞાન થતું જાય છે, અનેકતાની સંકીર્ણતામાંથી બુદ્ધિ જેટલી ઉપર ઉઠે છે, એટલા પ્રમાણમાં જ નિમ્નકક્ષાએ રહેવાવાળી બધી વસ્તુઓ બહુ જ નાની લાગવા લાગે છે. દ્રષ્ટિની વ્યાપ્તિ અને એનો આકાર, વિસ્તાર પરિઘ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ ઉંચ-નીચનાં ભેદભાવ મટતા જાય છે.

## શું પુસ્તક વાંચીને જ્ઞાન ન થાય ?

બુદ્ધિ યોગ્યતા અનુસાર જ્ઞાન થાય છે. અને એ જ્ઞાનનો અધિકાંશ અભિમાનમાં પરિણમે છે.

પુસ્તકમાં શબ્દ હોય છે, શબ્દનાં ઘણાં અર્થ થઈ શકે છે, અર્થની પાછળ ભાવ હોય છે. અને ભાવની પાછળ રહસ્ય છુપાયેલું રહે છે. એનું જ્ઞાન સદ્‌ગુરુકૃપાથી જ થાય છે.

## જ્ઞાની મહાપુરુષનાં સુસંગથી પણ કોઈ કોઈ ને જ્ઞાન કેમ નથી થતું ?

જ્ઞાનનાં સાધન શુદ્ધ ન હોવાથી જ્ઞાન નથી થતું.

બુદ્ધિપૂર્વક સંગ, સાત્ત્વિક શ્રદ્ધા, જાણવાની પ્રબળ ઇચ્છા, ઈન્દ્રિય સંયમ તથા આજ્ઞાપાલન રૂપે સંત સદ્‌ગુરુની સેવા આટલા જ્ઞાનનાં સાધન છે.

## બુદ્ધિપૂર્વક સંગનો શું અર્થ છે ?

જ્ઞાની પુરુષનાં સદ્‌જ્ઞાનને બુદ્ધિમાં ધારણ કરવું એ જ બુદ્ધિપૂર્વકનો સંગ છે.

જ્ઞાની પુરુષની સમીપ શરીર બેઠેલું રહે પણ મન અને બુદ્ધિ સાંસારિક વાતોમાં અટવાયા કરે તો એ જ્ઞાનીનો સુસંગ ન કહેવાય. અગર શરીર બજારમાં બેઠેલું હોય પણ મન જો જ્ઞાની પુરુષમાં લાગ્યું હોય, બુદ્ધિ જ્ઞાની પુરુષનાં જ્ઞાન સ્વરૂપમાં સ્થિર થઇ રહી હોય તો શરીરથી દુર હોવા છતાં પણ જ્ઞાનીનો સુસંગ સિદ્ધ થઈ જશે.

## સાત્ત્વિક શ્રદ્ધા કોને કહે છે. ?

સત્ય શ્રેય કે જેનાથી પરમ શાંતિ મળે છે, એને ધારણ કરવા માટે પોતના હૃદયને જ્ઞાની આગળ અર્પણ કરવું એ સાત્ત્વિક શ્રદ્ધા છે.

ત્યાગ, તપ, દાન વગેરેની જેમ શ્રદ્ધા પણ નિકૃષ્ટ, મધ્યમ અને ઉત્તમ એમ ત્રણ પ્રકારની હોય છે. ગીતામાં આનું વર્ણન છે. ટૂંકમાં શ્રદ્ધાનો ભેદ સમજવો હોય તો જે પોતાનાં શ્રદ્ધાસ્પદ દેવ પાસેથી સાંસારિક સુખ ઇચ્છે છે તે તમોગુણી, નિકૃષ્ટ શ્રદ્ધાળુ છે, જે એમની પાસેથી શક્તિ ઇચ્છે છે તે રજોગુણી, મધ્યમ શ્રદ્ધાળુ છે. અને જે કેવળ શાંતિ ઇચ્છે છે તે સત્ત્વગુણી, ઉત્તમ શ્રદ્ધાળુ છે.

## મનુષ્ય પોતાના કર્તવ્યને જાણવા છતાં પૂરા કેમ નથી કરતો ?

કર્તવ્ય પાલન પ્રતિ પ્રેમ નથી. ભોગ–સુખ પ્રતિ જે આસક્ત હોય છે તે કર્તવ્ય પાલનમાં આળસ પ્રમાદ કરે છે.

**યોગ કોને કહે છે. ?**

જેને ભૂલવાથી સંયોગ–વિયોગનાં બંધન થાય છે. અને જેનાં અનુભવથી સંયોગ–વિયોગનાં બંધન મટી જાય છે, એ યોગ છે.

**દોષોની વૃદ્ધિ કેવી રીતે રોકવી ?**

જે કાંઈ આપણને શુભ સુંદર મળ્યું છે. એનું દાન કરવાથી દોષ નાશ પામે છે.

**સદ્‌ગુણોની વૃદ્ધિ કેવી રીતે થાય ?**

કોઈએ આપણા પ્રત્યે પ્રતિકૂળ વ્યવહાર કર્યો હોય એનો બદલો ન લેવાથી અને નિષ્કામ સેવાથી.

**જાણવા છતાં પણ દોષોનો ત્યાગ કેમ નથી થતો ?**

મસ્તિષ્ક અને હૃદયમાં એકતા ન હોવાથી, બુદ્ધિ–વિવેક વડે માણસ જેને છોડવા ઈચ્છે છે, મનથી એને સુખદ માનીને પકડ્યે જ રાખે છે.

**ભય કેમ લાગે છે ?**

નિર્ભયનાં આશ્રયમાં ન જવાથી અથવા હાનિ અને દુઃખની આશંકાથી અથવા તો વિવેક અને અભ્યાસની કમીને લીધે ભય લાગે છે.

**જ્ઞાની પુરુષનો સુસંગ કેવી રીતે મળે ?**

જિજ્ઞાસા પ્રબળ થયે પરમેશ્વરની કૃપાથી.

**આત્મકલ્યાણનું સરળ સાધન કયુ ?**

જે કાંઇ તમે કરી શકો છો એ સરળ સાધન છે. વાસ્તવમાં જે કાંઈ કરવાનો અભ્યાસ થઈ જાય છે તે સરળ લાગે છે, જેનો અભ્યાસ નથી હોતો એ મુશ્કેલ લાગે છે.

**કલ્યાણ ઈચ્છવાવાળાનું કર્તવ્ય શું ?**

જે કાંઈ મનુષ્ય જાણે છે એ જ કરે.

**ધ્યાન કેવી રીતે કરવું ?**

વિરહિણી પ્રેમિકાને જોઈ છે ? ધ્યાન કરવાનું નથી હોતું, એ તો આપોઆપ જ થાય છે. કોઈ સાચો પ્રેમી જ ધ્યાની થઈ શકે છે, યથાર્થ જ્ઞાની જ પ્રેમી થઈ શકે છે. અને સંયમી શ્રદ્ધાળુ જિજ્ઞાસુ જ જ્ઞાની થઇ શકે છે.

**જીવને શાંતિ કેવી રીતે મળી શકે ?**

રાગ–દ્વેષ તથા દોષોનાં ત્યાગથી. અહંકાર, મનોકામના, ભોગની આસક્તિ, લોભ, મોહ, અભિમાન વગેરે વિકારો જ જીવને શાંતિ બાજુ જવા નથી દેતા.

**લોભ કઈ રીતે છૂટે ?**

ધનની અસારતા અનુભવવાથી, તૃષ્ણાનાં ત્યાગથી તથા સંતોષ ધારણ કરવાથી.

**મોહથી કઇ રીતે છૂટવું ?**

કોઈને પણ પોતાના ન માનવા તથા બધાને પરમાત્માનાં જીવાત્મા જાણવા એ મોહ નિવૃતિનો ઉપાય છે. સદ્‌વિવેકથી મોહ દૂર થાય છે.

**ક્રોધ કઇ રીતે નિવૃત થાય છે ?**

અભિમાન તથા લોભ છોડવાથી ક્રોધ નહીં આવે, ક્રોધ ત્યારે આવે છે જ્યારે કોઈ પોતાની વાત નથી માનતું અથવા પોતાનો અનાદર કરે છે. જેટલું અધિક અભિમાન હોય છે એટલો જ અધિક ક્રોધ, માનમાં ધક્કો લાગવાથી આવે છે. જેટલો અધિક લોભ પ્રબળ હોય છે એટલો જ અધિક ક્રોધ નુકશાન કરવાવાળા પ્રત્યે આવે છે.

**સંસારથી સંબંધ કેવી રીતે તૂટી શકે ?**

સંસાર પાસેથી જે કાંઈપણ નથી ચાહતો એનો જ સંબંધ તૂટે છે. અર્થાત્ પૂર્ણ વિરકત જ સંસારથી સંબંધ તોડી શકે છે.

**ઘરમાં, કુટુંબ–કબીલામાં રહીને ભગવાનનું ભજન શું થઈ શકે ?**

ઘરમાં, કુટુંબ–કબીલામાં રહીને ભગવદ્–ભજન થઈ શકે છે. પણ મનમાં ઘર પરિવાર કુટુંબ–કબીલો રાખીને ભજન, ધ્યાન નથી થઈ શકતા.

**ક્યારેક ક્યારેક કોઈ વસ્તુ પ્રયત્ન કરવા છતાં પણ કેમ નથી મળતી ?**

પુણ્યની કમીને કારણે જેની અભિલાષા હોય એ વસ્તુ નથી મળતી.

**વસ્તુ તથા વ્યક્તિને આધીન કેમ થવું પડે છે. ?**

સુખની ઈચ્છાને તૃપ્ત કરવા માટે.

**પરાધિનતા કેવી રીતે મટે ?**

ઈચ્છાઓનો ત્યાગ કરવાથી.

**ઈચ્છાઓનો ત્યાગ કઈ રીતે થાય ?**

જ્યારે સુખનાં અંતે ચોક્કસ આવતા દુઃખોનો અનુભવ થાય છે. ત્યારે કોઈ શાંતિ ચાહવાવાળો ઈચ્છાઓનો ત્યાગ કરી શકે છે.

ઈચ્છાઓની પૂર્તિમાં સુખ મળે છે, પૂર્તિમાં અડચણ આવવાથી દુઃખ થાય છે. ઈચ્છાઓને કારણે જ માણસને રાગી, દ્વેષ, ક્રોધી, લોભી, મોહી વગેરે થવું પડે છે. એટલે જ્યાં સુધી સુખની ઈચ્છાનો ત્યાગ ન થાય ત્યાં સુધી, ભલેને હજારો વરસો સુધી ઈચ્છાપૂર્તિ થતી રહે, શાંતિ નથી મળતી.

**સૌથી સારો વ્યક્તિ કોને સમજવામાં આવે છે ?**

જે બુરી વ્યક્તિમાં પણ સારપને જ ખોળે છે તે.

**સૌથી બુરી વ્યક્તિ કોને માનવામાં આવે છે ?**

જે સારી વ્યક્તિમાં બુરાઈ જુએ છે.

**નિર્દોષ કોણ છે ?**

જેણે પોતાને ઢાંકવાની જરૂર નથી પડતી. જે નગ્ન રહી શકે છે.

નગ્નનો અર્થ શરીરને વસ્ત્રહીન દશામાં રાખવું એવો નથી, પરંતુ જેનું જીવન છળ, કપટ, અભિમાન અને માયાનાં આવરણ વિનાનું છે તે નગ્ન છે. દોષ ઢાંકવા માટે જ પડદાની જરૂર છે. નિર્દોષે આવરણ પહેરવાની જરૂર નથી.

**નિર્મળ કોણ છે ?**

જે પોતાની જાતિથી ભિન્ન પદાર્થ પોતાના ઉપર નથી રહેવા દેતો એ નિર્મળ છે.

અર્થાત્ જીવાત્મા ચૈતન્ય જાતિનો અને શરીર, ઇન્દ્રિયો, અંતઃકરણ જડ જાતિનાં છે. જે દેહ વગેરે સંઘાતનાં અભિમાનથી રહિત છે એ નિર્મળ છે.

જે પોતાના અવિનાશી ચૈતન્ય સ્વરૂપ ઉપર જડ અને વિનાશીને ચડવા નથી દેતો એ નિર્મળ છે.

**બીજાની ભલાઈ કેવી રીતે કરી શકાય ?**

પોતે ખુદ ભલો થાય તો જ બીજાની ભલાઈ કરી શકાય. આજ રીતે કોઈનું બુરું કરતા પહેલા પોતાએ બનવું પડે છે.

**પોતે ભલા થવાનો શું ઉપાય છે ?**

બુરાઈનો ઉત્તર બુરાઈથી ન દે એ જ ભલો થઈ શકે છે.

**કર્તવ્ય કર્મ અવસર ઉપર ભુલાઈ જતું હોય તો શું કરવું ?**

જેના સંગથી કર્તવ્યનું સ્મરણ રહે એવાનો સંગ કરવો.

**સ્વર્ગ એટલે શું ?**

ભયરહિત નિષ્કંટક ભોગનું સ્થાન એ જ સ્વર્ગ છે.

**નર્ક શું છે ?**

ભય સહિત સર્વ અંગો દ્વારા દુઃખ ભોગવવાનું સ્થાન એ જ નર્ક છે.

**જીવને નરકમા કોણ લઈ જાય છે ?**

ભોગમાં આસક્ત મન.

**જીવને સ્વર્ગમાં કોણ લઈ જાય છે ?**

ભોગોથી વિરક્ત અને શુભ કર્મમાં લાગેલું મન.

**જીવ જાણવા છતાં કેમ પટકાય છે ?**

જ્ઞાનનો અનાદર કરવાને કારણે.

**જીવ પોતાના દુઃખદ સ્થળને જોતો કેમ નથી ?**

કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે વિકારોથી આંધળો અને પાગલ હોવાને કારણે.

**સંગ કોનો કલ્યાણકારી છે ?**

જે સર્વ પ્રકારનાં સંગ–અભિમાનથી મુક્ત છે. એનો સંગ સર્વોત્તમ છે.

**અધઃપતનથી માણસ કઈરીતે બચીશકે ?**

નીચ વસ્તુ–વ્યક્તિથી મળતા લાભનો ત્યાગ કરવાથી.

**માનવ જીવનની સફળતા શેમાં છે ?**

ફરી જન્મ લેવાની જરૂર ન રહે ત્યારે જીવન સફળ કહેવાય.

**જન્મ કેમ લેવો પડે છે ?**

સાંસારિક સુખ–ભોગની વાસના બાકી રહેવાને કારણે.

**ભગવાનની કૃપા ક્યારે થાય છે ?**

જયારે જીવ ભગવાનને પ્રેમ કરે છ ત્યારે કૃપાની પ્રતીતિ થાય છે.

**શિષ્ય શું કામ બનવું જોઇએ ?**

ગુરુ થવા માટે શિષ્ય થવું જરૂરી છે.

**ગુરુદેવનાં સંગનો, ઉપદેશનો પ્રભાવ કોઈ કોઈ ઉપર કેમ નથી પડતો ?**

જે શિષ્ય નથી એનાં ઉપર પ્રભાવ નથી પડતો અર્થાત્ શ્રદ્ધા વગરનાં ઉપર પ્રભાવ નથી પડતો.

ગુરુદેવનાં ઉપદેશનો અધિકારી કાં તો ભોગ–સુખથી વિરક્ત વ્યક્તિ છે, કાં તો કોઈ પૂરેપૂરો દુઃખી માણસ છે, અથવા તો બધા પ્રકારે સુખી વ્યક્તિ છે. ત્રણે પ્રકારની વ્યક્તિઓમાં પ્રગાઢ શ્રદ્ધા, પ્રબળ જીજ્ઞાસા તથા ઈન્દ્રિય–સંયમ હોવા અત્યંત જરૂરી છે.

## સાધકોએ કઈ કઈ બાબતોથી સાવધ રહેવું જોઈએ ?

આળસથી, પ્રમાદથી, મનની ઈચ્છાઓથી, પ્રલોભનોથી, નિરાશાથી, માન પ્રતિષ્ઠા અને સુખ ઉપભોગથી, મેળવેલી શક્તિ દ્વારા ચમત્કાર પ્રદર્શનથી અને સમય અને શક્તિનાં અપવ્યયથી સાવધ રહેવું જોઈએ.

## સાધકને માટે સર્વોપરી લાભ શું છે ?

પોતાનું બધું જ દઈને ભગવાનને મેળવી લેવા અને પછી કશાયનાં બદલામાં ભગવાનને ન દેવા અર્થાત્ ન ભૂલવા એ જ સાધકને માટે પરમ લાભ છે.

## પ્રભુની અનંત કૃપાનો અનુભવ સાધકને કેવી રીતે થાય છે ?

પોતાનાં સુખ–દુઃખની ચિંતા છોડીને પરમ પ્રભુનું ચિંતન કરતા રહેવાથી એની કૃપાનો નિરંતર અનુભવ થાય છે.

## સાધકે હંમેશા શું યાદ રાખવું જોઈએ ?

જ્યાં જવાનું છે, જેને પામવાનું છે. એને જ યાદ રાખવું જોઈએ.

**સાધકે ભૂલવા જેવું શું છે ?**

જે પછવાડે છૂટી ગયું છે અને જે આગળ જતા છૂટી જવાનું છે. એ બધુ ભૂલવા જેવું છે.

**સાધકની સાધનામાં ઉન્નતિ ક્યા ક્યા લક્ષણોથી વર્તાય ?**

જ્યારે વીતી ગયેલી વાતો યાદ ન આવે, આગળની કાંઈ ચિંતા ન રહે, ભગવાનનાં સ્મરણની સાથે ભગવાનને પામવાની વ્યાકૂળતા વધતી જાય અને મનની વૃત્તિઓ બહિર્મુખી ન રહે, આ બધા ઉન્નતિનાં લક્ષણો છે.

**સાધક સાધનામાં આવતા વિઘ્નો અને મુશ્કેલીઓથી પોતાને કેવી રીતે બચાવી શકે છે ?**

ભગવદ્ શરણું લીધુ છે, એને સદા યાદ કરતા રહીને.

**ભગવાનનું શરણું ભૂલાઈ જાય એના શું લક્ષણ છે ?**

જ્યારે સાધક પોતાની સાધના બીજા આગળ પ્રગટ કરવા લાગે, માન, પ્રતિષ્ઠામાં રસ લેવા લાગે ત્યારે સમજી જેવું કે શરણું ભૂલાઈ ગયું છે.

**સાધક પોતાના માટે કઈ વસ્તુ ઈચ્છે કે જેનાથી સંસારમાં પતન ન થાય ?**

પોતાના માટે કેવળ શાંતિ ઈચ્છે અને જે કાંઈ શક્તિ મળે એનાથી બીજા જીવોની સેવા સહાય કરે, તો પતન નહીં થાય.

## સાધનામાં મદદરૂપ વસ્તુઓ કઈ કઈ ?

પરમાર્થ સિદ્ધિ માટે ફાજલ સમય, વ્રત તપનો દ્રઢ સંકલ્પ, નિરંતર ઉત્સાહ, નિષ્કામ સેવા, સાહસ, ધીરજ, સતત પ્રયત્ન અને સદગુરુ–શરણ.

## સાધનામાંથી પતન થયું કોને કહેવાય ?

સાધનાથી પ્રાપ્ત શક્તિનો પોતાની ઈચ્છા પૂર્તિ માટે ઉપભોગ કરવો એ પતન છે.

## સાધના ઉન્નતિ કેવી રીતે થાય ?

સંસારનું જે કાંઈ સ્વીકારેલું છે એનો અસ્વીકાર કરતાં જવાથી ઉન્નતિ થાય છે.

## સાધનામાં અડચણ શું છે ?

સંસારની વસ્તુઓમાં રાગી થવું એ જ અડચણ છે. અશુભ બિનજરૂરી તુચ્છને છોડી ન શકીએ એ જ અડચણ છે.

## શરીરમાં મન એ શું છે ?

જે સાંભળીને માને છે અને એનું મનન કર્યા કરે છે. એ મન છે.

## ચિત્તનું સ્વરૂપ શું છે?

માનેલા દુઃખદ–સુખદ પદાર્થનું ચિંતન કરવું એ જ ચિત્તનું રૂપ છે.

**બુદ્ધિનું કાર્ય શું છે ?**

માનેલું છે એમાંથી પોતાના પારકાનો નિર્ણય કરવો, જાણવું એ બુદ્ધિનું કાર્ય છે.

**ભગવાનની વિશેષ કૃપા કઈ રીતે ઓળખાય ?**

જ્યારે મનુષ્યને સંત ગુરુદેવનો સુસંગ સુલભ હોય ત્યારે ભગવાનની વિશેષ કૃપા થઈ કહેવાય, અને જ્યારે બુદ્ધિ શુદ્ધ હોય ત્યારે તો ખૂબ જ વિશેષ કૃપા સમજવી જોઈએ.

**સૌથી મોટો દૈવી દંડ કયો ?**

જેની બુદ્ધિ વિપરીત તથા મલિન થઈ જાય એ જ સર્વોપરી દૈવી દંડ છે.

**ચિંતામુક્ત રહેવાના ક્યા ક્યા સાધન છે ?**

ફરજ પાલન બરાબર બજાવવાથી, કોઈનું પણ કોઈ પણ પ્રકારનું દેણું ન રહેવા દેવાથી અને નકામી બાબતોનું મનન છોડવાથી ચિંતા મટી જાય છે.

**ભક્તિ કોને કહે છે ?**

પોતાની જાતને નિરંતર ભગવાનમાં જ અનુભવ કરતી રહેવી અને પોતાની જાતને ક્યારેય પણ ભગવાનથી દૂર ન ગણવી એ ભક્તિ છે.

**મુક્તિ કોને કહે છે ?**

પરમાત્મામાં અંતઃકરણ લીન થઈ જાય એ મુક્તિ છે. જ્યાં સુખ દુઃખનાં બંધન મટી જાય ત્યાં મુક્તિ છે.

**માયાથી કોણ છૂટે છે ?**

જે માયાને પોતાની નથી ગણતો અને જે પોતાના માટે માયા પાસેથી કાંઈ નથી ઈચ્છતો એ માયાથી મુક્ત થાય છે.

**સંન્યાસી કોને કહે છે ?**

જે સંસારમાંથી ગ્રહણ કરેલાનો ત્યાગ કરી દે છે, આસક્તિ કામનાથી રહિત થઈ જાય છે એ **સંન્યાસી** છે.

જે ગૃહસ્થ ન થતાં બ્રહ્મચર્ય આશ્રમથી જ સમસ્ત ભોગ સુખોથી મન હટાવી લે છે એ **ઉદાસીન** છે.

જે સાંસારિક પદાર્થો કે સંબંધીઓ પ્રતિ મોહ–રાગ નથી રહેવા દેતો એ **વૈરાગી** છે.

જે નિરંતર સત્ય પરમતત્ત્વ પરમાત્માનું જ સર્વત્ર મનન કરતો રહે છે એ **મુનિ** છે.

જે આ વિશ્વમાં ઓતપ્રોત વિશ્વનાથ પરમાત્માને જાણી લે છે એ **હંસ** છે.

જે પ્રકૃતિનાં પ્રકાશક પરમાત્મામાં જ નિરંતર પોતાને જોયા કરે છે એ **પરમહંસ** છે.

જે ચિંતા, ભય, બંધન તથા દુઃખથી રહિત છે એ **મુક્ત** છે.

જે ચિંતિત, ભયાતુર અને દુઃખી રહ્યા કરે છે એ **બંધાયેલો** છે.

જે પોતાને સુખી કરતા કરતા બીજાને દુઃખ દે છે એ **અસુર** છે.

જે બીજાને દુઃખી કર્યા વિના સુખ ભોગ પસંદ કરે છે એ **મનુષ્ય** છે.

જે સદા બીજાઓને જ કામ આવતો રહેતો હોય એ **દેવતા** છે.

જેનો આશ્રય લેવાથી જીવને પરમશાંતિ મળે છે અને જે નિત્ય એકરસ અવિનાશી પરમ આનંદ છે એ **પરમેશ્વર** છે.

## શું એ સાચું છે કે જે કાંઈ બને છે એ બધુ ઈશ્વરની ઈચ્છાથી જ થાય છે ?

જે કાંઈ ઈશ્વરનાં અધિકારમાં છે ત્યાં ઈશ્વરની ઈચ્છા મુખ્ય હોઈ શકે છે પરંતુ જે કાંઈ જીવનાં અધિકારમાં છે, ત્યાં જીવની ઈચ્છા અનુસાર બને છે. જીવની ઈચ્છા, ઈશ્વરની ઈચ્છા અનુસાર ત્યાં સુધી નહીં થાય જ્યાં સુધી જીવ ભક્ત ન બને અને પોતાને ઈશ્વરનાં ચરણે સમર્પિત ન કરી દે.

## તો પછી, ઈશ્વરની ઈચ્છા વિના પાંદડુ પણ નથી હલતું એમ લોકો શા માટે કહે છે ?

વાસ્તવમાં એમ કહેવું જોઈએ કે ઈશ્વરની સત્તા વિના પાંદડુ પણ નથી હલતું. ઈશ્વરની સત્તા એને કહે છે છે જે પોતાની

રીતે કાંઈ નથી કરતી અને એના વિના કાંઈ પણ થઈ જ નથી શકતું. જે રીતે સૂર્યનો પ્રકાશ સ્વયં કોઈ પાસે કામ નથી કરાવતો પણ બધા પ્રાણીઓ પ્રકાશમાં જ બધા કર્મો કરે છે.

**પોતાની જાતને પરમેશ્વરનાં ચરણે અર્પણ કઈ રીતે કરવી ?**

અર્પણ કરવામાં માટે કોઈની પાસે કાંઈ છે જ કયાં ? આથી અનુભવ કરવો જોઈએ કે હંમેશ માટે પ્રથમથી જ આપણે સમર્પિત છીએ જ.

**જે પ્રત્યક્ષ દેખાય છે એને જ્ઞાની પુરુષ મિથ્યા કેમ કહે છે ?**

ઇંદ્રિયોની દ્રષ્ટિથી જે પ્રત્યક્ષ સત્ય જેવું દેખાય છે, બુદ્ધિ, દૃષ્ટિથી એ જ ક્ષણે ક્ષણે બદલાવાવાળું દેખાય છે, એટલા માટે જ્ઞાની જન જગત દ્રશ્યને તથા સુખને મિથ્યા કહે છે.

**સાધક જે કાંઈ ઇચ્છે છે એની પૂર્તિ કઇ રીતે થાય છે ?**

સાધક જે કાંઈ ચાહે છે એની અપ્રાપ્તિનું દુઃખ અને જે કાંઈ નથી ચાહતો એનો સંયોગનું દુઃખ જ્યારે પ્રબળ થાય છે ત્યારે ઈચ્છાની પૂર્તિ થાય છે.

**પોતાને નિર્દોષ બનાવવા માટે શું ઉપાય છે ?**

પોતાનાં દોષોથી ખૂબ જ દુઃખી થઈને દોષોનો ત્યાગ કરવો અને પારકાના અવગુણ જોવાની ચેષ્ટા ન કરવી, એ નિર્દોષ થવાનો ઉપાય છે.

## દોષ–દર્શનની આદત કેવી રીતે મટે ?

આત્મજ્ઞાન થયે અથવા બધા પ્રાણીઓ પ્રત્યે પ્રેમ વિસ્તૃત થયે દોષ–દર્શનની કુટેવ છૂટી જાય છે.

## પોતાની ભૂલોનું મનુષ્યને જ્ઞાન કેમ નથી થતું ?

અપૂરતા દુઃખ તથા અપૂરતી જિજ્ઞાસાને કારણે જ્ઞાન નથી થતું. શ્રદ્ધા અને જ્ઞાની પુરુષોનાં સત્સંગનાં અભાવને કારણે જ્ઞાન નથી થતું.

## દુઃખ–સુખમાં સમતા કેવી રીતે રાખી શકાય ?

સુખ–દુઃખથી પર એવા પરમશાંત પરમ આનંદને જે પુરુષ મેળવવા ઈચ્છે છે એ સુખ–દુઃખમાં સમ રહેવા લાગે છે.

## સુખ અને શાંતિમાં શું ફરક છે ?

સુખ સંસારિક વસ્તુઓ તથા વ્યક્તિઓથી મળે છે. જ્યારે શાંતિનો અનુભવ સ્વરૂપની અંદર રહેલા સત્યમાં થાય છે. સુખ–સંયોગથી મળે છે. શાંતિ ત્યાગ થકી યોગથી સુલભ બને છે. સંયોગ પોતાનાથી ભિન્ન વસ્તુથી થાય છે. જ્યારે યોગનો અનુભવ સત્યથી થાય છે.

## ચિત્ત–શુદ્ધિનો શો ઉપાય છે ?

જે કાંઈ અશુદ્ધ છે એનું ચિંતન ન કરવું અને શુદ્ધ સત્યનું જ ચિંતન કરવું.

**મન કેવી રીતે વશ થાય છે ?**

મનથી કામ લેવાનું છોડી દેવાથી મન વશ થઈ જાય છે.

**સ્વાધ્યાયનો શું અર્થ છે ?**

કોઈપણ ગ્રંથનાં અધ્યયન દ્વારા પોતાનાં જીવનમાં દોષો અને ગુણોનું નિરીક્ષણ કરવું એ જ સ્વાધ્યાય છે. પોતાના દરેક કર્મની પાછળનાં ભાવને, અને ભાવની પાછળનાં જ્ઞાનને તથા જ્ઞાન પાછળનાં લક્ષ્યને જોવું એ સ્વાધ્યાય છે.

**જે પ્રત્યક્ષ સુખદ છે એનો ત્યાગ કેવી રીતે કરીએ, અને જે દેખાતું નથી એને પ્રેમ કઈ રીતે કરીએ ?**

જે કાંઈ ઈંદ્રિયોથી દેખાઈ દે છે એ તમારાથી દૂર છે અને મિથ્યા છે. સદા સાથે રહેવાનું નથી માટે એના પ્રત્યે થતા રાગનો ત્યાગ કરવો જોઈએ, અને જે ઈંદ્રિયોથી દેખાતું નથી તો પણ નજીકમાં નજીક છે તથા જેમાં જીવાત્મા નિત્ય રહે છે એને જ પ્રેમ કરવો જોઈએ.

**સંસારમાં સુખી કોને ગણવો ?**

જે દુઃખીયાને કે બીજાને કામ આવતો હોય.

**દુઃખી કોણ ?**

જેને અન્યની જરૂરત રહ્યા જ કરતી હોય એ દુઃખી છે. કામનાવાળા અને વાસનાથી બંધાયેલા પ્રાણી દુઃખી છે. જેનામાં શક્તિ ઓછી અને ઈચ્છાઓ વધુ છે એ દુઃખી છે.

**અમને રાગી–દ્વેષી કોણે બનાવ્યા છે ?**

સુખે રાગી બનાવ્યા છે અને દુઃખે દ્વેષી બનાવ્યા છે.

**રાગ–દ્વેષથી છુટવાનો ઉપાય શું ?**

સુખને અસાર નાશવંત સમજીને અને દુઃખને માની લીધેલું જોઈને સુખ બીજાને આપતા રહો અને દુઃખને તપનાં ભાવથી સ્વીકરતા રહો તો આનાથી રાગ–દ્વેષ મટી જશે.

**સંસારમાં સર્વત્ર આટલું બધું કષ્ટ અને દુઃખ કેમ છે ?**

સમસ્ત કષ્ટ તથા દુઃખ નિયમ ધર્મનું ઉલ્લંઘન કરવાને કારણે છે. આ બધા દુઃખ જ માણસને સત્યની શોધ માટે તથા નિયમ સદ્ધર્મનાં આશરે જવા માટે વિવશ બનાવે છે.

**ઉદારનાં શું લક્ષણ છે ?**

જે પોતાના સુખને વહેંચતો રહે છે, જે સંગ્રહ નથી કરતો એવો દયાળુ, દાની અને ક્ષમાશીલ જ ઉદાર છે.

**નિર્લોભી કોને ગણવો ?**

જે સંપત્તિ–જનિત સુખથી નિરાશ થઈ ગયો હોય, જે ગયેલી વસ્તુને યાદ નથી કરતો અને જે પ્રાપ્ત વસ્તુની હાનિનો ભય તથા સંચયની ચિંતા નથી કરતો એ નિર્લોભી છે.

**નિર્મોહી કોણ છે ?**

જે સંબંધીઓથી તથા પોતનાં શરીરથી નિરાશ થઇ ગયો છે, જે કાંઈપણ પોતાનું નથી ગણતો અને જે કોઇ વસ્તુ કે

વ્યક્તિથી સંબધ તૂટી જતા દુઃખી નથી થતો, એ જ મોહ રહિત છે.

## સત્સંગ પ્રેમી કોને ગણવો ?

જે ગુરુની સમીપતામાં પોતાનાં દોષોને જાણે છે અને એને દૂર કરે છે અથવા જે અસત્‌થી વિમુખ થઈને સત્યની જ સન્મુખ રહે છે એ જ સત્સંગ પ્રેમી છે.

## આસન દ્રઢ થવાથી શું લાભ છે ?

શરીર સ્થિર કરીને હલવા–ડુલવા ન દેવું એ શરીરનું દ્રઢ–આસન છે. ઈંદ્રિયોને વિષય સુખો તરફથી પાછી વાળી લેવી એ ઈંદ્રિયોનું સ્થિરાસન છે. મનમાં કોઈની કાંઈ આશા ન રાખવી એ મનનું સિદ્ધાસન છે. બુદ્ધિને દ્રશ્યમાંથી પાછી વાળી લઈને આત્મ–વિવેચનમાં તલ્લીન રાખવી એ બુદ્ધિનું સ્વસ્તિકાસન છે. અહંને, જે સૌથી પર તત્ત્વ છે એ પરમ આધાર સત્ય વડે અખંડ અને સચેતન રાખીએ એ જ અહં માટે મુક્તાસન છે. સંસારથી નિરાશ થઈને સત્યનાં અનુભવ માટે સત્યની ઉન્મુખ થઈને પોતાને સ્થિર કરીએ એ જ આસન છે. સ્થિર આસનથી યોગની સિદ્ધિ થાય છે.

## મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય ?

આત્માનાં જ્ઞાનથી, મનનાં નાશથી અને વાસનાનાં ત્યાગથી મોક્ષ મળે છે. આત્મજ્ઞાનથી વાસનાનો નાશ અને વાસનાનાં નાશથી મનોનાશ થાય છે.

**મનુષ્યનાં અલગ અલગ સ્વભાવ કોણે બનવ્યા ?**

મનુષ્ય જેવો પણ દેખાય છે એવો પોતાના વિચારોને કારણે જ બન્યો છે. સુખદાયી વિચારોમાં રહેવાવાળો સુખી અને દુઃખદાયી વિચારોમાં રહેવાવાળો દુઃખી રહે છે.

**સ્વયં જ પોતાનો શત્રુ અને સ્વયં જ પોતાનો મિત્ર એ કોને લાગુ પડે છે ?**

જે માત્ર પોતાનાં જ સુખનું ધ્યાન રાખે છે એ સ્વયં પોતાનો શત્રુ છે, અને બીજા પણ અનેક શત્રુઓથી ઘેરાયેલો રહે છે. જે પોતાના સુખ, સ્વાર્થનો ત્યાગ બીજાઓની ખાતર કરતો રહે છે તે સ્વયં જ પોતાનો મિત્ર છે અને તે અનેક મિત્રોથી ઘેરાયેલો રહે છે.

**વિશ્વાસ કોના ઉપર કરવો જોઈએ ?**

ઈશ્વર ઉપર, આપણાં સૌ ઉપર શાસન કરવાવાળા નિયમ ઉપર, કાર્ય પૂર્ણ કરવાવાળી શક્તિ ઉપર, પોતાનાં કર્તવ્ય ઉપર અને વિરક્ત જ્ઞાની સંતનાં હિતકારી વાક્યો ઉપર.

**વિશ્વાસ કોના કોના ઉપર ન કરવો જોઈએ ?**

પોતાની અથવા સંબંધીઓની કોઈ પણ વખતે મૃત્યુથી ગ્રસ્ત થઈ જવાવાળી કાયા ઉપર, પોતાની અથવા સંબંધીઓની સાંસારિક સંપત્તિ ઉપર, સ્વાર્થીની સેવા ઉપર, શત્રુના સન્માન ઉપર, નારીનાં અશ્રુ ઉપર, અસંયમી મનનાં સંકલ્પો ઉપર અને અદૂરદર્શીએ નક્કી કરેલા લક્ષ્ય ઉપર.

**સાચો ભક્ત કે જ્ઞાની સંસારમાં કેવી રીતે રહે છે ?**

જે બધાની ઉપર પોતાને રાખે છે પણ પોતાની ઉપર કાંઈ પણ નથી રાખતો એને જ, પરમાત્મા જે પોતાની ઉપર સદા બિરાજમાન છે એ સત્યનો અનુભવ થાય છે. એ જ ભક્ત છે, એ જ જ્ઞાની છે. આવો ભક્ત કે જ્ઞાની સંસારમાં એવી રીતે રહે છે જેવી રીતે પાણીમાં હોડી રહે છે.

**અગર અમારા શ્રદ્ધેય ગુરુ લોભી, અભિમાની, ક્રોધી વગેરે હોય તો એના પ્રતિ અમારી શું ફરજ છે ?**

વાસ્તવમાં ગુરુતત્ત્વમાં લોભ, ક્રોધ, અભિમાન વગેરે વિકાર નથી હોતા, વિકાર તો મન વગેરે પ્રકૃતિનાં સાધનમાં હોઈ શકે છે. આવી અવસ્થામાં તમે પોતાનાં કામી, ક્રોધી લોભી અને મોહી મનની સાથે જે કાંઈ કરો છો, માત્ર એ જ એવા ગુરુપ્રત્યે પણ કરો જેને તમે વિકારી જુઓ છો.

**સંસારમાં સર્વોપરી સુંદર જીવન કોનું છે ?**

જેને સંસાર ચાહે છે અને જે પોતે સંસારથી કાંઈ પણ નથી ચાહતો.

**સંસારમાં સર્વોપરી સુંદર કોણ છે ?**

જેને ભગવાન ચાહતા હોય અને જે ભગવાન પાસેથી કાંઈ ન ચાહતો હોય.

## વિશ્વાસ, શ્રદ્ધા અને વિવેકમાં શું અંતર છે ?

વગર જાણ્યે માની લીવું એ અંધ વિશ્વાસ છે. જાણીને જે જાણ્યુ છે એને માનવું એ વિદ્ધાનનો વિશ્વાસ છે. જાણીને શ્રેય પ્રતિ પ્રેમ અને પૂજયભાવ થવો એ શ્રદ્ધા છે. વગર જાણ્યે અસ્વીકાર કરવો એ અશ્રદ્ધા છે. દેહમાં આત્મા અને ચેતન આત્મામાં જડ દેહને જોવો એ વિવેક છે. મનમાં અનેક વિશ્વાસ હોય છે. બુદ્ધિમાં એક સત્યનો વિવેક હોય છે. વિશ્વાસુ અનેકતાની મધ્યમાં રહે છે. વિવેકી એક સત્યમાં હોય છે.

## કલેશ અને કષ્ટમાં શું અતંર છે ?

ટાઢ, તડકો, ભૂખ, તરસ, રોગ અને ઘડપણ વગેરેથી શરીર કષ્ટ થાય છે અને અજ્ઞાનથી, અહંકારથી, આસક્તિથી, દ્વેષથી અને મૃત્યુની આશંકાથી કલેશ થાય છે. સમસ્ત કલેશ મન દ્વારા થાય છે. અને સમસ્ત કષ્ટ દેહ દ્વારા થાય છે.

## જ્ઞાની ગુરુમાં કષ્ટ હોવા છતાં પણ અમને પૂર્ણ જ્ઞાન કેમ નથી થતું ?

જ્ઞાની ગુરુમાં શ્રદ્ધા હોવાથી તો તમો એ ગુરુનાં મોહી બનશો. જેથી જ્ઞાની હોવાનો અહંકાર જ વધશે, જે હજારો શ્રદ્ધાળું શિષ્યોમાં દેખાઈ આવે છે.

જ્ઞાની ગુરુમાં શ્રદ્ધા પ્રેમ કરવાવાળા લાખો શિષ્ય મળશે પરંતુ ગુરુનાં જ્ઞાનમાં શ્રદ્ધા રાખવાવાળો તો કોઈ વિરલો જ હશે.

લાખો શિષ્યોને એ પણ ખબર નથી કે પોતાના શ્રદ્ધાસ્પદ ગુરુથી તે મુક્તિ આપવાવાળું જ્ઞાન ઈચ્છે છે કે બંધનમાં નાખવાવાળું જ્ઞાન ઈચ્છે છે.

**ધ્યાનમાં શું દેખાય છે ?**

ધ્યાનમાં કોઈને પોતાની કલ્પનાનો આધાર દેખાય છે, કોઈને પોતાનાં ભાવ પ્રમાણે આકાર દેખાય છે, કોઈને જે કંઈ અંદર થઈ રહ્યું છે એ દેખાય છે અને અંતે જે નિરંતર છે, નિત્ય છે, જે છે એનો અનુભવ થાય છે. કોઈ માનીને ધ્યાન કરે છે; કોઈ જાણીને ધ્યાનથી જુએ છે.

ધ્યાન માટે સૌ પ્રથમ મોહથી જાગ્રત થવું જરૂરી છે, પછી જોવા માટે સજગ રહેવું અને અંદર જે કાંઈ થઈ રહ્યું છે એના પ્રતિ સાક્ષી રહેવું જરૂરી છે. જે નિકટ, અતિ નિકટ ચેતના છે એમાં સ્થિર થવું એ ધ્યાન છે. નિંદ્રામાં પણ ચેતનાનો બોધ રહે એ ધ્યાન છે. ધ્યાન સિદ્ધ થયે સાધક સુતેલો રહી ચેતનામાં જાગે છે અને જાગતી વખતે ચેતનામાં સુતેલો રહે છે. ધ્યાનમાં જે અનુભવ થાય છે એ ન સાકાર છે ન નિરાકાર છે. એ તો આકારમાં નિરાકાર છે, નિરાકારમાં આકાર છે.

ધ્યાનમાં મન નથી રહેતું કારણ કે મનન કરવા માટે કાંઈ રહેતું નથી, માત્ર વિચાર રહિત ચેતના જ શેષ રહે છે.

જ્યાં સુધી વિચાર છે, ખૂબ ખૂબ વિચાર છે ત્યા સુધી મન છે. જ્યાં સુધી મનની ક્રિયા છે ત્યાં સુધી ધ્યાન માટે જાગરણ હોતું નથી. મન એ સંસારનું દ્વાર છે અને ધ્યાન એ સંસારથી મુક્તિનું દ્વાર છે.

## પ્રકૃતિ કોને કહે છે ?

જેમાં કર્મ થાય છે એ પ્રકૃતિ છે. મનુષ્યનું શરીર મનુષ્યની પ્રકૃતિ છે. ઈશ્વરની પ્રકૃતિ જ ઈશ્વરનું શરીર છે. પાંચ તત્ત્વ : પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ તથા મન, બુદ્ધિ અને અહંકાર આ આઠ અપરા પ્રકૃત્તિ છે. અને જીવાત્મા એ પરા પ્રકૃતિ છે. આ નવ પ્રકારની પ્રકૃત્તિ એ પરમાત્માનો દેહ છે.

## સુખ અને હિતમાં શું અંતર છે ?

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ વગેરે વિષય જ્યારે મન દ્વારા પ્રિય લાગે છે. આ અનુકૂળ વેદના સુખ છે અને સુખનાં અંતે થનારી પ્રતિકૂળ વેદનાથી થતું દુઃખ, આ દુઃખથી પોતાને મુક્ત કરવાની સાધનામાં હિત છે.

સ્વયંથી સંસાર તરફ આગળ વધવાની અનુકૂળતા એ સુખનો પંથ છે અને સંસારથી સ્વયં તરફ પાછા વળવાની પદ્ધતિ એ હિતનો મારગ છે. સુખનું ભાન મનને થાય છે જ્યારે હિતનું જ્ઞાન બુદ્ધિ દ્વારા થાય છે. સુખની આસક્તિ બાંધે છે હિતેચ્છુ ગુરુજનોનાં અનુશાસનમાં રહેવાથી

ગુલામીમાંથી છૂટકારો મળે છે. સુખમાં પરાધીનતા છે, જ્યારે હિતમાં સ્વાધીનતા છે. સુખની આસક્તિ જ હિતમાં બાધક છે. સુખથી વિરક્તિ હિતમાં સાધક છે.

સુખની આસક્તિમાં વિનાશીનો સંયોગ થાય છે અને એનો જ વિયોગ થાય છે. જ્યારે હિતનો વિવેક આપણને અવિનાશીનાં યોગ તરફ પાછા વાળે છે. મોહમાં સુખનો પક્ષ લેવામાં આવે છે. જ્યારે પ્રેમમાં હિતનો પક્ષ લેવામાં આવે છે.

**આત્માને વિચાર દ્વારા કેવી રીતે જાણીએ ?**

આત્માનાં વિચાર ન કરો. વિચારોનાં મૂળ સ્ત્રોતની ખોજ કરો. જ્યારે વિચાર નહીં રહે ત્યારે "જે છે" એ આત્મા છે.

**આત્મા અને અહંકારમાં શું અંતર છે ?**

બુદ્ધિમાં અહં અર્થાત્ સીમિત "હું"નું જ્ઞાન સંકલ્પ અનુસાર દશ્યાકાર થઈ જાય છે. આ અહંકાર છે. અહંકારની પાછળ ચેતન સત્તા જ આત્મા છે.

**અમને આત્માનો સાક્ષાત્કાર કેમ નથી થતો ?**

સાક્ષાત્કારની ઇચ્છા અહંકારમાં છે. આવી ઇચ્છા જ આત્મ સાક્ષાત્કારમાં બાધક છે. જ્યાં સંકલ્પ નથી, વિચાર નથી, કામના નથી, ત્યાં કેવળ આત્મા છે. અહંભાવને, વૃત્તિઓને, વિચારોને, સંસ્કારોને આત્મા પ્રકાશિત કરે છે. જે નિરંતર છે એને આત્મા-પરમાત્મા કહે છે. જ્યાં આપણા પોતાના

સિવાય બીજા કોઈને પ્રવેશ નથી, જેને આપણા પોતાના સિવાય કોઈ જાણી નથી શકતું. એ આપણો આત્મા છે.

વિચારો શાંત થયે મન ન રહેવાથી એ સ્થાને જે ચેતન સત્તાનો અનુભવ થાય છે એ આપણો આત્મા છે.

મનથી આત્મા એ રીતે ઢંકાઈ જાય છે જે રીતે સૂર્યથી ઉત્પન્ન થયેલ વાદળાથી સૂર્ય ઢંકાયેલા જેવા દેખાય છે. મન રૂપી વાદળા વીખરાતા આત્મા પૂર્ણતયા પ્રકાશિત રહે છે.

પ્રયત્ન સમાપ્ત હોય, શબ્દ શાંત હોય, વિચારનાં તરંગો વિલીન થઈ ગયા હોય ત્યારે જે અનુભવ માત્ર છે એ આત્મા છે. આત્મા જ્યારે ''હું'' રૂપે પ્રકાશિત હોય છે ત્યારે એને જીવાત્મા કહે છે. આત્માની આગળ જ્યારે ''હું''નથી રહી જતો ત્યારે એને મહાત્મા કહે છે. જ્યાં કેવલ ચૈતન્ય છે, સત્તા માત્ર છે, 'હું''નું સ્કુરણ નથી, ત્યાં પરમાત્મા છે.

''હું''ની અંદર, અહંકારની અંદર પ્રભુને જોવા એ ઈશ્વર સાક્ષાત્કાર છે. અહંકારની અંદર કાંઈ ન રહી જાય એ આત્મ સાક્ષાત્કાર છે.

**સમાધિ કોને કહે છે ?**

નિજ સ્વરૂપમાં સ્થિતિ એ સમાધિ છે.

સંકલ્પ શૂન્ય હોવું, વિચાર રહિત હોવું, નિત્ય ચેતનામાં જાગૃત રહેવું એ સમાધિ છે. પરિપૂર્ણ ચૈતન્યનો અનુભવ

સમાધિ છે જ્યાં "હું" અથવા અહંકારનું ભાન નથી રહેતું ત્યાં સમાધિ છે. અનંત સત્તા સાથે એકતાની અનુભૂતિ એ સમાધિ છે.

ભાવ સમાધિમાં દિવ્ય રૂપનાં દર્શન થાય છે. નિર્વિકલ્પ સમાધિમાં ચિદાનંદ સત્યનો અનુભવ થાય છે. મનનો લય થાય એતો જડ સમાધિ છે.

જ્યાં કેવળ ચૈતન્ય છે, અખંડ સત્તા છે, પરંતુ "હું" નથી ત્યાં સમાધિ છે. જે રીતે શબ્દથી જગતને જાણીએ છીએ એ જ રીતે શૂન્ય થઈને સ્વયંને જાણતા જ સમાધિ સુલભ બને છે.

**હું માત્ર ભગવાનનાં દર્શન માટે અશાંત છું, તો શું પ્રભુનાં દર્શન પણ ન ચાહું ?**

તમે ભગવાનનાં વિષયમાં કાંઈક વાંચ્યું છે, કાં તો સાંભળ્યું છે, એટલે દર્શનની ઈચ્છા થાય છે. આ પણ એક લાલચ છે. આવા પ્રકારનાં દર્શનની ઈચ્છા પાછળ બીજી અનેક ઈચ્છા છુપાયેલી છે. અત્યારે દર્શન ઈચ્છો છો, પછી દર્શન થયે પ્રભુને ઈચ્છવા લાગશો.

**શું ભક્ત ભગવાનનાં દર્શન નથી ચાહતા ?**

ભક્ત એ છે જેને ભગવાન નિરંતર હાજરા હજુર દેખાય છે. ભગવાનથી ભિન્નતા ન રહી જાય એ જ ભક્તિ છે, એટલે પૂર્ણ ભક્ત ભગવાનનાં દર્શન નથી ચાહતો, ઉલટું ભગવાનની પૂર્ણતાને જોયા કરે છે.

## તો પછી અનેક ભક્તોએ ભગવાનનાં દર્શન કેમ ઇચ્છયા ?

જ્યાં સુધી ભક્ત નહોતા ત્યાં સુધી જ ઇચ્છતા રહ્યા. ઇચ્છાનો અંત આવી ગયો ત્યારે ભક્ત થયા, અને ભક્ત થયે દર્શનનાં આનંદથી તૃપ્ત થઈ ગયા. જે ભક્ત પ્રભુનાં દર્શન ઇચ્છતા રહ્યા એ તમારા બનાવેલા ભક્ત છે, પ્રભુની દૃષ્ટિમાં ભક્ત નથી, વિભક્ત જ છે. ભક્ત એ છે જેને ભગવાન ક્યાંય ક્યારેય ભિન્ન નથી દેખાતા. ભગવાનથી દૂર હોવાપણું મટી જાય એ જ ભક્તિની પૂર્ણતા છે.

## ઈશ્વરની સૃષ્ટિમાં દુઃખ કેમ છે ?

જેટલું પણ દુઃખ છે તે અહંકારની સૃષ્ટિમાં છે. ઈશ્વરનાં વિધાનથી દુઃખ મનુષ્યની ઉન્નતિ માટે છે, એટલા માટે દુઃખ એટલું જ આવે છે જેટલું ઉન્નતિ માટે અતિ જરૂરી હોય. અજ્ઞાનમાં સુખ આસક્ત પ્રાણી દુઃખનો ભોગ બનતો રહે છે, જ્યારે જ્ઞાનમાં સાવધાન માનવ દુઃખની સીમાનો દ્રષ્ટા બને છે. જે દરિદ્ર છે એ દુઃખી છે. સંતોષી સદા સુખી છે.

## સંસાર સાગર પાર ઉતરવા માટે સરળ સાધન કયું ?

સંસારમાં ડૂબો કે તરો બસ ભગવદ્ પ્રેમની દોરી પકડી રાખો. પરિવારની અંદર રહો પણ પોતાના માનીને મોહી ન બનો, ભગવાનનાં જીવ છે એમ જાણીને માત્ર સેવા કરો. સંબંધ જોડ્યા બાદ મોહનાં અભિમાનથી બચી નહીં શકો. આથી અસંગ થવું એ જ સંસારથી પાર થવાનો ઉપાય છે. સંસાર

પાસેથી કાંઈ ન માંગવું અને સંસારની દેહ વગેરે વસ્તુઓને સંસારની સેવામાં લગાવી દેવી એ સંસાર–સાગર પાર ઊતરવાનો સરળ ઉપાય છે. જે સંસારને પોતાની અંદર ભરી લે છે એ જ ડૂબે છે. જે સંસારથી પોતાને ખાલી કરી લે છે એ જ પાર ઊતરે છે.

**પૂણ્યથી પાપ કઈ રીતે નષ્ટ થાય છે ?**

અગર તમે અધિક ભોજનનાં પાપને કારણે અપચાનું કષ્ટ ભોગવવા નથી ઈચ્છતા, તો આજે ભોજન છોડીને ઉપવાસ કરો અને આજનું ભોજન કોઈ ભૂખ્યાંને દઈ દો, તો આ પૂણ્યથી પાપ નષ્ટ થઈ જશે. અગર આજે અહંકારવશ કોઈનું અપમાન કરેલ છે તો હવે વિનમ્ર થઈને ક્ષમા માંગો, તો ક્ષમાયાચના રૂપી પુણ્યથી પાપ કપાઈ જશે.

કોઈનું ધન ચોરેલ હોય તો હવે થોડુ ઘણું ઊમેરીને એને પાછું આપી દો તો ચોરીનું પાપ કપાઈ જશે. કોઈ પણ પ્રકારનાં અસંયમરૂપી પાપ સંયમ રૂપી પુણ્યથી કપાઈ જાય છે.

વસ્તુ અને વ્યક્તિમાં લગાડેલી પ્રીતિ હવે આત્મા અને પરમાત્મા પ્રત્યે વાળી લો તો પાપ કપાઈ જશે. આત્માના જ્ઞાનમાં શાંત સ્વસ્થ રહેવાથી સમસ્ત પાપ છૂટી જાય છે. પાપનું સ્મરણ ચિતંન કરવાનું છોડી પુણ્ય, કર્મ વધારતા જવાથી પાપ–પ્રવૃતિ છૂટી જાય છે.

જયારે કોઈ તમારી નિંદા કરે, તમને ધિક્કારે ત્યારે શાંત

રહીને સહન કરવાથી, પ્રતિક્રિયા ન થવા દેવાથી સહજ રીતે જ તમારા પાપ નષ્ટ થશે અને નિંદકનું પુણ્ય તમારા હિસ્સામાં આવી જશે.

## આત્માનું દેહમાં સ્થાન કયાં છે ?

આત્માનું મુખ્ય કેન્દ્ર હૃદય છે, આત્મા જ હૃદય છે. એનો અનુભવ મસ્તિકથી થાય છે.

## દેહાધ્યાસ કઈ રીતે મટે ?

દેહને ધ્યાનથી જુઓ અને વારંવાર મનન કરો કે તમો સદૈવ આત્મા જ છો. આત્મા અહંકાર વિના રહે છે પણ અહંકાર આત્મા વિના નથી હોતો. જ્યારે તમે જડ દેહને ચેતન જ્ઞાનમાં જુઓ છો ત્યારે જડનાં પ્રકાશક તમે સ્વયં આત્મા છો.

## વૈરાગ્ય કઈ રીતે પૂર્ણ થાય ?

અહંકાર નહીં રહે ત્યારે રાગનો અંત આવશે. ચિત્તમાં જ સમસ્ત ચિત્રો ભરેલા પડ્યા છે. આ ચિત્રો જ રાગી, દ્વેષી બનાવે છે. મનને શોધવાથી સંકલ્પોનો સમુહ દેખાય છે. સંકલ્પ પૂર્તિનું સુખ જ રાગી બનાવે છે. ગુરુ કૃપાથી પણ વૈરાગ્ય પ્રગટે છે.

## ગુરુકૃપા કઈ રીતે થાય છે ?

ગુરુ કૃપા તો છે જ પરંતુ એનો અનુભવ અહંકાર સમર્પિત થયે થાય છે. જે કાંઈ આપો આપ આવે એમાં પ્રસન્ન રહો,

નિર્ભય રહો અને જે કાંઈ કરો એના માટે એની દયા અનુકંપા પર નિર્ભર રહો.

**દુઃખ નથી ઈચ્છતા, તો પણ કેમ આવી જાય છે ? સુખ ઈચ્છીએ છીએ છતાં પણ કેમ ચાલ્યું જાય છે ?**

ચાલ્યા જવાવાળા ક્ષણજીવી સુખને વારંવાર ઈચ્છતા હો છો, એટલે વારંવાર દુઃખ આવ્યા જ કરે છે. સુખને સદા ન રહેવાવાળી વસ્તુઓ તથા વ્યક્તિઓમાં નિર્ભર કરી દો છો એટલે વસ્તુઓ વ્યક્તિઓમાં આવતા પરિવર્તનથી સુખ જતું હોય એમ પ્રતિત થાય છે. દુઃખનું આવવું અને સુખનું ચાલ્યા જવું, એ અજ્ઞાનને કારણે જ પ્રતિત થાય છે. જે ન આવે છે, ન જાય છે એ નિત્ય નિરંતર સત્ય આત્મા પ્રતિ પ્રેમપૂર્ણ થયે સુખની લાલચ અને દુઃખનો ભય મટી જાય છે.

**જેને સત્‌નો બોધ થાય છે એ સત્ છે કે અસત્ ?**

જેને અબોધ થાય છે એને જ બોધ થાય છે, અને તે તમે જ છો માટે તમે પોતાને પોતાના વડે જ જાણો કે તમો સત્ છો કે અસત્ છો.

**પોતાના વડે જ પોતાને અમે કઈ રીતે જાણીએ ?**

તમને પોતાને એકલા થવા દો. બીજું કાંઈ પણ જ્યારે નહીં દેખાય ત્યારે પોતાને જાણવાનું સંભવ બનશે.

**સાધના કરવા માટે એકાંત ક્યાં મળે ?**

જ્યાં અનેકતાનો ભાવ નથી રહેતો ત્યાં એકાંત છે. મનુષ્યનું

મન જ એકાંત છે. મનનો સંબંધ અનેકથી ન રહે અને એકથી હોય ત્યારે એકાંત જ છે. હૃદયરૂપી ગુફાથી સારું એકાંત ક્યાંય નથી. કેવળ પ્રેમી જ એકાંત થઈ શકે છે. પ્રેમી એ છે જ્યાં કેવળ પ્રેમ અને પ્રેમ જ છે, કોઈ કામના નથી.

**ન ઈચ્છવા છતાં અમને બંધનમાં કેમ બાંધવામાં આવે છે ?**

કાંઈ ને કાંઈ જરૂર ઈચ્છો છો. સમસ્ત બંધન ઈચ્છાને કારણે છે. જે કાંઈ નથી ઈચ્છતો એને કોઈ બંધન નથી. જે કાંઈ નથી ચાહતો એને બધા ચાહે છે. જેને બધા ચાહે છે એની જરૂરીયાતો આપમેળે પૂરી થતી રહે છે. જે કાંઈ નથી ચાહતો એ જ પૂરેપૂરો સંતોષી છે. જે પૂરેપૂરા પ્રેમમાં હોય છે એ અપૂર્ણથી કાંઈ નથી ચાહતો. પરમગુરુ ભગવાનનો નિર્ણય છે કે જે આત્મામાં જ પ્રીતિવાળો છે, આત્મામાં જ તૃપ્ત છે અને આત્મામાં જ સંતુષ્ટ છે એને કાંઈ કરવાનું બાકી નથી રહેતું, એ બંધનથી મુક્ત રહે છે.

**અમે એક દુઃખ નહીં અનેક દુઃખોથી પીડિત છીએ. આ બધા દુઃખોનો અંત કઈ રીતે આવશે ?**

જ્ઞાનથી જોતાં અનેક દુઃખ નથી, એક જ દુઃખ છે અને તે છે આત્માના અજ્ઞાનનું દુઃખ. દુખ એક જ છે, કષ્ટ અનેક છે. કષ્ટોની ભીડમાં આત્મ અજ્ઞાનનાં દુઃખનો પત્તો પણ નથી લાગતો. સુવિધાઓથી કષ્ટ તો મટતા રહે છે પણ દુઃખ એમનું એમ જ રહે છે.

કષ્ટનાં અભાવમાં સુખની પ્રતીતિ થાય છે. સુખની પ્રતીતિ ક્ષણે ક્ષણે બદલાતી રહે છે. આથી મનુષ્ય સુખનાં આભાસમાં ઉલઝતો રહે છે. દુઃખનાં મૂળ કારણ, આત્મ, અજ્ઞાનને નથી જાણી શકતો. સ્વયં દ્વારા સ્વયંને જાણવો એ પ્રજ્ઞાન છે. પ્રજ્ઞાનથી પ્રેમ પ્રાપ્ત થાય છે, પ્રૅમમાં જ અજ્ઞાનનો અંત આવે છે અને અજ્ઞાન મટ્યે દુઃખ મટે છે. એ ગુરુ આદેશ છે કે સ્વયં પોતે જ બળો અને પ્રકાશ બનો. કોઈનો સહારો ન લો. જે સત્ય છે, પરમાત્મા છે, પ્રેમ છે તે અભિન્ન સ્વરૂપ છે.

જે બીજાને જોઈને અસંતુષ્ટ થાય છે એ સુખી થવા માટે, સુવિધા માટે પ્રયત્ન કરે છે. જે સ્વયંના અજ્ઞાનથી અસંતુષ્ટ છે તે સત્ય માટે પ્રયત્ન કરે છે.

## અહંકારનું જ્ઞાન કેવી રીતે થાય ?

અહંકારનું જ્ઞાન એટલું જ મુશ્કેલ છે, જેટલો જ્ઞાનનો અહમ્ સરળ છે. અહંકાર હૃદયને અતિ કઠોર બનાવી દે છે અને બુદ્ધિને જડ બનાવીને વિસ્તરે છે. અહંકારની રચનામાં હિંસા છે. અહંકારની અંદર વસ્તુ, વ્યક્તિ, શક્તિ, સંપત્તિ, યોગ્યતા, અધિકાર, ત્યાગ, તપ દાન, સંન્યાસ, વૈરાગ્ય, જ્ઞાન, પ્રેમ વગેરે જે કાંઈ પણ આવી જાય છે. અહંકાર એનો ભોગી બની જાય છે. ભોગી બની જાય છે એથી પોતાને નથી જોઈ શકતો. જ્ઞાનમાં જ અહંકારનો પરિચય મળે છે.

## અશાંતિમાં ક્યાંય ચાલ્યા જવાની ઈચ્છા થાય છે, એને કેવી રીતે રોકવી ?

શાંતિ અથવા સત્ય અથવા આનંદ, પરમાત્મા સ્વયંમા જ છે. એ કયાંય પણ જવાથી, ભાગવાથી કે શોધવાથી નહીં મળે, એટલે ભાગ–દોડ વ્યર્થ છે. સત્ય પરમાત્મા સ્વયંની સૌથી નજીક ચારે બાજુ હાજરા હજુર છે. જે અત્યારે છે, આ ક્ષણની પાછળ છે એને ભવિષ્યમાં પામવાની કલ્પના છોડી દયો. શાંત મૌન થઈને અંદર પાછા વળો, સ્વયંમાં જુઓ. જયાં સુધી સ્વયંમા ન જુઓ ત્યાં સુધી દેખવાવાળા મહાત્માને સાંભળો, સમજો. અજ્ઞાની, મોહી, લોભીની પાછળ ન જતાં ગુરુજ્ઞાનનાં અનુયાયી થઈ જાઓ. કાચી બુદ્ધિ આંધળી હોય છે. પ્રજ્ઞાવાનનું કહેવું સાંભળો, એ પ્રમાણે આચરણ કરો.

તમો સત્ય માટે, શાંતિ માટે, અથવા પરમાત્મા માટે, જયાં હો ત્યાં એક મન થઈ હાજર રહો, તો ત્યાં જ એનો અનુભવ થશે. જેના માટે ક્યાંક જવા માંગો છો એ તો ત્યાં જ મળશે, જયાંથી યાત્રા શરૂ કરી હોય.

## કોઈથી સંબંધ ન જોડવો હોય તો શું કરવું ?

સ્નેહને લીધે, દ્વેષને લીધે, ભયને લીધે અને વાસનાને લીધે વસ્તુ તથા વ્યક્તિથી સંબંધ જોડાય છે. માટે સ્નેહ, દ્વેષ વગેરેનો ત્યાગ કરવાથી સંબંધ નથી જોડાતો. દષ્ટિ ચંચળ

થવાથી મન ચંચળ થાય છે, કોઈ સાથે વાર્તા-વિનોદ કરવાથી વાસના અને ઈચ્છા જાગે છે, માટે મનને વશ કરો. વિષયોમાં આસક્તિને કારણે સંબંધ ઊભા થાય છે. વિષયોથી વિરક્તિ જ સ્વતંત્રતા છે.

**સંતો અને સદ્‌ગ્રંથો દ્વારા પ્રચલિત ઘણી બધી ધ્યાનની વિધિઓ બાબત આપનું શું માનવું છે ?**

જે જે ધ્યાનની વિધિઓ વાંચવામાં, સાંભળવામાં આવે છે એમાંની મોટા ભાગની પોત પોતાની રૂચિ અનુસારની માન્યતાઓ છે, કલ્પનાઓ છે, મનને કોઈ રૂપ ઉપરથી હટાવીને અન્ય કાલ્પનિક રૂપમાં લગાવવાની વિધિઓ છે. બધી વિધિઓમાં કાંઈને કાંઈ કરવાનું હોય છે. ધ્યાનમાં ક્રિયા નથી હોતી, દર્શન હોય છે. જ્યાં કોઈ વિધિ નથી, કેવળ શાંતિ છે, મૌન છે, નિશ્ચલતા છે ત્યાંથી ધ્યાન પ્રગટે છે. પકડવામાં, કરવામાં ક્રિયા છે, વિધિ છે. છોડવામાં, ન કરવામાં વિધિ નથી, ક્રિયા નથી.

**જગતમાં સારા-નરસા કર્મ કેવી રીતે સમજીએ ?**

જે સ્વભાવથી અનુકૂળ છે એ સારા કર્મ છે, જે સ્વભાવથી પ્રતિકૂળ છે એ બૂરા કર્મ છે. જે કર્મ કરતી વખતે અંદરથી અસ્વીકાર થાય છે એ બૂરૂ કર્મ છે. જે કર્મ કરતી વખતે ચિંતા હોય, ભય હોય, ગભરામણ થતી હોય એ સ્વાભાવથી પ્રતિકૂળ છે માટે બૂરા કર્મ છે. જે કર્મ કરતાં,

ચિંતા, ભય, ખેદ, પશ્ચાતાપ અને ગ્લાનિ ન થાય એ બધા સારા કર્મ છે, પુણ્ય કર્મ છે. જેનાથી બીજાનું અહિત થાય એ નરસાં કર્મ છે અને જેનાથી બીજાનું હિત થાય એ સદ્કર્મ છે, પુણ્યકર્મ છે.

## ચિંતાથી છૂટકારો કઈ રીતે મળે ?

જેટલી ચિંતાઓ છે એનો સંબંધ ભવિષ્યથી છે. જે કાંઈ તમે અત્યારે આજે ન કરી શકતા હો, જે અત્યારે આજે ન છોડી શકતા હો, જે અત્યારે આજે ન મેળવી શકતા હો, એની જ ચિંતા કરતા હો છો. વર્તમાન તમારા સામે જ છે. આ સમયે જ કરવાની, છોડવાની કે પામવાની સ્વતંત્રતા છે. જે વર્તમાનમાં સાવધાન નથી એ જ અંધકારમાં કલ્પનાનાં ચિત્રો ઊભા કરીને ચિંતા કરે છે. મૂર્ખ મનુષ્ય વીતી ગયેલા ભૂતકાળની સ્મૃતિનો ભાર ઊપાડીને ભવિષ્યની કલ્પનામાં છલાંગ મારવા માંગે છે. તમે ભવિષ્ય ઉપર તમારો અધિકાર ન માનીને વર્તમાનમાં આજે અત્યારે જે કાંઈ છે એને જાણો, જુઓ અને એનાં આધારે જે કરવું જોઈએ એ પૂરું કરી દયો ત્યારે ચિંતાથી છુટશો. અગર તમારી સામે નાગ, સિંહ કે ચોર–ડાકુ આવી જાય ત્યારે કદી નહીં વિચારો કે કાલે ભાગીશું, પરમ દહાડે કોશીષ કરીશું, બલ્કિ એ જ સમયે તમે છલાંગ મારશો કે ભાગશો; પરંતુ દુઃખ દેવાવાળી ચિંતાનો, મમતા–આસક્તિનો, કામના, હિંસા, ચોરી વગેરે વિકારોનો ત્યાગ ‘અત્યારે નહીં ક્યારેક કરીશું’ એમ વિચારો છો, એથી

ચિંતાથી છૂટકારો નથી થતો. ચિંતાને સ્થાને વર્તમાન ફરજ પૂરી કરવાથી અને ચિંતા છોડી આત્મા–પરમાત્માનું ચિંતન કરતાં રહેવાથી નિશ્ચિંતતા આવે છે.

**ક્યારેક ક્યારેક ક્રોધ આવી જાય છે, તો એનાંથી બચવાનો શું ઉપાય છે ?**

ક્યારેક ક્યારેક ક્રોધ એટલે આવે છે કે, અંદર હંમેશા અહંકાર, કામ અને લોભને સાથે રાખીને હાજર છે. તમે એમ ન માનો કે કામ, ક્રોધ, લોભ, અભિમાન વગેરે ક્યારેક ક્યારેક જ આવે છે. આવા ભ્રમમાં ન રહેતા. તમારી અંદર જે કામ, ક્રોધ, અભિમાન, અહંકાર વગેરે ભરેલા છે એ સંગથી પ્રગટ થઈ જાય છે. જેવી રીતે વિજળીના તારમાં વિજળી હોય જ છે પણ સ્વીચ દબાવીએ ત્યારે બલ્બ સળગે છે કે પંખો ચાલે છે એવી રીતે કામ, ક્રોધ વગેરે અવસર મળતાં જ પ્રગટ થઈ જાય છે. જે અંદર નહીં હોય એ ક્યારેય પ્રગટ નહીં થાય.

**સ્વસ્થ આત્મા અને અસ્વસ્થ આત્માનાં શું લક્ષણ છે ?**

જયારે ‘‘હું’’ નથી રહેતો ત્યારે સ્વસ્થ આત્મા છે, અને જયારે ‘‘હું’’ કાંઈક બનેલો હોય છે ત્યારે અસ્વસ્થ આત્મા છે. સ્વસ્થ આત્મામાં કેવળ ‘‘છું’’નો બોધ રહે છે, ‘‘હું’’ નથી રહેતો. આ ‘‘હું’’ જ કર્તા, ભોકતા બને છે. આ ‘‘હું’’ને જ્યાં સુધી કાંઈક મારું પ્રતિત થાય છે, ત્યાં સુધી એનો વિસ્તાર છે. મારા પણાની પ્રતીતિ જ રોગ છે. ‘‘હું’’ની

સામે મારું કહેવાનું કાંઈ નથી રહેતું ત્યારે એ અતિ નિર્બળ થઈને શરણમાં પડે છે. ''મારું'' ન રહેવું એ જ ''હું''નું છૂટી જવું છે. મારી વસ્તુ, મારો પરિવાર, મારો અધિકાર આ જ ''હું''નો દેહ છે. ''હું'' મારા પણાનાં પરિધમાં એટલો સ્થૂળ કાય બની જાય છે કે, સત્યનાં શિખર સુધી પહોંચવામાં એક એક પગથીયું ચડવું મુશ્કેલ થઈ જાય છે. જે પ્રકારે શરીરનું અંગ તૂટવાથી અતિ કલેશ થાય છે, એજ રીતે ધનથી, પરિવારથી, અધિકારથી અથવા માનેલી કોઈ વસ્તુ, વ્યક્તિથી સંબંધ તૂટવાથી ''હું''ને કષ્ટ થાય છે. દેહને આહાર ન દેવાથી તૂટી જાય છે, એ જ રીતે ''હું'' ને મારા પણાનો આહાર ન મળવાથી ''હું'' તૂટી જાય છે. ''હું'' તૂટ્યે સ્વસ્થ આત્મા શેષ રહે છે.

**દર્શન કરવાવાળો તો હું છું; જ્યારે હું જ નહીં રહું, તો દર્શનનો પ્રશ્ન જ કોણ ઉઠાવશે ?**

તમે દર્શક બનીને પોતાને ''હું'' કહો છો, ''હું છું''કહો છો. તમે પ્રથમ પોતાનું જ દર્શન કરો, પોતાને જ જાણો અને જુઓ કે તમે ખુદ ક્યાં છો ? શું છો ? શુ તમે દેહ છો ? જેને પણ તમે જોઈ શકો છો, તે તમે હોઈ જ નથી શકતા. શું તમે મન છો ? બુદ્ધિ છો ? શુ તમે સુખી છો, દુઃખી છો ? જ્યારે દુઃખ, સુખ નથી હોતું ત્યારે તમે શું છો ? શુ તમે આત્મા છો ? પરમાત્મા છો ? જે કાંઈ તમારા સામે હશે એનાથી તમે ભિન્ન થતા જશો. જ્યારે કાંઈ પણ સામે પૂંછવાનું નહીં

બચે, ત્યારે એક અખંડ અનંત સત્ય પરમાત્મા જ હશે. અહંકારની સીમા, ‘‘હું’’ અને ‘‘મારું’’ની સીમા જ, અસીમથી –અનંતથી અલગતાનો બોધ કરાવે છે. ‘‘હું’’ અને ‘‘મારા’’નો સંકુચિત ભાવ અસીમ અનંતમાં લહર સમાન પ્રતિત થાય છે જે એમાં જ ઉઠે છે અને એમાં જ લીન થાય છે. ‘‘હું’’ની શોધ કરતા પૂંછતા જાઓ શું હું આ છું ? ઉત્તર મળશે આ પણ નહીં, આ પણ નહીં. જે રીતે ડુંગળીના પડ ઉતારતા જઈએ તો અંતે કાંઈ પણ નહીં બચે એ રીતે પ્રશ્નનાં ઉત્તરમાં ‘‘આ પણ નહીં, આ પણ નહીં’’ જોતા જોતા અંતે ખબર પડશે કે પ્રશ્ન કરવા માટે કાંઈ સામે રહ્યું જ નથી અને ઉત્તરમાં કાંઈ જ મળ્યું નથી. ત્યારે પૂંછવાની વૃત્તિ નિવૃત થઈ જશે, ત્યારે આ ‘‘હું’’ પણ ખોવાઈ જશે, અંતમાં અનંત શાંતિ જ શેષ રહેશે. અનંત મૌન જ શેષ રહેશે. અનંત વિસ્તાર જ શેષ રહેશે. એને જ અનંત જીવન કહે છે, પરમાત્મા કહે છે, એ જીવનનું જ અણુ અણુમાં, કણ કણમાં સર્વત્ર સૌમાં સ્પંદન થઈ રહ્યું છે. એક વૃક્ષને જુઓ : વિશાળ વૃક્ષનાં પાંદડાનાં અગ્રભાગમાં જે રસ છે જે હરિયાળી છે, અને એ જ વૃક્ષનાં મૂળીયામાં અંતિમ નસ છે એમાં ‘‘એ’’નું જ સ્પંદન છે. ક્ષણ ક્ષણમાં, મનુષ્યની નાડીની જેમ પ્રત્યેક વસ્તુમાં, વૃક્ષમાં, પશુમાં, પ્રકાશમાં, અંધકારમાં, જીવન પ્રવાહિત થઈ રહ્યું છે. અનંત રૂપોમાં એકની જ ચેતના છે. ‘‘એ’’એકનું સ્પંદન છે. આ પ્રકારના બોધથી પ્રશ્ન સમાપ્ત થઈ જાય છે. કારણ કે કોઈ બીજું રહેતું નથી. અહંકાર નહીં

રહે ત્યારે મુક્તિ પામવાનો, શાંતિ પામવાનો પ્રશ્ન જ કોણ ઉઠાવશે ? "હું" જ બંધન છે, અહંકાર જ બોજ છે, આ "હું" અહંકાર જ ક્રોધી છે, લોભી છે, મોહી છે, એ જ અશાંત છે, એ નહીં રહે તો બધુ સમાપ્ત થઈ જશે.

## આ "હું" ને અહંકારને કોણે બનાવ્યો ?

અજ્ઞાનમાં ભેદભાવને લીધે "હું" ઉત્પન્ન થાય છે અને 'મારું છે' એ જ્ઞાનથી અહંકાર પુષ્ટ થાય છે. આ "હું" જ ભિન્ન સાથેનાં સંબંધથી પુત્ર–પુત્રી, પતિ–પત્નિ, માતા–પિતા, શત્રુ–મિત્ર, પાપી–પુણ્યવાન, ભોગી–ત્યાગી, વૈરાગી–રાગી, ગૃહસ્થ–સંન્યાસી, જ્ઞાની–અજ્ઞાની, શિષ્ય–ગુરુ, વગેરે અનેક નામ રૂપ સ્વીકારે છે. આ "હું" અર્થાત્ આ અહંકાર પોતાની રચનાને કારણે, માન્યતાઓ, સ્વીકૃતિઓને કારણે જ અશાંત છે. આ અહંકાર નિર્ધન હોઈએ તો ય અશાંત છે. અને ધનવાન હોઈએ તો પણ અશાંત છે. એ ભીડ વચ્ચે પણ અશાંત છે અને એકલા બેઠા હોઈએ ત્યારે પણ અશાંત છે. આ અહંકાર ભોગ–સામગ્રીની અધિકતાથી અશાંત છે અને બધું જ છોડીને ત્યાગી બની જઈએ તો પણ અશાંત છે. આ અહંકાર શિષ્ય બનીને પણ અશાંત છે અને ગુરુ બનીને પણ અશાંત છે. આ અહંકાર બંગલો બનાવીને પણ અશાંત છે અને આશ્રમ બનાવીને પણ અશાંત છે. ગૃહસ્થ બનીને પણ અશાંત છે અને સંન્યાસી બનીને પણ અશાંત છે. ક્યાંક પ્રગટરૂપે અશાંત છે, ક્યાંક અંદર ને અંદર અપ્રગટરૂપે અશાંત છે. ક્યારેક

પુત્ર–પરિવારની પાછળ અશાંત છે, ક્યારેક શિષ્ય સંપ્રદાય ને લઈને અશાંત છે. જયાં "હું" છે, અહંકાર છે, જયાં "મારું" કાંઈ પણ બનેલ છે, ત્યાં સુધી અશાંતિથી છૂટકારો નથી થતો.

## હું પરમાત્માને કેવી રીતે પામી શકું ?

"હું" રાખીને હરિ ન મળે. "હું" જેવો જાય કે પરમાત્મા ત્યાં જ હાજરાહજુર મળે છે. **કોઈ પણ સાધક સાધનાનાં બળે ભક્તિ, મુક્તિ, શાંતિ નથી મેળવી શકતો.** પરંતુ જયારે સાધક ખુદ મટી જાય છે ત્યારે ભક્તિ, મુક્તિ, શાંતિ આપો આપ સુલભ થઈ જાય છે. જયાં સુધી "હું" છે, અહંકાર છે ત્યાં સુધી પરમાત્મા અથવા ભક્તિ, મુક્તિ, શાંતિ ઉપર આવરણ બનેલું રહેશે. આ "હું" આ અહંકાર જ જન્મે છે, મરે છે, આ અહંકાર જ સુખમય, દુઃખમય થાય છે. "હું" મટતા જ અનાદિ અનંત જીવન છે, એને જ આત્મા પરમાત્મા કહે છે.

## નિત્ય નિયમથી, પૂજા, પાઠ, મંદિર, દેવ દર્શન, સ્તુતિથી શું જ્ઞાન, ધ્યાન નથી વધતાં ?

સેંકડો નર–નારી નિયમપૂર્વક ગંગાસ્નાન કરીને પૂજાની સામગ્રી સજાવીને નિયમથી મંદિરમાં પૂજા, પાઠ, પરિક્રમા કરતા કરતા વર્ષો વીતાવી દે છે, નિયમ મુજબ માળાની સંખ્યા પૂરી થઈ જાય છે, નિયમપૂર્વક રામનામની નોટબુક લખવામાં આવે છે, પણ જ્ઞાન ધ્યાનથી વંચિત જ રહી જાય

છે. બુદ્ધિની જડતા દૂર નથી થતી. નિયમપૂર્વક કથા પણ સાંભળી લેવામાં આવે છે, સંત-સંગ પણ નિત્ય નિયમ પૂર્વક કલાકો ચાલતો રહે છે પણ વિવેક નથી જાગતો. મોટે ભાગે જડ બુદ્ધિવાળા જ આ રીતિના નિયમ નિભાવતા રહીને, અહંકારને સંતુષ્ટ કરતા રહે છે.

**મહામાયા જ્ઞાનીઓનાં ચિત્તને કેમ મોહમાં નાખી દે છે ?**

જે પોતાને જ્ઞાની માનીને બીજાને અજ્ઞાની સમજે છે તે અહંકાર જ છે. અહંકાર ત્યાં સુધી રહે છે જ્યાં સુધી પરમાત્માથી વિમુખ છીએ, એટલે અહંકાર મટે એ માટે જ્ઞાનીને વિમોહિત કરીને દુષ્પરિણામ ભોગવાવી મહામાયા સત્ય પરમાત્માની સન્મુખ કરે છે.

**આત્મામાં અનંત શક્તિ છે. આ શક્તિનાં સ્ત્રોતને પ્રાપ્ત કરવા માટે શું સાધના છે ?**

તમારી અંદર જેટલી ગંભીર શાંતિ હશે, જેટલું વધુ ચિત્ત નિષ્ક્રય હશે, જેટલું અધિક મનનું મૌન સધાશે, એટલી જ જલ્દીથી મૌનનાં મધ્યમાંથી જ શક્તિનો સ્ત્રોત ખુલી જશે. આનાથી વિપરીત જેટલી અધિરાઈ હશે, બેચેની હશે, અશાંતિ હશે, જેટલો અહંકાર પ્રબળ હશે અને આથી લાભ-હાનિ, હરખ-શોક, સંયોગ-વિયોગ વગેરે દ્વન્દ્વોનો પ્રભાવ રહેશે, એટલી જ શક્તિહીનતા વધતી જશે. હજારો સાધકો સાધનાનાં અભિમાની બની રહે છે, પરંતુ દ્વન્દ્વોનાં

સંઘર્ષમાં, ચિંતામાં અહંકારની પ્રબળતામાં થતો શક્તિનો હ્રાસ નથી જોઈ શકતા. એક દિવસ એવો પણ આવે છે કે જપ, ધ્યાન, પૂજા–પાઠ વગેરે કરવા જેટલી શક્તિપણ નથી રહેતી, અને અંતે અશાંતિ જ ભોગવવાની રહે છે. કર્તાપણાનો અહંકાર જ અનંત શક્તિની મધ્યમાં એક અતિ નાનું વર્તુળ બનાવીને સીમિત શક્તિનો ભોગી બન્યા કરે છે. અહંકાર મટતાં જ પરમાત્માની શક્તિ સમસ્ત ક્રિયાઓનો અતૂટ સ્ત્રોત બની જાય છે ત્યારે કર્મ રહે છે, પરંતુ કર્તા નથી રહેતો, કેવળ દ્રષ્ટા બધું જોતો રહે છે.

**સંસારમાં અગર બધાં જ માણસો ધ્યાન–યોગી, નિષ્ક્રિય થઈ જાય તો પછી સંસારનું કાર્ય કેવી રીતે ચાલે ?**

આ ચિંતા મૂઢ અહંકારની છે. કારણ કે તે પોતાને બધાનો કર્તા માને છે. પ્રથમ તો આ ધ્યાન–યોગની ચર્ચા જ બધા સાંભળી શકવાનાં નથી, જે સાંભળશે એમાંથી પણ બધાં નિષ્ક્રિય થવાનો સંકલ્પ દ્રઢતાપૂર્વક નહીં કરે, અને જે શાંત નિષ્ક્રિય થઈ જશે એના માટે સમગ્ર સંસાર કાંઈક બીજી રીતે જ દેખાવા લાગશે. સંસાર અનાદિ પ્રવાહ છે, એ કોઈનાં ચલાવ્યે ચાલતો નથી અને કોઈનાં પ્રયાસથી બંધ થઈ શકતો નથી. અગર કોઈ સાધક નિષ્ક્રિય થઈ શકશે, તો પણ ક્રિયા કદાપિ સમાપ્ત નહીં થાય, કેવળ કર્તા સમાપ્ત થશે.

## સત્યમય શિવમય થવાની સુગમ સાધના કઈ ?

તમો કાંઈક થવા માટે ક્યારેય પણ ન વિચારો, આવતી કાલે કાંઈક બનવાની ભાવના ન બનાવો. અત્યારે આજે શું છે, એ જુઓ. અત્યારે જે છે. એને જ જાણો. અત્યારે તમો શરીરની સાથે મળીને, આંખ–કાન વગેરે ઇંદ્રિયોની સાથે મળીને, મનની સાથે મળીને, બુદ્ધિની સાથે, વિચારોની સાથે મળીને, સંબંધીઓની સાથે મળીને જે કાંઈ પોતે બની રહ્યા છો, એને જોશો, તો એ જ સમયે જે કાંઈ અસત્‌નાં, જડનાં, અનિત્યનાં સંગથી બની રહ્યાં છો, તે દૂર હટવા લાગશે. જે યથાર્થ છે, શ્રેષ્ઠ છે, સુંદર છે, પવિત્ર છે તે પ્રગટ થવા લાગશે. કુરૂપતા, નીચતા બહાર નીકળવા લાગશે, સત્ય–શિવ નજીકને નજીક થવા લાગશે. ફરી વાર કહું; તમારે ભવિષ્યમાં કાંઈક થવા માટે શ્રમ કરવાનો નથી, જોવાથી, જે કંઈ તમે વાસ્તવમાં અત્યારે જ છો, એ સ્પષ્ટ થવા લાગશે. જેટલી સજાગતાથી તમો જોવામાં તત્કાળ તત્પર રહેશો, એટલી જ શિઘ્રતાથી સત્યની નજીક પોતાને પામશો. અગર તમો આ સાંભળીને કે વાંચીને, ઠીક સમજીને ભવિષ્યને માટે ટાળી દેશો તો તો પાછાં જેવા છો એવાને એવા જ બન્યા રહેવાનાં, પ્રશ્ન પણ આ જ રીતે ચાલ્યા કરવાનાં. માટે, પછી ક્યારેય નહીં, અત્યારે આ જ ક્ષણે જોવાનું છે. આ જે વર્તમાન ક્ષણ છે એની સાથે જ શાશ્વત છે, સત્ય છે, એને આ ક્ષણે જ જુઓ.

**અમે જે ઈચ્છીએ છીએ તે કેમ નથી કરી શકતા ?**

તમે જે નથી કરી શકતા એ કરવા ઈચ્છતા જ નથી. જે કરો છો એને જ ચાહો છો. જે નથી કરવું એને જ કાલે કરવાનું કે પછી ક્યારેક કરવાનું વિચારો છો. જે કરવું શ્રેષ્ઠ છે, પ્રિય છે, એ અત્યારે જ આ જ ક્ષણે કરો. જે નથી કરવું એ પછી ક્યારેક ને માટે છોડી દો.

કોઈ કામી કામનાની પૂર્તિ ઈચ્છતો હોય, લોભી ધન ઈચ્છતો હોય, મોહી પોતાના સ્નેહ પાત્રને જોવા ઈચ્છતો હોય, તો એને ભવિષ્ય માટે ટાળતો નથી, આ જ ક્ષણે ઈચ્છાની પૂર્તિ ઈચ્છે છે. આ રીતે તમે અત્યારે આ ક્ષણે, અને પ્રતિ ક્ષણ જે છે એને જોતા જાવ, આ જોવાનું કાલ ઉપર ન ટાળો. અગર તમો વીતી ગયેલા ભૂતકાળની યાદને અને ભવિષ્યની કલ્પના, યોજનાને પોતાની ઉપરથી ઉતારી દયો, તો જે કાંઈ સત્ય છે એ સ્પષ્ટ થઈ જશે.

તમારી સામે જે કાંઈ દ્રશ્ય આવી જાય, જે કાંઈ જુઓ અગર સાંભળો, બોલો, હસો, ચાલતાં હોય, ઊભા હોય ત્યારે જુઓ કે તમારી અંદર શું પ્રભાવ પડી રહ્યો છે. તેમ હર્ષને જુઓ, ઉદાસીનતા, ખિન્નતાને જુઓ, ભયને જુઓ, લાલચને જુઓ, જે કાંઈ આ ક્ષણે તમારી અંદર ઈચ્છા હોય, એને જુઓ, બસ જોતાં રહો. સાવધાન ! જોતાં જોતાં, પૂર્વનાં સંસ્કાર અનુસાર, અગર તમે વિરોધ કરવા લાગશો તો સાચી રીતે દ્રષ્ટા નહીં રહી શકો. તમે પ્રથમથી

જ જોયા વિના જ કાંઈક ખરાબ માની લીધું છે, કાંઈક પાપ માની લીધું છે તો તમે એને જોવાથી ઘૃણા કરશો, જોવા જ નહીં ઇચ્છો કારણ કે તમે પ્રથમથી જ પ્રતિકૂળ યા અનુકૂળની ધારણા બનાવી લીધી છે. નિષ્પક્ષ દ્રષ્ટિવિના દર્શન નથી થતું. જે છે તે દેખાતું નથી.

**કામ, ક્રોધ, લોભ વગેરેને પાપ, નરકનું દ્વાર જાણવા છતાં પણ એનાથી છૂટી નથી શકતા, એમ કેમ ?**

તમે કામ, ક્રોધ વગેરેને પાપ તથા નરકનું દ્વાર માત્ર સાંભળીને કે ક્યાંક વાંચીને માની રહ્યા છો. પરંતુ ખુદ જોયેલ નથી. અગર માનેલું છે એને જોયેલું અને જાણેલું ગણીને જોયા–જાણ્યાનાં અભિમાનમાં રહેશો, તો ક્યારેય કામ–ક્રોધ વગેરેથી છૂટકારો નહીં થાય. તમે કામ–ક્રોધ વગેરેનાં ત્યાગનો સંકલ્પ કરશો, વ્રત લેશો પરંતુ કામ, ક્રોધ તમારી અંદર સમય અનુસાર ચાલ્યાં જ કરવાનાં. તમે કામ–ક્રોધ વગેરેને પાપ માનીને પોતાને કામી, ક્રોધી વગેરે ગણીને ભાગ્યને ભાંડતા ન રહો, ઊલટાનું જ્યારે કામ હોય, ક્રોધ હોય ત્યારે તે ક્ષણે એને જુઓ મનનાં સ્તર ઉપર કેવળ જુઓ. એ સમયે ક્રોધનાં આવેગમાં બીજાને ન જુઓ, બીજા પર આક્રમણ ન કરો, કાંઈ પણ ન કરો, કેવળ ક્રોધને જુઓ : કેમ થઈ રહ્યો છે ? ક્યાં થઈ રહ્યો છે ? આ જોતા જ તમે ક્રોધથી તમારી જાતને ભિન્ન અનુભવશો. ધીરજ સાથે ક્રોધને, કામને, લોભને જોતાં રહો, ત્યારે એને જાણી શકશો

અને જાણતા જ તમને વિચિત્ર અનુભૂતિ થશે. અજ્ઞાનમાં જ કામ ક્રોધ વગેરેને આશ્રય મળે છે, જાણવાથી જોવાથી એનો લોપ થઈ જાય છે.

**અમને અનેક વાર ક્રોધ આવ્યો છે. તો કઈ રીતે અમે ક્રોધને નથી જાણતા, એમ કહો છો ?**

તમે ક્રોધને જ્યાં ધ્યાનથી જોયો જ નથી, ત્યાં ક્રોધને જાણો કઈ રીતે ? જ્યારે તમે ક્રોધ કર્યો છે ત્યારે તમારું ધ્યાન ત્યાં જતું રહ્યું છે જ્યાં ક્રોધ નથી, અને જ્યારે ધ્યાન પાછું આવ્યું હોય ત્યારે, જ્યાં ક્રોધ જાગૃત થયો હતો ત્યાં શાંતિ થઈ ગઈ હોય છે, એટલે તમે ક્રોધને ન જાણી શક્યા, કારણ કે ક્રોધ અને ધ્યાનનો સંયોગ થયો જ નહીં, જેને તમે ધ્યાનથી જોશો એને જ જાણી શકશો. પોતાના નુકશાન વખતે, અપમાન વખતે, પ્રતિકૂળતા વખતે જ્યારે ક્રોધ જાગે છે ત્યારે તમે ધ્યાનથી જોવાનું ભૂલી જાવ છો, અને નુકશાન કે અપમાન કરવાવાળાને જોઈને એની સાથે બાખડો છો. જ્યારે ક્રોધનો વેગ શાંત થઈ જાય છે ત્યારે ક્રોધને યાદ કરો છો, પસ્તાવો કરો છો અને ભવિષ્યમાં ક્રોધ ન કરવાની યોજના બનાવો છો, પરંતુ ફરીવાર ક્રોધ આવે છે ત્યારે ધ્યાનથી જોવાનું ભૂલી જાવ છો. જે ક્રોધને ધ્યાનથી જુએ છે તે જે પ્રકારે સળગતી આગને જોઈને કોઈ બચી નીકળે છે તે જ રીતે ક્રોધની સીમાથી દૂર ભાગી નીકળે છે; અને એ જોઈને, જાણીને કે આ આગ મારા દ્વારા જ લાગી છે, તે

બીજા કોઈથી ઝગડતો નથી. તમે ક્રોધાવેગને ધ્યાનથી જુઓ, બહાર ડોકિયાં ન કરો. ક્રોધને જોતાં જ ક્રોધી નહીં રહે.

**શાંત થવા માટે કોનો સહારો લેવો ?**

જેનો પણ સહારો લેશો એનાથી જ જતા દહાડે અશાંત થશો, માટે બધા સહારાથી નિરાશ થઈને સ્વયંને જુઓ ત્યારે તત્કાળ શાંત થઈ જશો.

**સનાતન ધર્મને જાણવા માટે સર્વોત્તમ પુસ્તક કયુ છે ?**

અગર બુદ્ધિમાં અધ્યયનની યોગ્યતા હોય તો સૌથી ઉત્તમ પુસ્તક આ પ્રકૃતિ જ છે.

જે કાંઈ પણ  પૃથ્વી આકાશની મધ્યમાં દેખાઈ રહ્યું છે, પ્રકાશિત થઈ રહ્યું છે, બધામાં સનાતન ધર્મની વ્યાખ્યા અંકિત છે. એક આગીયાનાં તુચ્છ પ્રકાશમાં એટલો જ સનાતન ધર્મ છે, જેટલો મહાન સૂર્યમાં છે. માટીનાં નાનામાં નાના કણથી વિશાળ પર્વત સુધી સનાતન ધર્મ જોવા મળે છે. કીડી–મંકોડા, કીટ–પતંગ, હરણ–હાથી–સિંહ વગેરે પશુ, પોપટ–મોર વગેરે પક્ષી, બધા જીવજંતુ. સમસ્ત વનસ્પતિ તથા ખનિજ પદાર્થોમાં જે પણ ગુણ છે અથવા વસ્તુઓનો જે પણ સ્વભાવ છે તે સનાતન ધર્મને વ્યક્ત કરી રહ્યો છે. આપણા સૌના દેહમાં કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારમાં સનાતન ધર્મ નિહિત છે. અજ્ઞાનવશ પ્રાણી સનાતન ધર્મનો ભોગી બની રહ્યો છે.

ધર્મનું દર્શન તો કોઈ વિવેકી બુદ્ધિવાળો જ કરી શકે છે. મનુષ્યની બનાવેલી ચોપડીમાં સનાતન ધર્મની અનેક વ્યાખ્યાઓ હોઈ શકે છે પણ પ્રકૃતિમાં હંમેશથી સનાતન ધર્મ "જેવો છે એવો જ" દેખાઈ રહ્યો છે. કોઈપણ, માણસે ન બનાવી હોય એવી દરેક વસ્તુમાં જે ગુણ, સ્વભાવ, રંગ, રૂપ, વિદ્યામાન છે, તે સનાતન ધર્મ છે.

## સ્વયંના બોધની સાધના શું છે ?

સ્વયંનો બોધ ત્યારે થાય છે જ્યારે ચેતના સિવાય જાણવાનું કાંઈ રહેતું નથી. જ્યાં સુધી અન્ય વિષયમાં જાણવાની અભિપ્સા છે, ત્યાં સુધી સમાધિનો અનુભવ નથી થતો. જ્યારે ચિત્ત બાહ્ય દ્રશ્યથી મુક્ત થાય છે ત્યારે સ્વયંમાં શાંત થાય છે. શૂન્ય થતાં જ સ્વયંમાં પ્રવેશ થાય છે. 'સ્વ'થી વધીને કાંઈ પણ નથી. શાંત, પૂર્ણ મૌન થયે સ્વયંનો બોધ થાય છે.

## જે નિત્ય નિરંતર સત્ય છે, એનો બોધ કેમ નથી થતો ?

જ્યારે આપણે કાંઈ પણ ન કરતા હોઈએ ત્યારે એ સત્યનો બોધ થાય છે, જે નિત્ય નિરંતર છે. જ્યાં વિચાર સમાપ્ત થાય છે ત્યાં જ દર્શનનું દ્વાર ખુલે છે. વિચારોનાં આદિ, મધ્ય અને અંતમાં કેવળ પરમ–આશ્રય સત્ય પરમાત્મા જ છે.

અહંયુક્ત ચેતન અથવા જ્ઞાન એ જીવાત્મા છે. અહંથી મુક્ત ચેતન જ્ઞાન સ્વરૂપ પરમાત્મા છે. જ્યાં સુધી કાંઈક પણ

કરવાનું છે, કોઈ ઈચ્છા છે, કોઈ હલચલ છે, ત્યાં સુધી નિત્ય સત્યનો બોધ નથી થતો.

**અમે ભગવાનને પ્રેમ કરવા ઈચ્છીએ છીએ તો પણ કેમ થતો નથી ?**

પ્રાયઃ શ્રોતા સજ્જન ભગવાનનાં વિષયમાં સાંભળીને કે વાંચીને પ્રેમ કરવા ઈચ્છે છે, વાસ્તવમાં ભગવાનને પ્રેમ નથી કરવાનો, ઉલટું આપણી અંદર છુપાયેલા પ્રેમને જાણવાનો અને જગાવવાનો છે. પ્રાયઃ લોભી, મોહી, કામી, અભિમાની, અને અહંકારી જ લોભવશ પ્રેમ કરવાની શિખામણ દે છે; માત્ર જે પ્રેમથી પૂરા ભરેલા છે એ પ્રેમને પોતાની અંદર જગાવવાની સાધના બતાવે છે. તમો ભગવાનને પ્રેમ કવાની ચેષ્ટા ન કરતાં પોતાની અંદર પ્રેમને ખોદો, પ્રેમને નિઃઆવરણ કરો, સાધના સાધો.

**પ્રેમને જગાવવાની વિકસીત કરવાની શું સાધના છે ?**

પ્રેમને વિકસીત કરવા ઈચ્છતા હો તો પ્રેમની ભીખ માંગવાનું છોડીને પ્રેમ દેતા રહેવાનો નિયમ બનાવી લો, અને પ્રેમનાં બદલામાં કાંઈ પણ ન ઈચ્છો, કાંઈ પણ અપેક્ષા ન રાખો. પ્રેમનો ભિખારી ભોગી બન્યો રહે છે, જ્યારે પ્રેમનો દાની પ્રેમ–યોગી થઈ જાય છે. પ્રેમનો ભોગી અસ્થિર સુખની ગુલામીમાં બંધાય છે. જ્યારે પ્રેમનો યોગી સ્વયંમાં સત્ય–આનંદનો અનુભવ કરે છે. પ્રેમનાં ભોગીએ ભોગનો અંત

જોવાનો હોય છે. પ્રેમનાં દાનથી પ્રેમનો યોગ અનંત બને છે. નિષ્કામ અને નિરપેક્ષ થઈને પ્રેમનું દાન કરતાં રહેવાવાળા જ જગતમાં મહાન સંત મહાત્મા તરીકે પૂજાયા છે. પ્રેમનો દાની કાંઈ માંગતો નથી, ઉલટું એ તો પ્રેમ સ્વીકારવાવાળાનો પોતાના ઉપર અનુગ્રહ છે એમ સમજીને એને ધન્યવાદ દે છે.

## સમ્યક ધર્મ અને મિથ્યા ધર્મને કઈ રીતે ઓળખવા ?

જે ધર્મ ‘‘આ ન કરો, તે ન કરો’ શીખવે છે એ મિથ્યા ધર્મ છે, જે માણસને સંઘર્ષમાં કલહમાં બાંધી રાખે છે. જે ધર્મ કહે છે, ‘‘આ કરો, તે કરો, પેલું કરો’’ જે ધર્મને કાંઈ છોડવા નહીં, ઊલટું કાંઈક પામવાની દિશામાં પ્રેરિત કરે છે, એ સૃજનાત્મક સમ્યક્ ધર્મ છે. મિથ્યા ધર્મ સંસારથી ભાગવાની પ્રેરણા દે છે જ્યારે સમ્યક્ ધર્મ ઈશ્વરને પામવા માટે પ્રોત્સાહિત કરે છે.

## શું અનુશાસન હીનતાથી માણસ સ્વચ્છંદ નહીં બની જાય ?

જગતમાં બળાત્કારથી કોઈને ભલો નથી બનાવી શકાયો. પ્રેમપૂર્વક વર્તાવથી જરૂર બુરાઈ ભલાઈમાં બદલી શકાય છે, પરંતુ એ માટે અત્યંત ધૈર્ય અને વિવેક જોઈએ. જે પ્રેમ પ્રક્રિયાને નથી સમજી શકતો એવો બુદ્ધિ હીન પ્રાણી પ્રત્યે આઘાત દ્વારા પરિવર્તન લાવવું કદાચ ઉચિત હોય તો પણ, બુદ્ધિવાળા પ્રત્યે તો પ્રેમપૂર્ણ વર્તાવ દ્વારા જ વિજય મેળવી

શકાય છે. પશુ પણ પ્રેમપૂર્ણ વર્તાવથી પાછળ–પાછળ ચાલવા લાગે છે, પરંતુ શાસનની પદ્ધતિથી તો મનુષ્યે જ પશુની પાછળ ચાલવું પડે છે. પ્રેમમાં કોઈને બાંધવાનાં નથી હોતા કે કોઈથી બંધાવાનું નથી હોતું. આનાથી ઉલટું, શાસન દ્વારા જે બીજાને બંધનમાં રાખે છે તે શાસક પણ અંદરથી બંધાયેલો રહે છે. શાસક શાસિતનાં શરીર ઉપર અધિકાર જમાવે છે, જ્યારે શાસિત શાસકનાં મન ઉપર લદાયેલો રહે છે.

વિચાર શક્તિ વિનાનાં પશુ–પ્રકૃતિવાળા મનુષ્યને શાસન દ્વારા કંઈક પકડવાનું કે છોડવાનું કે કાંઈક કરવાનું શીખવવામાં આવે છે, જ્યારે બુદ્ધિપ્રધાન વિચારવાન મનુષ્યને શાશ્વત સત્ય તથા હંમેશાથી વિદ્યમાન ધર્મ સમજાવવામાં આવે છે.

## આનંદને શોધવાની સાચી દિશા કઈ ?

બાળક આનંદને રમત અને રમકડામાં શોધે છે, વિદ્યાર્થી આનંદને ડિગ્રીમાં શોધે છે. કામાતુર આનંદને કામિનીમાં શોધે છે, ભોગી થાકીને, હારીને, કંટાળીને સિનેમામાં, સંગીતમાં આનંદ શોધે છે, લોભી ધનમાં શોધે છે, પ્રૌઢ લોકો આનંદને મહત્વકાંક્ષામાં શોધે છે. આ બધી દિશામાં જવા વાળાને જિંદગી અંતે એ સંદેશ દે છે કે, આનંદ શોધવાની દિશા સાચી નહોતી. જે મેધાવી અને પરિણામદર્શી

બુદ્ધિવાળા મનીષી છે તે આનંદને આત્મામાં અનુભવે છે. આનંદની સાચી દિશા આત્મા છે. જે અનાત્મા બાજુ ભાગવાનું બંધ કરીને આત્મા તરફ પાછો વળે છે, સ્થિર થાય છે, મૌન થાય છે, શાંત થાય છે, એ આનંદ પોતાની અંદર જ પામે છે.

આંતર દૃષ્ટિ ન ઉઘડે ત્યાં સુધી મનુષ્યને એ પણ નથી સમજાતું કે, દુઃખ પોતાની અંદર છે, એટલે બહાર સુખ શોધે છે. બહાર સુખનો આભાષ માત્ર છે. બહારનાં સુખ આભાષથી અંદરનું દુઃખ થોડીવાર ભૂલાઈ જાય છે. એટલું જ દુઃખ જડમૂળથી દૂર થતું નથી. જેણે અંદરનો આનંદ ચાખ્યો છે તે બહારનાં સુખ પાછળ દોડતો નથી. સુખની ભીખ માંગનારાને એ જાણ નથી કે તે જ્યાં બેસીને ભીખ માંગે છે ત્યાં જ આનંદનો ખજાનો છે !

**નિરપેક્ષ સાધના એટલે શું ?**

વિતી ગયેલાને યાદ ન કરવું, ભવિષ્યનું ચિંતન ન કરવું અથવા ભવિષ્યની કલ્પના ન કરવી, વર્તમાનને જ જોવું, વર્તમાનમાં જ જીવવું એ નિરપેક્ષ સાધના છે. નિરપેક્ષ સાધના એટલે એવી સાધના જેમાં કોઈ વસ્તુ, વ્યક્તિ, આકાર, પ્રકાર વગેરેની જરૂર ન હોય. સ્વયં દ્વારા સ્વયંમાં જ સત્ય પરમાત્માનો અનુભવ કરવો, અને બીજા કોઈનું પણ ચિંતન ન કરવું એ નિરપેક્ષ સાધના છે.

કાંઈ પણ ન કરતાં, શાંત મૌન થઈને, વિચાર વિકાર રહિત થઈને, અંદર જે કાંઈ મનમાં, ચિત્તમાં થઈ રહ્યું છે એના સાક્ષી રહીને, બહાર જે કાંઈ થઈ રહ્યું છે એના દૃષ્ટા થઈને, કેવળ જોતાં રહેવું એ નિરપેક્ષ સાધના છે.

**જગતની જેમ આત્મા પ્રત્યક્ષ કેમ નથી દેખાતો ?**

જગત પ્રત્યક્ષ ક્યારેય નથી દેખાતું. જગતની પ્રતીતિ થાય છે, પ્રાપ્તિ નથી થતી. જગત તમને ક્યારેય નથી કહેતું કે "હું છું". તમે જગતની વસ્તુઓ સાથે મળીને "હું છું" કે "મારું છે" એવુ કહો છો. જે ક્ષણે ક્ષણે બદલાઈ રહ્યું છે તે જગત છે અને જે પ્રત્યેક ક્ષણમાં એકરસ વિદ્યમાન છે એ આત્મા છે. આત્માનાં ત્યાગવા છતાં જે ત્યાગી નથી શકાતું તે આત્મા છે.

**પ્રભુની દયા અને કૃપામાં શું અંતર છે ?**

સાંસારિક અનુકૂતાની સિદ્ધિ એ પ્રભુની દયા છે, અને સ્વયંને શિવસ્વરૂપ તથા આનંદમય પ્રેમમય અનુભવીએ એ પ્રભુની કૃપા છે. સાંસારિક અનુકૂળતા દયા છે, જ્યારે પરમાર્થિક અનુકૂળતા અને સાંસારિક પ્રતિકૂળતા એ પ્રભુની કૃપા છે. દયાથી સુખ મળે છે જ્યારે કૃપાથી શાંતિ સુલભ થાય છે. દયા સૌ પ્રાણીઓ પર હોય છે પરંતુ પ્રભુની કૃપા અધિકારી સાધક ઉપર જ હોય છે.

## ગુરુ, સદ્ગુરુ અને પરમગુરુમાં શું ફેર છે ?

જેના દ્વારા સાંસારિક પદાર્થોનાં ઉપયોગનું જ્ઞાન થાય છે તે ગુરુ છે. જેના દ્વારા દૈવી શક્તિઓ અને જીવનમાં સુલભ શક્તિઓનાં સદુપયોગનું જ્ઞાન થાય છે તે સદ્ગુરુ છે. જેને પામીને  કાંઈ પામવાનું બાકી નથી રહેતું તે સ્વયંની અંદર નિત્ય સુલભ આત્મા એ પરમગુરુ છે. પરમગુરુની પ્રાપ્તિ માટે જ બીજા ગુરુ તથા સદ્ગુરુની જરૂરત રહે છે.

## માતા–પિતાના દોષનો પ્રભાવ શું સંતાન પર  પડે છે ?

માતાનાં દોષને કારણે સંતાનમાં ચારિત્ર્યહીનતા આવે છે, પિતાના દોષને કારણે મૂર્ખતા રહ્યા કરે છે, વંશના દોષને કારણે કાયરતા અને સ્વયંના દોષને કારણે દરિદ્રતા ઘેરી લે છે.

## સંત બનવા માટે અમે શું કરીએ ?

સંત બનવું હોય તો વેશ બદલી નાખો, નામ બદલાવી નાખો; અગર સંત થવું હોય તો ઉપરથી કાંઈ પણ ન બદલો. અંદર સ્વભાવ બદલો. આજથી જ સહન કરવાનું શરૂ કરી દો. સેવા, તપ અને ભજન કરવામાં જેટલી પ્રતિકૂળતાઓ આવે, બધી સહન કરો. અતિશય સહન કરવાવાળો સંત થાય છે. પરમાત્માનો પ્રેમી જ અતિ સહિષ્ણુ હોય છે. મહાન વિપત્તિમાં જેનું ધૈર્ય ન તૂટે, પ્રભુનો આશ્રય ન છૂટે એ સંત છે. સંત એ છે જે પૂર્ણ સહિષ્ણુ હોય, તિતિક્ષુ હોય, સાથો

સાથ અત્યંત કરૂણાવાન હોય અને બધા પ્રાણીઓ પ્રતિ સુહૃદ હોય. જે દૈવી ગુણોથી સંપન્ન હોય એ જ સંત છે.

માત્ર સંત સમૃદ્ધ હોય છે. સંત કાંઈ નથી માંગતાં એટલે એમની સ્વતંત્રતા અનંત થઈ જાય છે.

**જ્ઞાન અને યોગમાં શું અંતર છે ?**

જ્ઞાનમાં કેવળ જોવાનું છે, કરવાનું કાંઈ નથી અંધકાર હટાવવા પ્રકાશમાં કેવળ આંખ ખોલીને જોતા રહેવાનું છે, અંધકાર સાથે કાંઈ કરવાનું નથી.

યોગમાં જે જંજીરોથી અજ્ઞાનમાં બંધાયા છીએ એ જંજીરો કાપવા શ્રમ કરવાનો છે.

જ્ઞાનમાં દર્શન થાય છે. યોગમાં બંધન તૂટતા મિલન થાય છે.

**મનને વશ કરવાની સરળ સાધના કઈ ?**

બહારથી જેનો વિરોધ કરો છો, અંદરથી એને પકડી જ રાખો છો. જેને બાહ્ય ચેતનામાંથી હટાવવામાં ભૂલવામાં આવે છે,, તે જ આંતર ચેતનામાં વસી જાય છે.

મનથી લડો નહીં. મનથી ઉત્તરની, રોકાઈને, મનની ચંચળતા જોતા રહો, જોતા જ મન નહીં રહે, ન જોવાથી તમને લઈ ભાગ્યા કરશે.

જેને તમે હટાવી નથી શકતા, રોકી નથી શકતા કે ભૂલી નથી શકતા, એના જ આધીન છો; કારણ કે એનાથી કાં તો કાંઈક ચાહો છો અથવા એના ઋણી છો, એટલા માટે જેને જે કાંઈ દેવાનું હોય એ દઈ દો જે કાંઇ લેવાનું હોય તે જતુ કરો ત્યારે મન શાંત થશે.

## ખોટુ બોલવાવાળા પર ક્રોધ ન આવે એ માટે શું કરવું ?

તેમે સત્ય બોલવાનાં મિથ્યા અહંકારને જોવા લાગો, ત્યારે દેખાવા લાગશે કે તમે સ્વયં પણ ખોટું જ બોલી રહ્યાં છો, એટલું જ નહીં દિન-રાત જૂઠમાં જ જીવી રહ્યા છો, જૂઠને જ જોઈ રહ્યા છો અને જૂઠથી જ સંતુષ્ટ થઈ રહ્યા છો ! તમારું સમગ્ર વ્યક્તિત્વ જૂઠમાં જ ચાલી રહ્યું છે. જૂઠા સાથે સંબંધાઈને જ ક્યાંક મોહી, ક્યાંક લોભી તો ક્યાંક અભિમાની બની રહ્યા છો. જૂઠ બોલવાથી, જોવાથી કે સાંભળવાથી જે લાભ થાય છે તે જૂઠ જ હોય છે. મોટે ભાગે તો કાંઈપણ લાભ વિના પણ જૂઠું બોલવાની કૂટેવ પડી ગઈ છે. અગર ક્રોધ જ કરવો હોય તો પોતાની અંદર જૂઠ બોલવાવાળા ઉપર કરો.

## મનનું સ્વરૂપ શું છે ?

વાસનાઓનો સમૂહ એ જ મન છે. જે રીતે ઈંદ્રિયોનો સમૂહ શરીર છે, અનેક મકાનોનો સમૂહ એ ગામ છે, એ રીતે. અથવા સંકલ્પ-વિકલ્પને જ મન કહે છે.

## ક્યારે જાણવું કે મન શુદ્ધ થયું ?

જ્યારે બૂરાઈની ઉત્પતિ ન થાય, ભલાઈ આપોઆપ થવા લાગે અને ભલાઈ કર્યાનું અભિમાન ન થાય ત્યારે મન શુદ્ધ સમજવું.

## મન એકાગ્ર કરવા માટે શું કરવું ?

અભ્યાસ અને વૈરાગ્ય મનની એકાગ્રતાનાં સાધન છે.

## સંકલ્પ કોને કહે છે ?

પૂર્વની વાસના અનુસાર કોઈ પદાર્થ કે વ્યક્તિ થકી સુખ પ્રાપ્તિની જે વૃત્તિ ઉઠે છે, એને સંકલ્પ કહે છે.

## વાસના કોને કહે છે ?

સંકલ્પ પૂર્તિના સુખની જે સ્મૃતિ છે, અથવા સુખભોગનો રસ છે તે જ્યારે ચિત્તમાં અંકિત થઈ જાય છે જેને લીધે ફરીવાર સંકલ્પની ઉત્પત્તિ થાય છે, એને વાસના કહે છે.

## કામના કોને કહે છે ?

જ્યારે પણ કોઈ વસ્તુ કે વ્યક્તિ કોઈ બીજા પાસે દેખાય છે, અને એને મેળવવાની ચાહ ઉત્પન્ન થઈ જાય છે, એને કામના કહે છે.

## ઈચ્છા કોને કહે છે ?

જોયેલી, સાંભળેલી કે ભોગવેલી વસ્તુ વ્યક્તિની ચાહના કરવી એ ઈચ્છા છે.

જેની પૂર્તિ વિના રહી શકાય, જેની પૂર્તિ ભવિષ્ય પર નિર્ભર હોય એને ઈચ્છા કહે છે.

**વાસના, કામના અને ઈચ્છામાં શું અંતર છે ?**

વાસનાનો સંબંધ વીતી ગયેલા સુખથી, કામનાનો સંબંધ વર્તમાન સુખથી અને ઈચ્છાનો સંબંધ આગળ ઉપર મળવાવાળા સુખથી છે.

**જન્મ મરણ કોનું થાય છે ?**

સ્થૂળ શરીરનાં જન્મ-મરણ થાય છે, સુક્ષ્મ શરીરનું આવાગમન થાય છે અને કારણ શરીરનો બાધ થાય છે.

પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી ગોરજી



## શ્રી ગોર આશ્રમ

મુ.પો. ખરેડા, તા. જી. મોરબી, (ગુજરાત) પીન : ૩૬૩ ૬૪૧
e: shreegorji@yahoo.com